'પાણીદાર' નરેન્દ્રભાઇ સાચા અર્થમાં 'પાણીદાતા' | NSE ભારતના આર્થિક વિકાસનો આધારસ્તંભ | દલિત મહિલા ઉષા ચૌમાર મેલું ઉપાડનારના માથે પદ્મશ્રી | ગુજરાતનું ઈકો ટુરિઝમ બન્યું વિકાસનું સાધન | મુંબઈની દમદાર મહિલા ક્રિકેટર્સ



વિશ્વને દઝાડતું ઈરાન–ઈઝરાયેલ યુદ્ધ ભારતને પણ દઝાડશે

શ્રી

# ફીલિંગ્સ

ઝંખના કેવળ સત્યને પામવાની

Global Edition

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

એપ્રિલ ૨૦૨૬ | કિંમત ₹ ૫૦/-




## 'ભારત ભાગ્ય વિધાતા'

## ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ - ૨૦૨૬

## 'મોજીલું મુંબઈ' આવૃત્તિનો શુભારંભ

## 'ભારત બિઝનેસ મીટ' લોન્ચ



# PRIDE HOTELS & RESORTS

## PRIDE HOTELS LIMITED

**TRULY INDIAN.TRADITIONALLY LUXURIOUS.**




## Own. Develop. Manage. Operate.

- 2,723 keys across 34 operational hotels and resorts in 32 cities*
- A confirmed upcoming addition of 32 hotels and 2341 keys across 30 cities in India
- Operate more than 90+ Banquets & 50 F&B outlets (Restaurants, Bars, Coffee shops and Bakeries)**
- 4th largest among domestic chains within family promoted hotel companies*
- 6th Largest hotel chain in India in terms of chain-owned inventory in the upscale, upper midscale and midscale segments
- Presence in major cities, including Delhi, Ahmedabad, Kolkata, Pune, Bengaluru, Chennai, Bhopal, Indore and Nagpur.

*As of June 30, 2025 | **As on date of this Draft Herring Prospectus

PRIDE PLAZA | PRIDE PREMIER | PRIDE ELITE | Biznotel BY PRIDE

**Over 38 years of experience managing a diverse range of hotels and resorts.**

USE Promocode :
**PRIDE26** for exclusive offers

1800 209 1400 pridehotel.com centralreservations@pridehotel.com

PRIDE HOTELS LIMITED is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the DRHP dated September 30, 2025, with SEBI and the Stock Exchanges on September 30, 2025. The DRHP is available on the website of SEBI at www.sebi.gov.in, as well as on the websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, on the website of the Company at www.pridehotel.com and on the websites of the Book Running Lead Managers ("BRLMs"), i.e. Motilal Oswal Investment Advisors Limited and JM Financial Limited at www.motilaloswalgroup.com and www.jmfl.com, respectively. Any potential investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, see 'Risk Factors' on page 41 of the DRHP filed with SEBI and the Stock Exchanges. Potential investors should not rely on the DRHP filed with SEBI and the Stock Exchanges for making any investment decision and should instead rely on their own examination of our Company and the Offer, including the risks involved, for making any investment decision. The Equity Shares offered in the Offer have not been have not been and will not be registered under the United States Securities Act of 1933, as amended (the "U.S. Securities Act"), and may not be offered or sold within the United States except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U.S. state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold outside of the United States in "offshore transactions" in reliance on Regulation S and the applicable laws of the jurisdiction where those offers and sales occur.


NK Proteins
ખાના બનાયે હેલ્ધી
ફેમિલી રહે હેપ્પી
+F FORTIFIED
Refined
TIRUPATI
Cottonseed Oil
REFINED COTTONSEED OIL
TIRUPATI
Edible Oils
HEALTHY WAALI
HAPPINESS
જે પરિવારમાં પૌષ્ટિક ભોજન બને છે તે પરિવાર હંમેશા ખુશ-ખુશાલ રહે છે. મહત્વપૂર્ણ ન્યુટ્રીયંટ્સ અને વિટામિન્સથી
ભરપૂર તિરુપતિ ઓઈલ થી તમે જે પણ બનાવશો તે બનશે હળવું, સ્વાદિષ્ટ અને પોષણથી ભરપૂર.
તો પ્રેમથી બનાવો અને દરરોજ ખુશી પીરસો.
ટોકોફેરોલ, વિટામિન્સ અને ન્યુટ્રીયંટ્સથી ભરપૂર, સારા કોલેસ્ટ્રોલને વધારે.
''હેલ્ધી વાળી હેપીનેસ'' આવે છે હેલ્ધી લાઈફ સ્ટાઈલથી. તિરુપતિ એડીબલ ઓઈલ્સ એક હેલ્ધી લાઈફ સ્ટાઈલની ભલામણ કરે છે, જેમાં ઓઈલનો સંતુલિત ઉપયોગ, પૌષ્ટિક આહાર અને નિયમિત વ્યાયામનો સમાવેશ થાય છે. ક્લિનિકલ પરીક્ષણના આધારે. વ્યક્તિગત પરિણામો અલગ અલગ હોઈ શકે છે.

# અનુક્રમણિકા

'Feelings'-International Gujarati Family Magazine
ઝંખના કેવળ સત્યને પામવાની
ફીલિંગ્સ
વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**૧૦**
NSE મુંબઈમાં ભવ્યતાથી ઉજવાયો
'ભારત ભાગ્ય વિધાતા'
ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ - ૨૦૨૬
'મોજીલું મુંબઈ' આવૃત્તિનો શુભારંભ
'ભારત બિઝનેસ મીટ' લોન્ચ



**૧૮**
નેશનલ સ્ટોક એકસચેન્જ
ઓફ ઈન્ડિયા (NSE)
ભારતના આર્થિક પરિવર્તનનો
શક્તિશાળી સ્તંભ
- ફીલિંગ્સ ટીમ




**૨૪**
મુંબઈની અંધારી આલમ....
'અપુન કા ભી એક ટાઈમ થા'
- મિહીર આર. ઓઝા



**૨૬**
વિશ્વને દઝાડતા ઈરાન-ઈઝરાયલ
અને અમેરિકાના યુદ્ધની જવાળાઓ
હવે ભારતને પણ દઝાડશે...
- દીપક જગતાપ



**૩૨**
વિશ્વ જળ દિવસ ૨૦૨૬ની થીમને
૨૦૦૧થી જ ચરિતાર્થ કરતા
'પાણીદાર' નરેન્દ્રભાઈ -
સાચા અર્થમાં 'પાણીદાતા'!
- ડૉ. મુકેશ જોષી



**૫૦**
દલિત મહિલા ઉષા ચૌમારની
સંઘર્ષથી સફળતા સુધીની યાત્રા...
મેલું ઉપાડનારના માથે
પદ્મશ્રીનો તાજ..!
- સંજય થોરાત 'સ્વજન'



૦૮ પુલનો રખેવાળ - ડૉ. આઈ. કે. વીજળીવાળા

૨૧ મુંબઈનું ગૌરવ ગણાતી દમદાર મહિલા ક્રિકેટર્સ
- ફીલિંગ્સ ટીમ

30 મચ્છર જેવડાં ડ્રોન યુદ્ધની તસ્વીર બદલતી
ચીનની નવી આધુનિક મિનિ ટેકનોલોજીની
અદ્‌ભૂત કમાલ - જ્યોતિ જગતાપ

૩૬ ગુજરાતમાં ઈકો ટુરિઝમ બન્યું રોજગાર, સંરક્ષણ
અને વિકાસનો પર્યાય... - મનિષ વૈદ્ય

૩૮ અનેક અર્થછાયા પ્રગટાવતી 'આરતી'
- ડૉ. ભરત જાદવ 'નિરપેક્ષ'

૪૦ માહિતી કે યાદશક્તિને ડહાપણ સાથે સરખાવવું
એ એક સામાજિક ભ્રમ છે.
- ડૉ. નાનક ભટ્ટ

૪૨ બાળકોને 'ઈન્ટરનેટ' નહીં 'ઈન્ટિમસી' આપો
- મુકેશ પારેખ

૪૩ અમેરિકા સ્થિત એન.આર.આઈ. દાતા ડૉ.
પ્રવીણ પટેલે રૂ. ૨.૭૫ કરોડના ખર્ચે પીપળીમાં
સરકારી શાળાના નવા ભવનનું નિર્માણ કર્યું

૪૪ 'ઘર'ની વાત! - નિલેશ ધોળકિયા

૪૬ કચ્છના દરિયાઈ ઈતિહાસમાં 'વીજળી' પછીની
બીજી કરુણાંતિકા : વીટા અકસ્માત
- નરેશ અંતાણી

૪૮ લેખકને ભેટમાં મળ્યું પુસ્તકાલય એક અનોખી
પ્રેરણાગાથા - ફીલિંગ્સ ટીમ

૫૨ સિનિયર સિટિઝન માટે સાચા અર્થમાં સુખનું ધામ
બનતું 'સુખધામ' - પ્રદીપ પરીખ

૫૪ બોલીવૂડના ખલનાયકો (હાસ્યલેખ)
- બધિર અમદાવાદી

૫૬ રાશી ભવિષ્ય - ગણેશા સ્પીક્સ

૬૦ ફીલિંગ્સ મિર્ચી

Read online : www.feelingsmultimedia.com

II Shree Satya II

# DAMODARDAS
JEWELLERS

DMC Group SINCE 1961



પરંપરાની સુંદરતા, વિશ્વાસની ચમક

અલકાપુરી આર્કેડ, અલકાપુરી, વડોદરા. ફોનઃ ૮૭૫૮૫ ૭૮૭૮૭

એમ.જી.રોડ, માંડવી, વડોદરા. ફોનઃ ૯૦૯૯૦ ૭૦૧૫૧

# વાચકોના પ્રતિભાવ, વાચકોની કલમે...

## પ્રતિભાવ મોકલાવો આ રીતે


**આપના પ્રતિભાવ ફોટા સાથે અહીં મોકલો**

૧૦૨-૦૩-૦૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત.
મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**ઈ-મેલ દ્વારા**

info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

**વેબસાઈટ / ઈ-મેગેઝિન દ્વારા**

www.feelingsmultimedia.com

**FOLLOW US ON:**

**@feelingsmultimedia**


Feelings Magazine on 'Mojilu Mumbai Amchi Mumbai' is indeed educative, informative and quite interesting issue ever read, seen or heard in the past. My congratulations not only to you but also to your team of Editors and other staff.

**– Mahendra Turakhia ( Mumbai)**

Watched the entire video. Thank you for sharing it. Heartiest congratulations on the wonderful success of the PRIDE OF INDIA Awards ceremony. May God grant you a long life, enabling you to continue doing good deeds. You are one of the Vidhatas of Bharat Bhagya. Jai Shree Krishna, Jai Jinendra

**- Suresh Patel**
**(Neonz Resort & Club)**

I read 'Feelings Magazine' for the first time and was truly impressed by the wide range of topics covered in this 100-page edition. Articles on history, art, culture and key locations were particularly interesting. The personal narratives by the authors, describing how this city differs from others, closely resonated with our own experiences and touched the heart.

Special thanks to all the authors and the editorial team for presenting such diverse and meaningful content in our mother tongue.

**- Jignesh Shah**




ગુજરાત અને મહારાષ્ટ્ર - એક બીજાને અડીને ઊભેલા બે રાજયો - વર્ષ ૧૯૬૧માં ભાષા આધારિત વિભાજન બાદ પોત-પોતાના વિકાસપથ પર અગ્રેસર બન્યાં. બન્ને રાજયોએ સાધેલી પ્રગતિ અને અનેક ક્ષેત્રોમાં એકબીજા સાથે ઓતપ્રોત રહી કરેલા કાર્યો વિશે વાંચીને આનંદ થયો. આવી રસપ્રદ માહિતી પ્રદાન કરવા બદલ ફીલિંગ્સ મેગેઝિનની ટીમને અભિનંદન

**- માલતી વાણી,**
**અનમોલ જાદવ (મુંબઈ)**

મુંબઈની 'ધારાવી' વિશેની અવનવી માહિતી સરળ અને સચોટ રીતે રજૂ કરવા બદલ ડો. ભરત જાદવનો આભાર માનવો ઘટે. ઉજળા મુંબઈની આ કડવી હકીકત વિશે અમને આજે સાચી સમજ મળી. થેન્કસ.

**- એકનાથ તાંબેકર, રાજીવ કદમ,**
**નિરાલી ભોંસલે (મુંબઈ)**

આ અંકમાં યજ્ઞેશ આચાર્યની કલમે લખાયેલ 'બહુભાષી પ્રજાની પચરંગી નગરી મુંબઈ' લેખ અત્યંત પ્રભાવશાળી લાગ્યો. સુંદર પ્રિન્ટિંગ, આકર્ષક ફોટોગ્રાફ્સ અને જ્ઞાનવર્ધક લેખોથી ભરપૂર આ અંક વાંચીને તૃપ્તિ અનુભવાય છે.

**- પરેશ રાઉલજી, જયવીર ઠાકોર (ભુજ, કચ્છ)**

ફીલિંગ્સનો મુંબઈ વિષયક આ અંક ખૂબ જ અસરકારક લાગ્યો. મુંબઈ માત્ર ફરવા કે કમાણી કરવા માટેનું શહેર નથી, પરંતુ ભણતર અને કારકિર્દી ઘડતર માટે પણ પાયારૂપ છે-આ વાત સ્પષ્ટ રીતે રજૂ થઈ છે. ભણતર અને કોર્પોરેટ ક્ષેત્ર સંબંધિત આવા માહિતીસભર લેખો આપતા રહેજો. અમારા 'બ્રાઈટ સ્ટાર ગ્રૂપ'ને તેમાં વિશેષ રસ પડે છે.

**- વેદાંશી, ઈશા, રેશ્મા ઠાકોર (અમદાવાદ)**

'મોજીલું મુંબઈ'નો આ અંક ખરેખર મોજ કરાવતો છે. મહાનુભાવોની નજરે મુંબઈને નીરખવાવાળો લેખ વાંચીને મુંબઈને જોવાની મારી દ્રષ્ટિ બદલાઈ ગઈ. આવી હૃદયસ્પર્શી વાતોને કારણે મુંબઈને 'આમચી મુંબઈ' કહેવામાં અતિશયોક્તિ લાગતી નથી. ફીલિંગ્સને દિલથી આભાર માનીએ છીએ.

**- સ્વપ્ન ગુપ્તા, વૈશાલી ગુપ્તા**
**ઓમકારનાથ ગુપ્તા (સુરત)**

તાજેતરના ફેબ્રુઆરી ૨૦૨૬ના અંકમાં સપનાઓના વાવેતર કરતી ફિલ્મ નગરી તથા કલાકારોને રાતોરાત સુપરસ્ટાર બનાવતી ફિલ્મો વિશેના બન્ને લેખો ખૂબ જ ગમ્યા. આ અંક કાયમી સાચવીને રાખવા જેવો બન્યો છે.

**- નાઝનીન કડીવાલા,**
**શગુફ્તા મેમણ (અંકલેશ્વર)**

મુંબઈના ઈતિહાસથી લઈને આજના મોડર્ન મુંબઈની સફર આ અંકમાં ખૂબ જ સુંદર રીતે રજૂ થઈ છે. ખાસ કરીને ફોટોગ્રાફ્સ અને તથ્યોનું સંકલન અભિનંદનીય છે.

**- હિતેષ દેસાઈ, માનસી પટેલ (વડોદરા)**

મુંબઈ વિશેના વિવિધ લેખો વાંચવાની મજા આવી. ડબ્બા વાળા વિશે, મુંબઈ મેટ્રો વિશે, આપણા ગુજરાતીઓ સરિતા જોશી, અપરા મહેતા, દિશા વાકાણી, ટીકુ તલસાણીયા વિશેનું વાંચન ગમ્યું. વડાપાઉ, ફેશન સ્ટ્રીટ અને મુંબઈનો હલવો ત્યાં ફરી આવવા લલચાવી ગયા. પ્રજ્ઞાચક્ષુઓ માટે કામ કરનાર ડોક્ટર જશવંતભાઈનો આર્ટીકલ વંદનીય રહ્યો. કાનન ખાંટ વિશે ઘણું જાણવા મળ્યું અને આર્ટીકલ મને ગમ્યો. દીપા દેસાઈની કવિતા મિર્ચીમાં વાંચીને મજા આવી ગઈ. એકંદરે મુંબઈને ઉજાગર કરતો આ અંક બહુ ગમ્યો.

**- ખ્યાતિ જીગર દેસાઈ**
**વક્તા, લેખક, કવિયત્રી, અમદાવાદ.**

**સમગ્ર વિશ્વ આજે યુદ્ધ, આતંકવાદ અને કુદરતી આફતોથી ઘવાયેલું છે. જળ-વાયુ પરિવર્તનના કારણે માનવજાતિ તન, મન, ધનથી નિર્બળ બની રહી છે. મનુષ્ય અજંપો, બેચેની, હતાશા જેવી માનસિક સમસ્યાઓનો શિકાર બનતો જાય છે. સમાજમાં આત્મહત્યાના કિસ્સા વધી રહ્યાં છે. 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આવી પરિસ્થિતિમાં મુકાયેલા આબાલ-વૃધ્ધ દરેક વ્યક્તિઓની સહાયતા માટે 24x7 સદૈવ તત્પર છે. જો આપ આવી કોઈપણ સમસ્યાથી ઘેરાયેલા હોય તો નીચે દર્શાવેલ નંબર પર વોટ્સઅપ મેસેજ/ઇ-મેલ કરશો. ફીલિંગ્સ આપના માટે હર સંભવ તમામ પ્રયાસો કરશે. આપની ઓળખ અને સમસ્યા સંપૂર્ણપણે ગોપનીય રહેશે.**

**Whatsapp No**
**+91-98253 28488**

Feelings Foundation

**Email**
**feelingsfoundation2010@gmail.com**


SWASTHYA SETU®
IMMUNITY ASSURANCE
PARABEN FREE
CRUELTY FREE
SILICON FREE
SULPHATE FREE
सबकी जुबा पे
एक ही नारा,
स्वास्थय सेतु
सबको प्यारा
NOVEL
SWASTHYA SETU
BODY LOTION
HAIR Serum
FAIRNESS CREAM
Coffee
POMEGRANATE
Blue Berry
ORASENS
SWASTHYA SETU IS THE NEW NORMAL
Amines® Biotech Pvt. Ltd.
Mfd. by:
Amines Biotech Pvt. Ltd.
(Under Technical Guidance & Brand "SWASTHYA SETU")
Works: 28-A, Gandhi Oil Mill Compound,
Near BIDC, Gorwa, Vadodara - 390 016
Ph. : +91 265 2280588 | +91 972 371 4441
Mob. : +91 972 354 4465
Email : info@swasthyasetu.co.in | sales@swasthyasetu.co.in
Website : www.swasthyasetu.co.in
Customer Care No.:
+91 97237 07339
Follow us:
Available at:
JPOINT®

'Feelings'-International Gujarati Family Magazine

ઝંખના કેવળ સત્યને પામવાની

# ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**તંત્રી-માલિક-પ્રકાશક : અતુલ શાહ**

| | |
|---|---|
| ડાયરેક્ટર | : સંગીતા શાહ, ખ્યાતિ શાહ |
| એક્ઝિ. ડાયરેક્ટર | : દીપ્તિ દેઢિયા |
| ફાઈનાન્સિયલ કન્સલ્ટન્ટ | : દેવાંશી શાહ |
| માર્કેટિંગ કન્સલ્ટન્ટ | : અરવિંદ પુરોહિત |
| એડવાઈઝર | : મહેન્દ્ર શાહ |
| સરક્યુલેશન | : નિલેશ બારીયા |
| ફોટોગ્રાફર | : ચેતન મિસ્ત્રી |

**ઈન્ટરનેશનલ ઓફિસ**

FEELINGS MULTIMEDIA LTD

USA

Atlanta Georgia

**Khyati Shah (Director)** Ph.: +001 404 952 5304

**Email -** khyatishah88@gmail.com

**New Jersey :** Sanjeev Pandya

Dr. Arun Mehta - Promotional Exe. PH.: 732-261-8392

**California (West Coast) :** Vijay Shah Journalist

**Chicago :** 2609 W. Devon Avenue, Chicago IL 60659

U.K. : Mkt. Head - Ashish Popat - M.: +44(O)7753386909

KENYA OFFICE :

P. O. BOX 1980-00232 - Ruiru (Nairobi) - KENYA-E.AFRICA

**રિજિયોનલ ઓફિસ**

**મુંબઈ**

૫૯, બીજો માળ, રત્નજ્યોત ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ઇરલા લેન, અંબા માતા ચોક, વિલે-પારલે (પૂર્વ) મુંબઇ ૪૦૦૦૫૬. મો. ૯૮૨૫૩ ૨૮૪૮૮

**અમદાવાદ**

બ્યુરો ચીફ : જિજ્ઞા પુજારા - મો. ૯૦૯૯૦ ૧૦૩૦૯

સુરેશ ઠક્કર - મો. ૯૮૨૫૦ ૦૮૫૭૭,

જર્નાલિસ્ટ : અપુર્વ ઠક્કર - મો. ૭૪૩૫૦ ૧૭૮૫૦

**ગાંધીનગર** - કેતન નાણાવટી - મો. ૯૬૨૪૦ ૧૦૫૫૫

**સુરત** - મો. ૦૯૮૨૪૩ ૧૩૧૩૨

**રાજકોટ** (સૌરાષ્ટ્ર) :

માર્કેટિંગ એડવાઈઝર : નીતિન વસાણી - મો. ૯૮૨૫૨ ૫૮૪૫૧

પ્રદીપસિંહ જાડેજા - મો. ૯૪૨૬૨ ૬૩૪૪૬

**આણંદ :** બી.આર. રાઠોડ - મો. ૭૬૦૦૭ ૬૮૧૨૦

મેગેઝિન વર્લ્ડ - ફો. ૦૨૬૯૨-૨૪૪૫૮૨

**વાર્ષિક લવાજમ**

ભારતમાં : રૂા. ૧૧૦૦/-

વિદેશમાં : **100 US Dollars**

**આજીવન સભ્યપદ**

ભારતમાં : રૂા. ૫૧,૦૦૦/- વિદેશમાં : **7000 US Dollars**

ચેક/ડ્રાફ્ટ **Feelings Multimedia Ltd.**ના નામે મોકલવો

**માર્ચ – એપ્રિલ – ૨૦૨૬**

**વર્ષ-૨૮ સળંગ અંક : ૫૭૦**

**મુખ્ય કાર્યાલય**

FEELINGS MULTIMEDIA LIMITED

૧૦૨-૩-૪, પેસિફિક પ્લાઝા, વી.આઈ.પી. રોડ, કારેલીબાગ, વડોદરા-૧૮. (ગુજરાત) ભારત. (મો.) ૦૯૮૨૫૩ ૨૮૪૮૮

E-mail : info@feelingsmultimedia.com
atulshah496@gmail.com

Web : www.feelingsmultimedia.com

**Feelings Foundation**

80-G(5)No BRD/CIT-III/104/80-G/119-F/2011-12/486

Member

INS THE INDIAN NEWSPAPER SOCIETY




## તંત્રીસ્થાનેથી



# શસ્ત્રોનો સહારો લઈ સૌ શાંતિ શોધે છે

અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેનું યુદ્ધ હવે દેશ અને દુનિયા પર પોતાની વિપરીત અસરો દેખાડવા લાગ્યું છે. ઈરાન દ્વારા કરવામાં આવેલી દરિયાઈ માર્ગોની નાકાબંધી વિશ્વને ગુંગળાવી રહી છે. આવી પરિસ્થિતિમાં ભારતીય સંસ્કૃતિની 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવના વિશ્વશાંતિનો સંદેશ બની માનવજાતિને બચાવી શકે તેમ છે.

ફીલિંગ્સ માર્ચ ૨૦૨૬ના અંકમાં લાવ્યું છે વિશ્વને દઝાડતા ઈરાન-ઈઝરાયલ-અમેરિકાના યુદ્ધની અવનવી વાતો દીપક જગતાપની કલમે... મુંબઈમાં NSE એટ્રિયમમાં ભવ્યતાથી યોજાયેલ ૧૮મા 'ભારત ભાગ્ય વિધાતા' 'ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ સમારોહ અંતર્ગત ફીલિંગ્સની મુંબઈ આવૃત્તિનું વિમોચન તેમજ ભારત બિઝનેસ મીટનું લોન્ચિંગ આ અંકનું જમા પાસું છે. બીજી તરફ પાણીદાર નરેન્દ્રભાઈ મોદીના જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અભૂતપૂર્વ યોગદાનની નોંધ પણ અહીં લેવામાં આવી છે.

અનેક ક્ષેત્રોમાં આગળ વધી રહેલું ગુજરાત હવે ઈકો ટુરિઝમમાં પણ રોજગાર, સંરક્ષણ અને વિકાસ માટે એક મહત્વપૂર્ણ ઊર્જાસ્ત્રોત બની રહ્યું છે. તેનો આનંદ માણ્યા બાદ મુંબઈની અંધારી આલમમાં ઝાંખી કરવાનું પણ રસપ્રદ છે. સાથે સાથે, મુંબઈની દમદાર મહિલા ક્રિકેટર્સ પણ આ અંકની વિશેષ શોભા છે.

યુદ્ધની તસવીર બદલતી ચીનની મચ્છર જેવડા ડ્રોનની ટેકનોલોજીને પણ નજર અંદાજ કરાય તેમ નથી.

કચ્છના દરિયાઈ ઈતિહાસમાં 'વીજળી' પછીની બીજી કરૂણ ઘટના 'વીટા'ની વાતો તેમજ દલિત મહિલા ઉષા ચોમારની સંઘર્ષ પછીની સફળતા સાચે જ હૃદયદ્રાવક છે.

આજના સમયમાં વડીલો અને નિરાધાર વૃદ્ધો માટે 'સુખનું ધામ' બનેલ વૃદ્ધાશ્રમની વાતો સમાજની વરવી વાસ્તવિકતાનો અરીસો બને છે.

બાળકોમાં વધતો જતો ઈન્ટરનેટનો ક્રેઝ ઈન્ટિમસીથી જ અટકાવી શકાય તેમ છે.

અંતમાં, શસ્ત્રોનો સહારો લઈને શાંતિ શોધવા નીકળેલી કહેવાતી મહાસત્તાઓને પરમ કૃપાળુ પરમેશ્વર સન્મતિ પ્રદાન કરે તેવી પ્રાર્થના – જેથી તોપના નાળચામાં માળો બાંધીને બેઠેલા શાંતિરૂપ કબૂતરના 'વિશ્વશાંતિ' રૂપ બચ્ચાં આવતીકાલનો સૂર્યોદય જોઈ શકે.

અસ્તુ.....

અતુલ શાહ

એડિટર






AsōPalav®

Celebrating 50 Years

50 Years • 5 Eras • One Legacy

An ode to the Women who chose
Us through the Years

AHMEDABAD | SURAT | VADODARA

asopalav.com | follow us on

ido-graph



ડૉ. આઈ.કે. વીજળીવાળા

# પુલનો રખેવાળ

પરદેશમાં એક મોટી નદી પર એક પુલ હતો. એના પર ટ્રેનના પાટા પાથરેલા હતા. એના પરથી પેસેન્જર ટ્રેનો તેમજ માલગાડીઓની અવરજવર ચાલુ રહેતી. એ પુલની રચના એવી રીતે કરવામાં આવી હતી કે જ્યારે ટ્રેન પસાર થવાનો સમય થાય એટલે પુલ નદી પર ગોઠવાઈ જાય. બાકીના સમયે એ આડો થઈ અને કાંઠાને સમાંતર બની જાય જેથી કરીને નદીમાં ચાલતી હોડીઓ અને નાનાં વહાણો આસાનીથી ફરી શકે.

આપણે ત્યાં રેલવેના ફાટકવાળા ભાઈને રાખવામાં આવે છે તેવી જ રીતે આ પુલની દેખરેખ તેમજ વ્યવસ્થા માટે એક સ્વિચમૅનની નિમણૂક કરવામાં આવી હતી. એ માણસ પુલના એક કાંઠા પર આવેલી પોતાની નાનકડી સરસ કેબિનમાં બેસીને ટ્રેનનાં આવવા-જવાના સમયે પુલને ફેરવતો અને એની નિશ્ચિત જગ્યાએ લોક કરતો. ટ્રેન પસાર થઈ જાય પછી ફરીથી એ પુલને ફેરવીને નદીને સમાંતર ગોઠવી દેતો.

એક સાંજની વાત છે. સ્વિચમૅન પોતાની કેબિનમાં બેસીને છેલ્લી ટ્રેનના આવવાની રાહ જોતો હતો. એ ટ્રેન પસાર થઈ જાય તે પછી એની નોકરીનો સમય પૂરો થતો હતો. દૂરથી ટ્રેનની લાઈટ એણે જોઈ. બધાં મશીનો શરૂ કરી પુલને ફેરવવાની સ્વિચ પર હાથ રાખીને એ ઊભો રહ્યો. નિયત અંતરની અંદર ટ્રેન આવે પછી જ પુલ ફેરવવાનો નિયમ હતો જેથી નદીમાંથી પસાર થતું કોઈ છેલ્લું વહાણ પણ પુલ સાથે અથડાઈ ન પડે. નક્કી કરેલા અંતરની અંદર ટ્રેન આવી એટલે એણે પુલ ફેરવવાની સ્વિચ પાડી. પુલ ફરીને નદી પર આવી ગયો, ગોઠવાયો, પણ લૉક ન થઈ શક્યો! સ્વિચમૅનના ધબકારા વધી ગયા. કારણ કે જો પુલનો સામેનો છેડો બરાબર લૉક ન થાય - ફિટ ન થાય તો ટ્રેન અર્ધા પુલ પર પહોંચે ત્યાં જ એ હલવા માંડે અને આખી જ ટ્રેન વિશાળ અને ઊંડી નદીમાં ખાબકે અને એમાંય સાંજની છેલ્લી ટ્રેનમાં તો એકાદ હજાર મુસાફરો હોવાની શક્યતા પણ હતી, કારણ કે આ છેલ્લી ટ્રેન પેસેન્જર ટ્રેન હતી. આટલા બધા મુસાફરો જો એકસાથે મૃત્યુ પામે તો હાહાકાર મચી જાય. આ વાતની કલ્પના માત્રથી જ એ માણસના રૂંવાડાં બેઠાં થઈ ગયાં. એને ધ્રુજારી છૂટી ગઈ. આવો ભયંકર અકસ્માત અટકાવવા માટે હવે એક જ ઉપાય બાકી રહેતો હતો. પુલના સામા કાંઠે આ પુલને હાથથી લૉક કરી શકાય તેવું એક લીવર મૂકેલું હતું. હાથથી જો એ લીવરને ફેરવીને લૉક કરાય તો પુલ ફિટ થઈ જાય એવી વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવેલી. કેબિનનું બારણું ખુલ્લું મૂકીને એ માણસે દોટ મૂકી. પુલના સામા કાંઠે જઈને એણે લીવર ફેરવ્યું. પુલ બરાબર લૉક થઈ ગયો. એની પરના ટ્રેનના પાટા જમીન સાથે બરાબર ભિડાઈ ગયા. હવે જ્યારે ટ્રેન પસાર થઈ રહી હોય ત્યારે આ લીવરને હાથ વડે જોરથી દબાવી રાખવું પડે તેમ હતું. જો એવું ન કરવામાં આવે તો એ ગમે ત્યારે છટકી જાય અને ટ્રેન ફેંકાઈ જાય. સ્વિચમૅને પોતાના આખા શરીરનું વજન એ લીવરના હાથા પર નાખી દીધું. એક હજાર માણસની જિંદગી આજે રાત્રે આ એક માણસની તાકાત પર અવલંબિત હતી. ટ્રેન હવે ખૂબ જ નજીક આવી ગઈ હોય તેવું એના અવાજ પરથી લાગતું હતું.

એ જ વખતે ઠંડી રાત્રિના સન્નાટામાં પુલ પરથી એક નાના બાળકનો અવાજ આવ્યો, પપ્પા! ઓ પપ્પા! તમે ક્યાં છો? તમે દોડતા દોડતા ક્યાં જતા રહ્યા હતા? મારે તમારી પાસે આવવું છે. મને ત્યાં એકલા એકલા બીક લાગે છે!

અવાજ સાંભળતાં જ માણસનું લોહી થીજી ગયું. એનું આખું શરીર જાણે કે સૂન થઈ ગયું. એનો ચાર વરસનો દીકરો જેને એ માણસ કેબિનમાં બેસાડીને આવેલો એ એને શોધતો શોધતો પુલ પર આવી પહોંચ્યો હતો. શનિવારની રાત્રે સ્વિચમૅન કાયમ એના આ ચાર વરસના બાળકને છેલ્લી પસાર થતી ટ્રેન દેખાડવા પોતાની જોડે લાવતો. આજે પણ એ એને લાવેલો, પણ લૉકિંગ મિકેનિઝમ બગડતાં એ ઝડપથી ભાગેલો અને કેબિનનું બારણું બહારથી બંધ કરવાનું ભૂલી ગયેલો. નાનકડો બાળક સ્વાભાવિક રીતે જ પોતાના પિતાને શોધતો શોધતો અર્ધા પુલ સુધી આવી પહોંચ્યો હતો. હવે શું કરવું એની પેલા સ્વિચમૅનને સમજ નહોતી પડતી. બાળકને જો દોડવાનું રહે તોપણ એનો કંઈ અર્થ નહોતો, કારણ કે ટ્રેન એટલી નજીક આવી ગઈ હતી કે ચાર વરસનો એ બાળક પુલ પર બિછાયેલા પાટા પરથી દોડીને પુલ પસાર કરી શકે એ અશક્ય જ હતું. સ્વિચમૅન પોતે જો આ લીવર છોડી પોતાના દીકરાને સલામત જગ્યાએ ગોઠવવા દોડે તોપણ એ હવે પાછો આ લીવર સુધી આવી શકે તેવી કોઈ શક્યતા જ નહોતી. પુલ પરથી આવી રહેલું સરસ મજાની સફેદ ટોપી અને લાલ શર્ટ પહેરેલું એનું બાળક અથવા તો ટ્રેન પરના એકાદ હજાર માણસ! એણે બેમાંથી એકની પસંદગી ફક્ત એક જ ક્ષણમાં કરવાની હતી. સ્વિચમૅને એક ઊંડો શ્વાસ લીધો, પછી હતું તેટલું જોર લગાવી એ લૉકિંગ લીવર પર ઊંધો થઈ ગયો. આંસુથી છલકાતી પોતાની આંખોનાં પોપચાંઓને સજ્જડ રીતે બંધ કરી લીધાં. બસ એ જ ક્ષણે એક હજાર માણસોથી ભરેલી પેસેન્જર ટ્રેન પુલ પરથી ધસમસતી પસાર થઈ ગઈ. બિલકુલ સહીસલામત રીતે. એ ટ્રેન પરનાં એક પણ મુસાફરને એ ખ્યાલ સુધ્ધાં નહોતો આવ્યો કે એમને બચાવીને સફેદ ટોપી અને લાલ શર્ટવાળો એક ચાર વરસનો જીવ અસંખ્ય નાના ટુકડાઓ બનીને નદીમાં વહી ગયો છે. કોઈ એ પણ નહોતું જાણતું કે ટ્રેન પસાર થઈ ગઈ હતી છતાં પેલો સ્વિચમૅન ઘણી બધી વાર સુધી શું કામ લૉકિંગ લીવરને વળગીને પડયો રહ્યો છે? એ મુસાફરોમાંથી કોઈએ કદાચ કલ્પના પણ નહીં કરી હોય કે પુલના પાટા પરથી જડેલી સફેદ ટોપી પેતાના હાથમાં લઈને ધીમા અને ભારે પગલે પોતાના ઘરે જતાં એ માણસે પોતાની પત્નીને આ વાત કઈ રીતે કરી હશે? પણ એક વાત ચોક્કસ હતી કે એની અદ્ભૂત ફરજપરસ્તીના કારણે એક હજાર કુટુંબો આનંદ અને હાસ્ય સાથે એ રાત્રે સૂઈ શક્યાં હતાં. સ્વિચમૅન અને એની પત્નીએ ધ્રુસકા ભરતાં અને આંસુ સારતાં સફેદ ટોપી પર વહાલથી હાથ ફેરવતાં જ એ આખી રાત પસાર કરી હતી.

શું ઈશ્વર આ બાપનું જ સ્વરૂપ નથી? કેટકેટલા અવતારો અને પયગંબરોનું બલિદાન આપીને એણે આપણે સુખરૂપ પસાર થઈ શકીએ એ માટે સ્વર્ગ તરફના પુલનું લીવર પકડી જ રાખ્યું છે ને? જિંદગીની ગાડીમાં સડસડાટ પસાર થઈ જતાં આપણે ક્યારેય દિલથી આ યાદ પણ કરીએ છીએ ખરા? એ બાપની વેદના સમજવાની ક્યારેય કોશિશ પણ કરીએ છીએ ખરા? ફી




# Choose Your Own Style

Designer Suits • Sherwanis • Indo Western • Waist Coat
Kurta Payjama • Shirts & Trousers • T-Shirts & Jeans

## R.K
**Garments. Cloth. Tailor**

**Only at Satellite**

**Address:** 8, Ground Floor, Shital Varsha, Shivranjani Crossroads, Satellite, Ahmedabad. (Guj) India. **Ph: 079 – 26750153 / 54**

For Corporate, Festival & Special Occasion Gifting Inquiry, Please **Call: +91 90999 85031**

E-mail: rk@rkgarments.com | Website: www.rkgarments.com






# NSE મુંબઈમાં ભવ્યતાથી ઉજવાયો 'ભારત ભાગ્ય વિધાતા' 'ફીલિંગ્સ પ્રાઈડ ઑફ ઈન્ડિયા એવૉર્ડ સમારોહ'... 'મોજીલું મુંબઈ' આવૃત્તિનું થયેલ વિમોચન એવમ્ 'ભારત બિઝનેસ મીટ'ને લૉન્ચ કરાઈ

જે સમાજમાં આપણે શ્વાસ લઈએ છીએ અને જ્યાંથી આપણને પ્રેમ, હૂંફ અને વાત્સલ્ય મળ્યું છે, તે સમાજને કંઈક પરત આપવું જોઈએ-આવી ઉચ્ચ ભાવનાથી પ્રેરાઈને 'ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડ' પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવતા નિઃસ્વાર્થપણે સમાજસેવામાં જોડાયેલ છે. છેલ્લા ૧૮ વર્ષથી 'ફીલિંગ્સ' દેશ-વિદેશના એવા મહાનુભાવોને એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરી તેઓને પ્રોત્સાહિત પણ કરે છે, જેમણે દેશનું ગૌરવ અને ગરિમા વધારવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડ દ્વારા તા. ૭ માર્ચ, ૨૦૨૬ના રોજ નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE) 'એટ્રિયમ', બાન્દ્રા-કુર્લા કોમ્પ્લેક્સ, મુંબઈ ખાતે ૧૮મો 'ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ' સમારોહ ભવ્યતા અને દિવ્યતા સાથે યોજાયો હતો. આ પ્રસંગે 'મોજીલું મુંબઈ' નામે ફીલિંગ્સ મેગેઝિનની નવી આવૃત્તિનો શુભારંભ તથા 'ભારત બિઝનેસ મીટ' પણ વિધિવત્ લોન્ચ કરવામાં આવી, જે ભારતને વૈશ્વિક વ્યાપારના કેન્દ્ર તરીકે સ્થાપિત કરી વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાને દઢ કરવાનો સંકલ્પ વ્યક્ત કરે છે.

સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી સહિત મહારાષ્ટ્ર સરકારના ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી શ્રી આશિષ શેલાર, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. વલ્લભ કથિરીયા, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE)ના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણ, ગુજરાત અને ઝારખંડ હાઈકોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ શ્રી પી.પી. ભટ્ટ, જન્મભૂમિ-પ્રવાસીના તંત્રી પદ્મ ભૂષણશ્રી કુંદન વ્યાસ, નવી મુંબઈ મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ શ્રી કીર્તિકુમાર રાણા તથા લોકપ્રિય ફિલ્મ અભિનેતા પદ્મશ્રી મનોજ જોશીની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી.

પોતાના હૃદયની ભાવના વ્યક્ત કરતાં વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીએ જણાવ્યું કે, 'જીવનનું બીજ જ ફીલિંગ્સ છે.' ફીલિંગ્સ મેગેઝિન ખૂબ જ માહિતીસભર અને જ્ઞાનપ્રદ છે. ફીલિંગ્સના સીએમડી-એડિટર શ્રી અતુલભાઈ શાહની સફળતાનું રહસ્ય એ છે કે, તેઓ દરરોજ બ્રહ્મમુહૂર્તે (સવારે ૪ વાગ્યે) ઉઠીને કાર્યની શરૂઆત કરે છે અને સમગ્ર ટીમને ઉત્તમ માર્ગદર્શન આપે છે. તેમણે ફીલિંગ્સની મુંબઈ આવૃત્તિ 'મોજીલું મુંબઈ'ની સફળતા માટે શુભઆશિષ પ્રદાન કર્યા હતા.



કાર્યક્રમનો પ્રારંભ કર્ણિક શાહ દ્વારા 'નવકાર મંત્ર'ના પાવન ઉદ્‌ઘોષથી થયો હતો. ત્યારબાદ 'વંદે માતરમ્'ના સમૂહગાન દ્વારા રાષ્ટ્રભક્તિની ભાવના વ્યક્ત કરવામાં આવી હતી.

સમારંભના મુખ્ય અતિથિ પદે આરૂઢ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીએ પોતાના આશીર્વચન વહાવતાં જણાવ્યું હતું કે, 'ફીલિંગ્સના ત્રણ મજબૂત આધારસ્તંભ છે- ક્વોલિટી, ક્રિએટિવિટી અને કન્ટેન્ટ.' જીવનમાં હંમેશાં સકારાત્મક રહેવાની પ્રેરણા આપતાં પૂજ્યશ્રીએ કહ્યું કે, 'આપણો કોઈપણ વિચાર નાનો નથી હોતો. ભગવાન ઉદ્યમી, સાહસિક, ધૈર્યવાન, શક્તિશાળી, બુદ્ધિશાળી અને પરાક્રમી વ્યક્તિને સદા સહાય કરે છે.'

જો આપણી ભાવના શુદ્ધ હશે તો આપણા વિચારો, આપણી વાણી અને આપણું આચરણ પણ શુભ બની રહેશે. પ્રખ્યાત વૈજ્ઞાનિક થોમસ આલ્વા એડિસનના બાળપણના પ્રસંગનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે, એડિસનને સ્કૂલમાંથી એક પત્ર આપવામાં આવ્યો હતો જેમાં લખેલું હતું કે આ બાળક ભણવામાં નબળું છે. પરંતુ તેની માતાએ આ વાતને સકારાત્મક રીતે સમજાવી કે 'બેટા, તું એટલો જિનિયસ છે કે તારી સ્કૂલ તને ભણાવી શકે તેમ નથી.' આ સકારાત્મક પ્રેરણાનું પરિણામ આજે આપણી સમક્ષ સ્પષ્ટ છે. વિશ્વમાં સૌથી વધુ શોધખોળ જેમના નામે નોંધાઈ છે એવા થોમસ આલ્વા એડિસન આપણાં માટે આદર્શ બન્યા છે.

'ફીલિંગ્સ'ના સીએમડી- એડિટર શ્રી અતુલ શાહે પોતાના આવકાર ઉદ્બોધનમાં ઉપસ્થિત સૌનું હાર્દિક સ્વાગત કરતાં જણાવ્યું હતું કે, ''આજનો દિવસ અમારા માટે અત્યંત આનંદ અને ગૌરવનો પ્રસંગ છે, કારણ કે આજે આપણે એક નહીં પરંતુ ત્રણ પ્રસંગોના સાક્ષી બની રહ્યાં છીએ.'

૧. 'ભારત ભાગ્ય વિધાતા' ૧૮મો 'ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા' એવોર્ડ સમારોહ
૨. ફીલિંગ્સ મેગેઝિનની મુંબઈ આવૃત્તિનો ભવ્ય પ્રારંભ
૩. ભારત બિઝનેસ મીટ

'ઝંખના કેવળ સત્યને પામવાની' આ ધ્રુવમંત્રને વરેલું ફીલિંગ્સ મેગેઝિન આજે વિશ્વના ૫૫થી વધુ દેશોમાં ૪૦ લાખથી પણ વધારે વાચકો ધરાવતું પારિવારિક ગુજરાતી મેગેઝિન બની ગયું છે. આ સફળતાનો સંપૂર્ણ શ્રેય હું આપ સૌ સુજ્ઞ અને પ્રેમાળ વાચકોને અર્પણ કરું છું.

આ એવોર્ડ સમારંભ મહત્વનો એટલા માટે છે કે, અહીં જે વ્યક્તિ વિશેષ પ્રતિભાઓને આપણે સન્માનિત કરીશું તેમણે 'ભારત ભાગ્ય વિધાતા' તરીકે વિવિધ ક્ષેત્રોમાં પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું છે તે પ્રશંસાને પાત્ર છે. પોતાનું સામાજિક ઉત્તરદાયિત્વ અદા કરવાના એક નાનકડા પ્રયાસ તરીકે આયોજિત આ એવોર્ડ સમારોહ સાચા અર્થમાં ગુજરાતનું ગૌરવ બની ભારતને 'વિશ્વગુરુ' બનાવશે.

આજના આ અવસરે યોજાતી 'ભારત બિઝનેસ મીટ' 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાને વધુ પ્રબળ બનાવશે. આ મીટ દ્વારા ભારતીય ઉત્પાદનોને વૈશ્વિક બજારમાં વિસ્તરણ મળશે અને વિદેશી ઉત્પાદનો પણ ભારતીય બજારમાં સરળતાથી ઉપલબ્ધ બનશે, જેનાથી વૈશ્વિક સંબંધો વધુ મજબૂત બનતાં સમગ્ર વિશ્વ એક કુટુંબ બને તે માટે અમારો આ પ્રયત્ન છે.

છેલ્લા ૧૭ વર્ષથી ફીલિંગ્સ મેગેઝિન દેશ-વિદેશની સફળ ગુજરાતી હસ્તીઓને સન્માનિત કરતું આવ્યું છે. વિવિધ દેશોમાં વસતા ગુજરાતી મહાનુભાવોના પ્રેરણાદાયક ઈન્ટરવ્યૂ લઈને 'કોફી ટેબલ બુક' સ્વરૂપે વિશ્વભરના વાચકો સુધી પહોંચાડવામાં આવ્યા છે. ઉપરાંત, સનાતન ભારતીય સંસ્કૃતિના સંવર્ધન માટે વર્ષ ૨૦૨૫માં અમેરિકામાં વસતા ભારતીય સમુદાય માટે 'ફીલિંગ્સ પોસ્ટ' નામે ડિજિટલ ન્યૂઝપેપરનું પણ લોન્ચિંગ કરવામાં આવ્યું છે. ડિજિટલ ટેકનોલોજીના સમયમાં ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડની ગ્લોબલ ચેનલને આજે હજારો લોકો ફોલો કરે છે અને ઈ-મેગેઝિનનો વ્યાપક લાભ લઈ રહ્યા છે.

હંમેશાં સકારાત્મક પત્રકારત્વને સમર્પિત ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડ, ફીલિંગ્સ ફાઉન્ડેશન દ્વારા ચક્ષુદાન, અંગદાન, જીવદયા તથા વિવિધ સામાજિક જાગૃતિ અભિયાનોથી સમાજને સહાયરૂપ બની રહ્યું છે. ડિપ્રેશનનો સામનો કરતા અનેક લોકોને હૂંફ અને માર્ગદર્શન આપી, તેમને નવી આશા અને જીવન તરફ દોરી આત્મહત્યાથી બચાવવામાં આવ્યા છે.

આગામી સમયમાં વડોદરા નજીક મનોદિવ્યાંગ બાળકો અને નિરાધાર વૃદ્ધો માટે આધુનિક સુવિધાઓથી સજ્જ એક વિશાળ રહેણાંક કેમ્પસ ઉભું કરવાની યોજના છે, જેમાં ગૌશાળા તથા વિશ્વસ્તરીય નેચરોપેથી સેન્ટરનો પણ સમાવેશ થશે.

'ફીલિંગ્સ'ની આ 'ભારત ભાગ્ય વિધાતા' યાત્રામાં આપ સૌએ આપનો કિંમતી સમય ફાળવી ઉપસ્થિત રહી આ પ્રસંગને ગૌરવ આપ્યું છે, તેના માટે હું આપ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું.
જય હિંદ... જય ભારત.''

તેઓના પ્રેરક ઉદ્બોધન બાદ, સમારોહમાં હાજર રહી ન શકનાર મહાનુભાવો દ્વારા પાઠવવામાં આવેલ શુભેચ્છા સંદેશાઓનું વાંચન કરવામાં આવ્યું. જેમાં મહારાષ્ટ્ર અને ગુજરાતના મહામહિમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી, ઉદ્યોગપતિ શ્રી કિરણ આશર (મસ્કત), ગીતકાર શ્રી મનોજ મુંતશીર તથા જૈન સમાજના અગ્રણી શ્રી સુરેશ કોઠારીનો સમાવેશ થાય છે.

કાર્યક્રમ દરમિયાન 'મોજીલું મુંબઈ' આવૃત્તિનું વિમોચન ઉત્સાહ અને ગૌરવ સાથે કરવામાં આવ્યું, જેને ઉપસ્થિત સૌએ હર્ષોલ્લાસથી વધાવ્યું. આ આવૃત્તિ મુંબઈના ગુજરાતી સમાજ માટે એક સશક્ત મંચ બનશે તથા શહેરની સાંસ્કૃતિક અને આર્થિક ઓળખને વધુ મજબૂત બનાવશે.

સમારોહનું મુખ્ય આકર્ષણ હતું 'ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા એવોર્ડ' વિતરણ. જેમાં દેશ-વિદેશની વિવિધ ક્ષેત્રોમાં નોંધપાત્ર યોગદાન આપનાર પ્રતિભાશાળી હસ્તીઓને એવોર્ડ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનું સંચાલન કેતન નાણાવટી અને નિહારિકાએ સુચારુ રીતે કર્યું હતું, જ્યારે




આભારવિધિ અરવિંદ પુરોહિત દ્વારા કરવામાં આવી હતી.

આ ભવ્ય સમારોહમાં વેન્યુ પાર્ટનર તરીકે નેશનલ સ્ટોક એક્ષચેન્જ (NSE) તેમજ તેઓના સમગ્ર સ્ટાફે આ સમારંભને પોતાનો સમારંભ ગણી ખૂબ જ સાથ અને સહકાર આપ્યો એ બદલ ફીલિંગ્સ હૃદયપૂર્વક NSEનો આભાર માને છે.

Promserve એડ એજન્સીના શ્રી અજીત ગાંધીના સાથ-સહકારને કદાચ શબ્દોમાં વર્ણવી શકાય તેમ નથી. તેઓનો પણ દિલથી ખૂબ ખૂબ આભાર...

આભાર દર્શનના આકાશમાં તેજસ્વી તારલા સમાન શ્રી બેચરભાઈ પટેલ, શ્રી ધવલ વોરા, શ્રી રાજેશ વણઝારા, શ્રી મિલન ઝાંખરા, શ્રી પ્રતિક ગાંધી, શ્રી વિક્કી રાણા, શ્રી વિજય રોહિત, લીનાબેન રાવલ તથા શ્રી સંદીપ રાઠોડના અનમોલ સહયોગ બદલ ફીલિંગ્સ તેઓનો પણ દિલથી આભાર માની પ્રસન્નતા વ્યક્ત કરે છે.

સમારંભના અંતે ઉપસ્થિત દેશ-વિદેશથી પધારેલ આમંત્રિતો તથા મહાનુભાવોએ સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણ્યો હતો.

આ ભવ્ય સમારોહ માત્ર એક કાર્યક્રમ નહોતો, પરંતુ દેશની પ્રતિભા, સંસ્કૃતિ અને વૈશ્વિક દૃષ્ટિકોણને એકત્રિત કરતી પ્રેરણાદાયક સફર હતી. અહીં ઉપસ્થિત દરેક વ્યક્તિ માટે આ યાદગાર ક્ષણો ચિરંજીવ બની હૈયામાં અનેરો આનંદ રેલાવતી હતી. ફી



# ભારત ભાગ્ય વિધાતા 'ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા' એવોર્ડ ૨૦૨૬ સ્વીકાર કરતાં દેશ-વિદેશના આમંત્રિત મહેમાનો



ઉપસ્થિત મહાનુભાવો વૈષ્ણવાચાર્ય પૂજ્યપાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રી, મહારાષ્ટ્ર સરકારના ઈન્ફોર્મેશન ટેકનોલોજી અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી શ્રી આશિષ શેલાર, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. વલ્લભ કથિરીયા, નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE)ના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણ, ગુજરાત અને ઝારખંડ હાઈકોર્ટના પૂર્વ ન્યાયમૂર્તિ શ્રી પી.પી. ભટ્ટ, જન્મભૂમિ-પ્રવાસીના તંત્રી પદ્મ ભૂષણશ્રી કુંદન વ્યાસ, નવી મુંબઈ મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ શ્રી કીર્તિકુમાર રાણા, લોકપ્રિય ફિલ્મ અભિનેતા પદ્મશ્રી મનોજ જોશી તથા ફીલિંગ્સ મલ્ટિમીડિયાના સીએમડી-એડિટર શ્રી અતુલ શાહના શુભ હસ્તે એવોર્ડ એનાયત કરાયા.



**શ્રી સુરદાસજી**
'સ્પિરિચ્યુઅલ ઈમ્પેક્ટ' એવોર્ડ



**શ્રી આનંદ પંડિત**
'લક્ઝરી રિયલ એસ્ટેટ મુઘલ' એવોર્ડ



**શ્રી મોતીલાલ ઓસ્વાલ**
'જૈન રત્ન' એવોર્ડ



**શ્રીમતી શોભા રસિકલાલ ધારીવાલ**
'સેલ્ફલેસ આઈકન' એવોર્ડ



**શ્રી મહેન્દ્ર રતનશી સંગોઈ**
'જૈન રત્ન' એવોર્ડ



**શ્રીમતી પ્રીતિ સોમપુરા**
'મીડિયા એક્સેલન્સ' એવોર્ડ




**સમસ્ત મહાજન સંસ્થા**
'જૈન રત્ન' એવોર્ડ




**પદ્મશ્રી ડૉ. અશોક ગુપ્તા**
'હીલિંગ હેન્ડ્સ' એવોર્ડ




**શ્રી પંકજ શાહ (ચંદન મુખવાસ)**
'ટ્રસ્ટેડ બ્રાન્ડ' એવોર્ડ



**શ્રી જસવંત મહેતા**
'સોશિયલ વેલ્ફેર' એવોર્ડ




**શ્રી વિવેક હરિહરન**
**'મ્યુઝિક' એવોર્ડ**




**ઝાલાવાડ સમાજ, મુંબઈ**
**'સોશિયલ વેલ્ફેર' એવોર્ડ**



**ડૉ. મંજુ લોઢાને એનાયત થયેલ 'સોશિયલ વેલ્ફેર' એવોર્ડ તેમના વતી સ્વીકારતા શ્રી રાજેશ વણઝારા**




**ડૉ. સોનલ ચૌહાણ (MD Radiology)નું શાલ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું**

## શાલ અર્પણ કરી સન્માનિત કરાયેલ મહાનુભાવો



**મુંબઈ ગુજરાતી પત્રકાર સંઘ પ્રમુખ તથા ગુજરાત સમાચાર મુંબઈ આવૃત્તિના પોલિટિકલ રિપોર્ટર શ્રી કુનેશ દવે**



**જ્યોતિષાચાર્ય શ્રી અતુલ શાહ**



**બ્રાઈટ આઉટડોરના શ્રી યોગેશ લાખાણી**



પ્રખ્યાત બોલિવુડ વિલન **શ્રી પ્રેમ ચોપરાને** 'આઈકોનિક એક્ટર એન્ડ વિલન ઓફ ધ સેન્ચુરી' એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા.




**ફીલિંગ્સ મેગેઝિનની મુંબઈ આવૃત્તિ 'મોજીલું મુંબઈ'નું વિમોચન કરતાં મંચસ્થ મહાનુભાવો...**



આમંત્રિત અતિથિ તરીકે ઉપસ્થિત મહારાષ્ટ્ર સરકારના ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી શ્રી આશિષ શેલારએ કાર્યક્રમના સુંદર આયોજનને બિરદાવ્યું હતું. તેમણે જણાવ્યું કે આ એવોર્ડ એવા મહાનુભાવોને આપવામાં આવે છે, જે માત્ર પોતાના નહીં પરંતુ સમાજના હિત માટે પણ કાર્ય કરે છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે ભગવદ ગીતા માત્ર ગ્રંથ નથી, પરંતુ સાધન શુદ્ધિ સાથે આત્મશુદ્ધિનો માર્ગ દર્શાવતું પ્રેરણાસ્રોત છે.

આવા અદ્‌ભૂત સમારંભમાં આમંત્રિત કરવા બદલ તેમણે આયોજકોનો આભાર માની આનંદ અને પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

**– શ્રી આશિષ શેલાર – મંત્રી,**
**ઇન્ફોર્મેશન ટેકનોલોજી અને સાંસ્કૃતિક બાબતો,**
**મહારાષ્ટ્ર સરકાર**



અતુલભાઈ પોતાના નામ પ્રમાણે ખરેખર અતુલ્ય છે. આ એવોર્ડ સમારોહ નવી પેઢીને સામાજિક અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં પ્રેરણા આપનાર છે.

વિશ્વ આજે પર્યાવરણ, પ્રદૂષણ અને યુદ્ધ જેવા પડકારોનો સામનો કરી રહ્યું છે ત્યારે એવોર્ડથી સન્માનિત વ્યક્તિઓ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીના 'વિકસિત ભારત ૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવામાં સહાયક બનશે તેવો તેમણે દૃઢ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

વધુમાં તેમણે ગૌ-રક્ષા, ગૌ-પાલન અને ગૌ-સંવર્ધનના મહત્વ અંગે પણ સમજ આપતાં જણાવ્યું કે ગૌ-માતા સર્વ જીવ હિતાય છે અને દેશી ગૌવંશના સંવર્ધનથી ઉત્તમ પર્યાવરણ, આરોગ્ય અને સમૃદ્ધિ મેળવી શકાય છે. આવા અદ્‌ભૂત સમારંભના આયોજન બદલ તેમણે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

**– ડૉ. વલ્લભ કથીરીયા – પૂર્વ કેન્દ્રીય મંત્રીશ્રી**



આ પ્રસંગે નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE)ના મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ શ્રી આશિષકુમાર ચૌહાણે પોતાના સંક્ષિપ્ત છતાં માર્મિક ઉદ્‌બોધનમાં જણાવ્યું કે, 'જેમ ભગવાન સર્વવ્યાપી છે, તેમ આજે NSE પણ દરેકના વિચારમાં સ્થાન પામ્યું છે.'

તેમણે જણાવ્યું કે, 'લેહ-લદાખથી લઈને આંદામાન-નિકોબાર સુધી NSEનો વ્યાપ વિસ્તર્યો છે. આજે NSEમાં ૨૫ કરોડથી વધુ એકાઉન્ટ્સ છે, જેમાંથી ૧૩ કરોડથી વધુ રોકાણકારો સક્રિય રીતે મૂડીરોકાણ કરી રહ્યા છે. દેશની લગભગ એક તૃતીયાંશ આર્થિક પ્રવૃત્તિઓનું ટ્રેડિંગ NSEમાં થાય છે.

આવનારા સમયમાં 'ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડ'નું પણ NSEમાં લિસ્ટિંગ થાય તેવી તેમણે શુભેચ્છા વ્યક્ત કરી હતી.

**– શ્રી આશિષકુમાર ચૌહાણ – મેનેજિંગ ડિરેક્ટર અને સીઈઓ,**
**નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE)**



ફીલિંગ્સ પરિવાર સાથે વર્ષોથી સંકળાયેલા આત્મીય સ્વજન શ્રી પી.પી. ભટ્ટ સાહેબે આવા ભવ્ય અને યાદગાર કાર્યક્રમના સુંદર આયોજન બદલ ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિ.ના સીએમડી-એડિટર શ્રી અતુલ શાહને હાર્દિક અભિનંદન પાઠવ્યા અને આયોજકોના પ્રયત્નોને બિરદાવ્યા હતા.

તેમણે જણાવ્યું કે, આ પ્રકારના કાર્યક્રમો સમાજમાં પ્રેરણા અને સકારાત્મક ઊર્જા ફેલાવવાનું કાર્ય કરે છે. એવોર્ડ વિજેતા તમામ મહાનુભાવોનું સન્માન કરીને સમાજમાં ઉત્તમ કાર્ય માટે પ્રોત્સાહન આપવામાં આવ્યું છે, જે પ્રશંસનીય છે.

અંતમાં તેમણે તમામ એવોર્ડ વિજેતાઓને દિલથી વધાઈ આપી અને સમગ્ર કાર્યક્રમ પ્રત્યે પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

**– શ્રી પી.પી. ભટ્ટ – પૂર્વ ન્યાયમૂર્તિ,**
**ગુજરાત અને ઝારખંડ હાઈકોર્ટ**



આજે ભારત પુનઃ એકવાર વિશ્વગુરુ બનવાની દિશામાં દૃઢપણે આગળ વધી રહ્યું છે, અને આ યાત્રામાં આપણે સૌ સહભાગી બની રહ્યા છીએ. 'વિશ્વગુરુ' તરીકે ભારતની પ્રતિષ્ઠા આજે વિશ્વભરમાં પ્રસરતી જોવા મળે છે, જે દરેક ભારતીય માટે ગૌરવની વાત છે.

આપણે સૌ આજે ભાગ્યશાળી છીએ કે 'નવા ભારત'ના નિર્માણમાં પોતાની ભૂમિકા નિભાવી રહ્યા છીએ. અહિંસા, કરૂણા અને સહઅસ્તિત્વના મૂલ્યો ભારતીય સંસ્કૃતિનો આત્મા છે જેણે આ સંસ્કૃતિને સદીઓથી જીવંત અને સમૃદ્ધ રાખી છે.

વિશ્વના એકમાત્ર દેશ ભૂતાનનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું કે ત્યાં જાનવરોની હત્યા થતી નથી, જે માનવતા અને દયાભાવનું ઉત્તમ ઉદાહરણ છે. તેમણે આશા વ્યક્ત કરી કે આ દિશામાં આગળ વધી અહિંસામય ભારત બનવું જોઈએ.

**– શ્રી નીતિન મહેતા (યુ.કે.)**



ફીલિંગ્સ પરિવારને અભિનંદન, મુંબઈ એન. એસ ઈ. બી. કે. સી. ખાતે 'ભારત ભાગ્ય વિધાતા' એવોર્ડ ફંક્શન અને ફીલિંગ્સની મુંબઈની આવૃતિ 'મોજીલું મુંબઈ'નો આરંભ સદાય યાદગાર બની રહેશે. પ્રથમ તો નેશનલ સ્ટોક એક્સચેન્જનું આધુનિક સગવડતાથી સજ્જ ઓડિટોરિયમ, જ્યાં અબજોના રોકાણકારોની મજબૂતાઈ બંધાયેલી હોય ત્યાં એક ગુજરાતી મેગેઝિનના સમારંભ પ્રસંગે ઉપસ્થિત રહેવું રોમાંચ ઉપજાવતું હતું. આયોજનમાં ઉપસ્થિત મહાનુભાવો અને પુરસ્કાર વિજેતા સદસ્યોની હાજરી યથા ઉચિત હતી. સાહિત્યકાર, કલાકાર, પ્રકાશન સંસ્થા, તંત્રીઓ અને રસિક વાચકમિત્રોનો મેળાવડો હંમેશાં સુખદ સંભારણું બની યાદ રહેશે. મોજીલું મુંબઈ 'ફીલિંગ્સ'ની આ આવૃતિ મુંબઈ જેવી જ નયનરમ્ય અને પંચરંગી છે. વિવિધ માહિતી, અર્થ સભર મુલાકાત અને તંત્રી સ્થાનેથી લખાયેલ આલેખન ગમ્યું. ખૂબ ખૂબ શુભેચ્છા.

**- ડૉ. કૃષ્ણા હસમુખ ગાંધી**
**- શ્રી હસમુખ ગાંધી**




ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડનો આત્મીય પરિવાર

## ફીલિંગ્સના આમંત્રણને સ્વીકારી સમારોહમાં દેશ-વિદેશથી પધારેલ આમંત્રિતો





## • કાર્યક્રમની સફળતાના સાથીદાર •

Reliance Industries Limited

VENUE PARTNER
NSE

ગુજરાત સરકાર

MEDIA PARTNER
મિડ-ડે

RATNAMANI METALS & TUBES LTD.

S.S. WHITE Technologies Inc.

BRIGHT OUTDOOR MEDIA PVT. LTD.

Chandan — Khaane Ki Happy Ending!

PRIDE HOTELS & RESORTS

ANJALI Since 1974

WOW NANDI PANCHGAVYA

GOYAM ORGANIC

## • 'ફીલિંગ્સ પ્રાઈડ ઓફ ઈન્ડિયા' ટાઈટલ ગીત •

मेहनत से जो राह बनाता
हर दिल में उत्साह जगाता
संघर्षों को शक्ति बनाता
हर सपना सच कर दिखाता
Feeling Pride of India है
भारत भाग्य विधाता।
सेवा से जो मान है बढ़ाता
नवयुग का इतिहास लिखता
विश्व में भारत का ध्वज लहराता
राष्ट्र प्रथम का दीप है जलाता
Feeling Pride of India है
भारत भाग्य विधाता।



ગીતના રચનાકાર
વિક્કી રાણા


Chandan®
MOUTH FRESHENER
Khaane Ki Happy Ending!
Complete your
Meal the Traditional way !
Paan Mukhwas
Cocktail Thunder
Calcutta Mitha Paan
For Export Dept
: exports@chandanmukhwas.com
: +91 8104107284
For Modern Trade Dept
: moderntrade@chandanmukhwas.com
: +91 8104107287
For Retail Dept
: retail@chandanmukhwas.com
: +91 8104107285
The house of Chandan hereby solicit enquiries for:
• Distributor / Retail Sales • Institutional Sales
• Hospitality • Pharmaceutical Chains • Corporate Gifts
Premium
Natural
Ethnic
▸Mouth Freshener,
▸Digestives,
▸Paan
▸Confectioneries
▸Superfood
▸Snacks
Reach us on /chandan.mukhwas /chandanmukhwas /chandanmukhwas
Products are also Available at /www.chandanmukhwas.com
blinkit
zepto
bigbasket
A TATA Enterprise
DMart
Reliance SMART SUPERSTORE
METRO
Walmart
A TATA and TESCO Enterprise
star
amazon.in




ફીલિંગ્સ ટીમ

# નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE) ભારતના આર્થિક પરિવર્તનનો શક્તિશાળી સ્તંભ

નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા (NSE) વિશ્વની અગ્રણી નાણાકીય સંસ્થાઓમાંની એક છે અને ભારતના આર્થિક પરિવર્તનમાં મુખ્ય સ્તંભ તરીકે ઉભરી આવી છે. ૧૯૯૨માં સ્થાપિત NSEનો ઉદ્દેશ પારદર્શિતા, ટેકનોલોજી અને વિશ્વાસના આધાર પર ભારતના મૂડીબજારોને આધુનિક બનાવવાનો હતો. છેલ્લા ત્રણ દાયકાઓમાં તેણે ભારતની નાણાકીય પ્રણાલીને મજબૂત બનાવી, રોકાણકારોમાં આત્મવિશ્વાસ વધાર્યો અને દેશને સર્વસમાવેશક વૃદ્ધિ તરફ આગળ ધપાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. NSEની સ્થાપના ૨૭ નવેમ્બર ૧૯૯૨ના રોજ થઈ, એપ્રિલ ૧૯૯૩માં તેને સ્ટોક એક્સચેન્જ તરીકે માન્યતા મળી અને ૧૯૯૪માં તેની કામગીરી શરૂ થઈ.

જ્યારે NSEની સ્થાપના થઈ, ત્યારે ભારત ઉદારીકરણની દિશામાં આગળ વધી રહ્યું હતું. સ્ક્રીન આધારિત, સંપૂર્ણ સ્વચાલિત અને અનામી ઓર્ડર-મેચિંગ એક્સચેન્જનો વિચાર તે સમયમાં ક્રાંતિકારી માનવામાં આવતો હતો. NSE ટ્રેડિંગ માટે સેટેલાઈટ આધારિત સંચારનો સફળ ઉપયોગ કરનાર પ્રથમ સંસ્થા હતી. ઓનલાઈન બેન્કિંગ અને ઈ-ગવર્નન્સ મુખ્ય પ્રવાહમાં આવ્યાં પહેલાં જ તેણે ભારતનું પ્રથમ ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કર્યું હતું. 'ફિનટેક' શબ્દ પ્રચલિત બન્યા પહેલાં NSE ભારતનું પ્રથમ અને આજ સુધીનું સૌથી મોટું ફિનટેક પ્લેટફોર્મ બની ગયું હતું, જેણે બજારોને મેટ્રો શહેરોથી બહાર લઈ જઈ હજારો શહેરો અને નગરોમાં પહોંચાડ્યા.

ત્રણ દાયકાઓમાં NSEએ ડિમટિરિયલાઈઝેશન, સેન્ટ્રલાઈઝ્ડ ક્લિયરિંગ, ડિપોઝિટરીઝ, રિયલ-ટાઈમ રિસ્ક મેનેજમેન્ટ, નિફ્ટી ઈન્ડેક્સ, ઈક્વિટી અને કરન્સી ડેરિવેટિવ્ઝ, અદ્યતન ટ્રેડિંગ પ્લેટફોર્મ્સ, મોબાઈલ આધારિત રોકાણ અને એક્સચેન્જ મારફતે મ્યુચ્યુઅલ ફંડ વિતરણ જેવી ઘણી નવીન પહેલો શરૂ કરી છે. આ તમામ પ્રયાસો દરેક ભારતીય સુધી વિશ્વસ્તરીય મૂડીબજાર પહોંચાડવાના વિઝનનું પ્રતિબિંબ છે.

ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં NSE પર નોંધાયેલા રોકાણકારોની સંખ્યા ૧૨.૮ કરોડને વટાવી ગઈ છે, જ્યારે કુલ રોકાણકાર ખાતાઓ (UCCs)ની સંખ્યા ૨૫ કરોડથી વધુ છે. NSEમાં લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપિટલાઈઝેશન ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં ૪૬૧ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચ્યું છે, જે માર્ચ ૧૯૯૫ના ૩.૬ લાખ કરોડની સરખામણીએ ૧૨૮ ગણો વધારો દર્શાવે છે.

NSEને વિશિષ્ટ બનાવે છે તેની ક્ષમતા-જેના માધ્યમથી તેણે સામાન્ય લોકો સુધી નાણાકીય જ્ઞાન પહોંચાડ્યું છે. ૨૦૨૫ દરમિયાન NSEએ લગભગ ૨૩,૦૦૦ રોકાણકાર જાગૃતિ કાર્યક્રમો યોજ્યા, જેમાં દેશભરના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧૨ લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા. આ કાર્યક્રમોમાં વેબિનાર્સ, વર્ગખંડ તાલીમ, વર્કશોપ અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે, જે લોકોને બજારની કામગીરી સમજવામાં મદદરૂપ થાય છે. તેમાં નાણાકીય આયોજન, ધ્યેય આધારિત રોકાણ, છેતરપિંડી નિવારણ અને લાંબા ગાળાના રોકાણની શિસ્ત પર ભાર મૂકવામાં આવે છે.

૧૨ ભારતીય ભાષાઓમાં પુનઃડિઝાઈન કરેલી NSE વેબસાઈટ અને NSE ઈન્વેસ્ટર એપ દ્વારા વિશ્વસનીય માહિતી અને સાધનોની સરળ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવામાં આવી છે. આ પ્રયાસોના પરિણામે પ્રથમ વખત રોકાણકારો વધુ આત્મવિશ્વાસ સાથે બજારમાં પ્રવેશી રહ્યા છે.

The 3Ts: Technology, Transparency and Trust (ટેકનોલોજી, પારદર્શિતા અને વિશ્વાસ)

ટેકનોલોજી NSEની પ્રગતિનો આધારસ્તંભ રહી છે. ઈલેક્ટ્રોનિક ટ્રેડિંગથી લઈને વૈશ્વિક સ્તરના માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધી NSEએ ટેકનોલોજીમાં સતત નવા માપદંડ સ્થાપ્યા છે. તેનું સિસ્ટમ આર્કિટેક્ચર ૬ ડેટા સેન્ટર્સ, ૧૭,૦૦૦થી વધુ સર્વર્સ અને ૩૦




પેટાબાઈટથી વધુ સ્ટોરેજ સાથે કાર્યરત છે. આ સિસ્ટમ દરરોજ ૨,૦૦૦ કરોડથી વધુ ઓર્ડર મેસેજ અને લગભગ ૩૦ કરોડ ટ્રેડ્સ પ્રોસેસ કરવાની ક્ષમતા ધરાવે છે, જે સતત અને નિર્વિઘ્ન માર્કેટ એક્સેસ સુનિશ્ચિત કરે છે.

નવીનતા NSEના વિકાસના કેન્દ્રમાં છે. NSE બજાર સર્વેલન્સ, નિયમનકારી કાર્યક્ષમતા અને રોકાણકાર સંચારને મજબૂત બનાવવા માટે જનરેટિવ AI અને અદ્યતન એનાલિટિક્સનો ઉપયોગ કરી રહ્યું છે. AI આધારિત અનુવાદ અને સારાંશ સાધનો પ્રાદેશિક ભાષાઓમાં માહિતી પહોંચાડવામાં મદદરૂપ છે.

પારદર્શિતા રોકાણકારોના વિશ્વાસનો પાયો છે. મજબૂત ડિસ્કલોઝર ધોરણો, જોખમ આધારિત દેખરેખ અને અસરકારક સર્વેલન્સ દ્વારા રોકાણકારની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવી છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં NSE પાસે ૨,૭૮૭ કરોડ રૂપિયાનું ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ અને ૧૨,૭૮૬ કરોડ રૂપિયાનું કોર સેટલમેન્ટ ગેરંટી ફંડ ઉપલબ્ધ છે, જે બજારમાં સ્થિરતા જાળવવામાં મદદ કરે છે.

વિશ્વાસ-આ તમામનો મૂળ આધાર છે. તે વર્ષોની નિષ્ઠા, પારદર્શિતા અને વિશ્વસનીયતાથી ઉભો થાય છે. લાખો રોકાણકારોનો વિશ્વાસ, નાના રોકાણકારોથી લઈને વૈશ્વિક સંસ્થાઓ સુધી, બજારની મજબૂતી દર્શાવે છે.

ભારતીય ઈક્વિટી બજારોએ લાંબા ગાળે મજબૂત વળતર આપ્યું છે. છેલ્લા ૨૫ વર્ષોમાં નિફ્ટી ૫૦એ INRમાં ૧૨.૪% અને USDમાં ૯.૪% વાર્ષિક વળતર આપ્યું છે, જે વૈશ્વિક બેન્ચમાર્ક્સ કરતાં ઉત્તમ પ્રદર્શન દર્શાવે છે.

NSEનું બીજું મહત્વપૂર્ણ યોગદાન કંપનીઓને નાણાં એકત્ર કરવામાં મદદરૂપ થવાનું છે. એક્સચેન્જ વ્યવસાયો અને રોકાણકારો વચ્ચે સેતુ તરીકે કાર્ય કરે છે. જ્યારે કોઈ કંપની વિકાસ કરવા માગે છે-ચાહે તે કામગીરીનું વિસ્તરણ કરીને હોય, નવા બજારોમાં પ્રવેશ કરીને હોય અથવા નવા ઉત્પાદનો વિકસાવીને હોય-ત્યારે તે ઘણીવાર ભંડોળ માટે શેરબજાર તરફ વળે છે. NSEનું SME પ્લેટફોર્મ, જેને 'NSE Emerge' કહેવામાં આવે છે, નાના સાહસો માટે ભંડોળ ઊભું કરવાનું પસંદગીનું મહત્વપૂર્ણ માધ્યમ બની ગયું છે. અત્યાર સુધી ૭૧૫ કંપનીઓએ SME પ્લેટફોર્મ દ્વારા મૂડી એકત્ર કરી છે, જેની કુલ માર્કેટ કેપિટલાઈઝેશન અંદાજે ૨.૧ લાખ કરોડ રૂપિયા સુધી પહોંચે છે. કુલ એકત્રિત મૂડી ૨૧,૦૦૦ કરોડ રૂપિયાથી વધુ છે અને ૧૫૦થી વધુ કંપનીઓ મેઈન બોર્ડમાં સ્થાનાંતરિત થઈ છે. આ પ્લેટફોર્મ દ્વારા સેંકડો નાના અને મધ્યમ વ્યવસાયોને જાહેરમાં લિસ્ટેડ કંપની બનવામાં મદદ મળી છે, તેમને મૂડી ઉપલબ્ધ થઈ છે અને દેશભરમાં રોજગારી સર્જવામાં પણ યોગદાન મળ્યું છે.

રિટેલ ભાગીદારી ભારતની મૂડીબજારની સફરના કેન્દ્રમાં છે. નોંધાયેલ રોકાણકારોની સંખ્યા ૯૦ના દાયકામાં અંદાજે ૧૦ લાખથી વધીને ફેબ્રુઆરી ૨૦૨૬ સુધીમાં ૧૨.૮ કરોડ થઈ ગઈ છે, જે ભારતના ૯૯.૮૫ ટકા પિન કોડ્સમાં ફેલાયેલી છે. NSEએ ગીગ વર્કર્સ, નાગરિક સ્ટાફ અને કામકાજ કરતી મહિલાઓ જેવા ઓછા પ્રતિનિધિત્વ ધરાવતા વર્ગો સુધી નાણાકીય શિક્ષણ પહોંચાડવા માટે અનેક રાજ્ય સરકારો તેમજ ઝોમેટો, સ્વિગી અને દિવ્યજ ફાઉન્ડેશન જેવા ભાગીદારો સાથે કરારો કર્યા છે. શ્રીરામ ફાઈનાન્સ અને TV9 નેટવર્કના સહયોગથી ટ્રક ડ્રાઈવરો સુધી પણ આ શિક્ષણ પહોંચાડવામાં આવ્યું છે. NSEનો સ્ટુડન્ટ સ્કિલિંગ પ્રોજેક્ટ (SSP) માળખાગત અને રૂબરૂ તાલીમ દ્વારા BFSI ક્ષેત્રમાં કૌશલ્યના અંતરને દૂર કરે છે. SSP મારફતે NSEએ ઉત્તરાખંડ, મેઘાલય, આસામ, છત્તીસગઢ, ગોવા, ઓડિશા અને તેલંગાણા રાજ્ય સરકારો તેમજ વારાણસીના જિલ્લા વહીવટતંત્ર સાથે ભાગીદારી કરીને યુવાનોમાં નાણાકીય સાક્ષરતા અને BFSI કૌશલ્યને પ્રોત્સાહન આપ્યું છે. અત્યાર સુધી ૯,૦૦૦થી વધુ સહભાગીઓને સફળતાપૂર્વક તાલીમ આપવામાં આવી છે.

છેતરપિંડી સામે લડવા માટે NSE અને SEBIએ રોકાણકારોને કૌભાંડો અને અનિયમિત સંસ્થાઓ સામે ચેતવણી આપવા TV, પ્રિન્ટ અને સોશિયલ મીડિયા દ્વારા 'SEBI vs SCAM' અભિયાન શરૂ કર્યું છે, જે



મૂડીબજારમાં વિશ્વાસ મજબૂત બનાવે છે અને રોકાણકારોના હિતોનું રક્ષણ કરે છે.

NSE ખાતે લોકો, પ્રક્રિયા અને ટેકનોલોજી આધારિત નિયંત્રણો સાથે સાઈબર સુરક્ષા અને સાઈબર રેઝિલિયન્સ ફ્રેમવર્ક અમલમાં મૂકવામાં આવ્યું છે. સંભવિત સાઈબર જોખમોને પહોંચી વળવા માટે આગોતરા સુરક્ષા પગલાં અને ક્ષમતાઓ વિકસાવવામાં આવી છે. 'ઓપરેશન સિંદૂર' (એક DDoS સિમ્યુલેશન) દરમિયાન NSEએ એક જ દિવસમાં અભૂતપૂર્વ ૪૦ કરોડ સાઈબર હુમલાઓ નોંધ્યા હતા, જે અત્યાર સુધીના સૌથી વધુ હતા. છતાં, કર્મચારીઓ, મશીનો અને અદ્યતન ટેકનોલોજીના સંયુક્ત પ્રયાસોથી હુમલાખોરો કોઈ નુકસાન પહોંચાડવામાં નિષ્ફળ રહ્યા હતા.

**વિકસિત ભારત તરફ : આગળનો માર્ગ**

ભારત ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનવાના વિઝન તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે મૂડીબજારો આ પરિવર્તનને નાણાં પૂરા પાડવામાં કેન્દ્રિય ભૂમિકા ભજવશે. આ સફરને માર્ગદર્શન આપતી ત્રણ મુખ્ય અગ્રતા રહેશે: પ્રથમ-રોકાણનું લોકશાહીકરણ, એટલે કે દરેક ભારતીય, ભલે તે ગમે તે પૃષ્ઠભૂમિ કે ભૂગોળનો હોય, સંપત્તિ નિર્માણમાં ભાગ લઈ શકે તે સુનિશ્ચિત કરવું. બીજું-સસ્ટેનેબલ ફાઈનાન્સ, જેમાં ભારતના ગ્રીન ગ્રોથ વિઝનને અનુરૂપ રિન્યુએબલ એનર્જી અને ક્લાઈમેટ-ફ્રેન્ડલી સાહસો તરફ મૂડી પ્રવાહ વધારવો. ત્રીજું-વૈશ્વિક સ્પર્ધાત્મકતા, જેમાં બજાર ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ગવર્નન્સ ધોરણોનું એવું નિર્માણ કરવું કે જે રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને સેવા આપે અને સાથે વૈશ્વિક મૂડીને આકર્ષે.

ભારતના મૂડીબજારો માત્ર આર્થિક મજબૂતીનું પ્રતિબિંબ નથી, પરંતુ સામૂહિક આકાંક્ષા અને આત્મવિશ્વાસના પ્રતીક છે. જેમ જેમ ટેકનોલોજી વધુ સમૃદ્ધ બનશે, પારદર્શિતા મજબૂત થશે અને વિશ્વાસ ટકી રહેશે, તેમ તેમ આપણા બજારો ભારતને વિકાસશીલમાંથી વિકસિત અર્થતંત્રમાં પરિવર્તિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

NSE ખાતે અમારું મિશન સ્પષ્ટ છે-એવા બજારોનું નિર્માણ કરવું, જે સ્કેલમાં મોટા, ભાગીદારીમાં વ્યાપક, અખંડિતતામાં ઊંડા અને હેતુમાં મજબૂત હોય. ભારત 'વિકસિત ભારત' તરફ આગળ વધી રહ્યું છે ત્યારે બજારો બચત અને તકો વચ્ચે, નવીનતા અને સાહસ વચ્ચે તેમજ આકાંક્ષા અને સિદ્ધિ વચ્ચે સેતુ તરીકે કાર્ય કરે તે જરૂરી છે.

NSE ખરેખર આધુનિક ભારતની વાર્તા છે-મહત્વાકાંક્ષી, ઝડપી ગતિએ વિકસતી અને ટેકનોલોજી તથા પ્રતિભા દ્વારા સંચાલિત. ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં થોડા લાખ રોકાણકારોથી શરૂ થઈને ૨૦૨૫ સુધીમાં ૧૨ કરોડથી વધુ રોકાણકારો સુધી પહોંચીને NSEએ દેશમાં સંપત્તિ નિર્માણના લોકશાહીકરણમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. તેણે હજારો કંપનીઓને વિકાસ માટે સહાય કરી છે, રોજગારી સર્જવામાં યોગદાન આપ્યું છે અને લાખો પરિવારોને તેમના નાણાકીય ભવિષ્યને સુરક્ષિત બનાવવામાં મદદ કરી છે.

ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં સ્થાન મેળવવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે NSE દેશના નાણાકીય લેન્ડસ્કેપને આકાર આપતું કેન્દ્રીય બળ બની રહેશે. NSE રાષ્ટ્ર નિર્માણમાં વ્યૂહાત્મક ભાગીદાર તરીકે ઉભરી આવ્યું છે, જે સુધારાઓ, નીતિગત પહેલો અને સહયોગને સમર્થન આપે છે અને મૂડી સુધી પહોંચ તથા નાણાકીય નવીનતાને પ્રોત્સાહન આપે છે. ઈક્વિટી, ડેટ, ડેરિવેટિવ્ઝ અને સસ્ટેનેબિલિટી આધારિત સાધનોમાં તેની વૈવિધ્યસભર ઓફરો ગવર્નન્સ સાથે વૃદ્ધિને સંતુલિત કરતી ઈકોસિસ્ટમ બનાવવાની તેની પ્રતિબદ્ધતાનું પ્રતિબિંબ છે.





# મુંબઈનું ગૌરવ ગણાતી દમદાર મહિલા ક્રિકેટર્સ

મુંબઈ ભલે પચરંગી શહેર કહેવાય છે પરંતુ તેનો એક મનમોહક રંગ છે. મુંબઈએ ક્રિકેટ જગતના એવા ઘણાં દિગ્ગજ ખેલાડીઓ આપણને આપ્યા છે. તેમાં એક વધુ મોરપિંચ્છ ઉમેરાય છે મુંબઈની આ મહિલા ક્રિકેટર્સનું. જેઓએ ક્રિકેટ જગતમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી દેશ-વિદેશમાં ભારતને ગૌરવ અપાવ્યું છે. તેઓની સફળતાની ઝલક માણવાનો આ આર્ટિકલમાં નમ્ર પ્રયાસ કરાયો છે.

**એશા ઓઝા**

૧ ઓગસ્ટ ૧૯૯૮માં જન્મેલ આ મહિલા ભારતીય મૂળના ક્રિકેટર છે. તેઓ જમણા હાથે બેટિંગ કરે છે અને જમણેરી ઓફ સ્પિન બોલિંગ પણ કરી જાણે છે. તેમણે તેમની કારકિર્દીની શરૂઆત મુંબઈની મહિલા ક્રિકેટર તરીકે કરી હતી. હાલ તેઓ યુએઈની રાષ્ટ્રીય ટીમની કેપ્ટનશિપ કરે છે. જુલાઈ ૨૦૧૮માં તેમને ICC મહિલા ગ્લોબલ ડેવલપમેન્ટ સ્કવોડમાં સ્થાન આપવામાં આવ્યું હતું. એશા ઓઝાને ૨૦૨૨ માટે ICC મહિલા એસોસિયેટ પ્લેયર ઓફ ધ યર તરીકે જાહેર કરવામાં આવ્યાં હતાં.






**વૃશાલી ભગત**

૨૮ ઓકટોબર ૧૯૯૮ના રોજ રાયગઢ, મહારાષ્ટ્ર ખાતે જન્મેલ, વૃશાલી વિકાસ ભગત, જમણેરી બેટ્સમેન છે. જે જમણા હાથે ઓફ બ્રેક બોલિંગ કરી જાણે છે. તેમણે બેટિંગ અને ફિલ્ડિંગમાં ખૂબ જ મહત્વનું યોગદાન આપ્યું છે, એ તેમની સિદ્ધિના આ આંકડાઓ જોતાં સમજાય છે. ૬૦ મેચની ૫૫ ઈનિંગ્સમાં ૨ સદી અને ૭ અર્ધી સદીના સ્કોર સાથે ૭ વાર નોટ આઉટ રહીને વૃશાલીએ કુલ ૧૫૬૫ રન કર્યાં છે અને ૩૦ કેચ ઝડપ્યા છે. જ્યારે બોલિંગમાં પણ ૫૦૩ રન આપીને ૧૬ વિકેટો ઝડપી છે, જેમાં ૨૮ રનમાં ૩ વિકેટ ઝડપવાનો તેમનો સૌથી ઉત્તમ દેખાવ રહ્યો છે. ટી૨૦માં બાવન મેચની ૪૦ ઈનિંગ્સમાં બે વખત અર્ધી સદી નોંધાવી છે જેમાં ૬૧ રન તેમનો ઉચ્ચતમ સ્કોર રહ્યો છે. કુલ દસ વખત નોટ આઉટ રહી ૮૦૦ રન કરવા ઉપરાંત ૮ કેચ ઝડપ્યા છે. બોલિંગમાં પણ તેમનો દેખાવ શાનદાર રહ્યો છે. ૧૭ રનમાં ૪ વિકેટ લેવાનો શ્રેષ્ઠ માપદંડ નોંધાવતાં તેઓએ ૨૪૧ બોલમાં ૭ વિકેટો મેળવી હતી.

**જેમિમાહ રોડ્રિગ્ઝ**

૫ સપ્ટેમ્બર ૨૦૦૦માં જન્મેલ આ મહિલા ખેલાડીએ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ ક્રિકેટ રમીને ભારત દેશની વિજયગાથામાં પોતાનું મહત્વનું યોગદાન આપેલ છે. મૂળ મુંબઈની મહિલા ક્રિકેટ ટીમની ખેલાડી જેમિમાહએ મહિલા એશિયા કપ-૨૦૨૨, એશિયન ગેમ્સમાં સુવર્ણ પદક, કોમન



વેલ્થ ગેમ્સ ૨૦૨૨માં રજત ચંદ્રક તથા મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫માં ભારતીય ક્રિકેટ ટીમની સદસ્ય તરીકે ભાગ લીધેલો છે. હાલમાં રમાઈ રહેલ મહિલા પ્રીમિયર લીગમાં દિલ્હી કેપિટલ ટીમના કેપ્ટન તરીકેનો કાર્યભાર સંભાળી રહ્યાં છે. તદુપરાંત પરદેશની પ્રતિષ્ઠિત લીગ મેચોમાં પ્રતિનિધિત્વ કરીને ભારતનું નામ રોશન કરેલ છે. મહિલા ક્રિકેટ વર્લ્ડ કપમાં જેમિમાહએ કરેલ સદી તો આખું વિશ્વ ભૂલી શકે તેમ નથી. જેનાં થકી હારની બાજી જીતમાં પલટાઈ ગઈ અને ક્રિકેટ ઈતિહાસમાં ભારત માટે એક સુવર્ણ અધ્યાય લખાયો જેનાં મુખ્ય પાત્ર થવાનું સન્માન જેમિમાહને ફાળે જાય છે.



**સેજલ રાઉત**

૧૦ સપ્ટેમ્બર ૨૦૦૦માં જન્મેલ આ મહિલા ક્રિકેટર જમણેરી બેટ્સમેન તથા જમણેરી ઓફ બ્રેક બોલર છે. સેજલ કિરણ રાઉતે મહિલા ક્રિકેટર લિસ્ટ એ કેરિયરમાં ૨૫ મેચની ૨૩ ઈનિંગ્સમાં ૨ વખત નોટ આઉટ રહી કુલ ૫૭૫ રન કર્યાં છે, જેમાં ૭૯ રનનો ઉચ્ચતમ સ્કોર શામેલ છે. બોલર તરીકે ૧ વિકેટ પ્રાપ્ત કરેલ છે. મહિલા ટી૨૦માં તેઓએ ૨૭ મેચની ૨૪ ઈનિંગ્સમાં ૪ વખત નોટ આઉટ રહીને ૩૪૯ રન કરેલ છે, જેમાં ૪૯ રન તેમનો ઉચ્ચતમ સ્કોર રહ્યો છે. ફિલ્ડિંગમાં ૪ કેચ અને બોલિંગમાં ૩ વિકેટો, જેમાં ૧૧ રનમાં ૨ વિકેટ ઝડપી યશ કલગીના પીંછા રંગીન બનાવ્યાં છે.

**સાયલી ગણેશ સાતઘરે**

૨ જુલાઈ ૨૦૦૦માં જન્મેલ આ મહિલા ક્રિકેટર, જમણેરી બેટ્સમેન ઉપરાંત જમણેરી ફાસ્ટ મીડિયમ બોલર છે. મુંબઈ મહિલા ક્રિકેટ ટીમની સદસ્યા સાયલી ભારતની મહિલા ક્રિકેટ ટીમ તરફથી પણ રમી ચૂક્યાં છે. તેઓ મહિલા પ્રીમિયર લીગની રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ તથા ગુજરાત જાયન્ટ્સ ટીમ તરફથી




રમવાનો અનુભવ ધરાવે છે. લિસ્ટ 'એ' ની મેચોમાં તેઓએ ૧ શતક અને ૨ અર્ધ શતક સાથે ૧૨ કેચ ઝડપીને કુલ ૨૨૫૩ રન બનાવવા ઉપરાંત ૬૭ વિકેટો પણ ઝડપી છે. મહિલા ટી૨૦ માં ૮૦૪ રન કરવા સાથે ૧૫ કેચ ઝડપીને ૩૮ વિકેટો પ્રાપ્ત કરી છે.



**સાનિયા હિતેન્દ્ર રાઉત**

મુંબઈની જમણેરી બેટ્સમેન તથા ડાબોડી મહિલા સ્લો ઓર્થોડોક્સ બોલર એવી આ મહિલા ક્રિકેટર ૨૭ ઓગસ્ટ ૧૯૯૯ના રોજ જન્મેલ છે. લિસ્ટ 'એ'ની મેચોમાં સાનિયાએ પાંચ મેચમાં ૪૧ રન કરી એક કેચ ઝડપીને ૩ વિકેટો પ્રાપ્ત કરી છે. ફર્સ્ટ ક્લાસ ક્રિકેટમાં શ્રેષ્ઠતમ ૨૪ રન સાથે કુલ ૪૭ રન બનાવ્યા અને ૭ વિકેટો ખેરવી છે. મહિલા ટી૨૦માં ૯ મેચમાં કુલ ૪૦ રન બનાવી એક કેચ ઝડપી અને ૯ વિકેટો ખેરવી છે.

**સાઈમા ઠાકોર**

૧૩ સપ્ટેમ્બર ૧૯૯૬માં જન્મેલ આ



મહિલા ક્રિકેટર જમણેરી મીડિયમ ફાસ્ટ બોલર અને જમણેરી બેટ્સમેન છે. સાઇમાએ ૫૩ લિસ્ટ એ મેચો રમીને બાવન વિકેટો મેળવવા સાથે ૧૩ કેચ ઝડપીને ૨૩૭ રન બનાવ્યા છે. તેઓ ૩ ફર્સ્ટ ક્લાસ રમ્યા છે. જેમાં ૫ વિકેટો ખેરવીને ૧ કેચ ઝડપ્યો છે. તો ૧૦ વન ડે ઈન્ટરનેશનલ મેચ રમીને સાત વિકેટો મેળવી છે અને ૩ કેચ ઝડપીને કુલ ૨૬ રન નોંધાવ્યા છે. ટી૨૦માં ૩ મેચ રમીને તેમણે ૧ કેચ, ૧ વિકેટ અને ૬ રન બનાવ્યા છે. મહિલા પ્રીમિયર લીગમાં યુપી વોરિયર્સમાં રમવાનો તેઓને અનુભવ છે.



**રીયા સુરેન્દ્ર ચૌધરી**

જમણેરી બેટ્સમેન અને જમણેરી મીડિયમ ફાસ્ટ બોલરનો જન્મ ૧૮ ઓકટોબર ૨૦૦૧માં થયો હતો. મહત્વની અને અલગ તરી આવતી હકીકત એ છે કે તેઓ વિકેટકીપરની જવાબદારી પણ નિભાવી જાણે છે. તેમનો ઉજ્જ્વળ દેખાવ એવો ટી૨૦નો રેકોર્ડ દર્શાવે છે કે તેમણે ૩૦ મેચોની ૨૧ ઈનિંગ્સમાં ૩ વાર નોટ આઉટ રહી કુલ ૨૯૭ રન બનાવેલ છે તેમજ ૧૩ કેચ, ૨ રનઆઉટ તેમજ ૨૦ સ્ટમ્પિન્ગ કરી પોતાને એક પ્રતિભાવાન મહિલા ક્રિકેટર તરીકે સાબિત કર્યા છે.

**પ્રકાશિકા પ્રકાશ નાઈક**

૨૯ ઓકટોબર ૧૯૯૭માં જન્મેલ




આ મહિલા ક્રિકેટર જમણેરી બેટ્સમેન અને લેગ બ્રેક બોલર છે. મુંબઈની મહિલા ક્રિકેટ ટીમ ઉપરાંત તેઓ ગુજરાત જાયન્ટ્સ મહિલા ક્રિકેટ ટીમનો પણ અનુભવ ધરાવે છે. બેટિંગ ક્ષેત્રે ૪૬ મેચોમાં ૮ વખત નોટ આઉટ રહીને ૪૦ રન નોંધાવેલ છે, ૧૨ કેચ ઝડપીને ૧ બેટ્સમેનને રન આઉટ કરવા ઉપરાંત તેમણે ૪૨ વિકેટો ઝડપી છે.



**મંજીરી જયવંત ગાવડે**

૨૪ સપ્ટેમ્બર ૧૯૯૬માં જન્મેલ આ મહિલા ક્રિકેટર જમણેરી બેટ્સમેન અને જમણેરી મીડિયમ ફાસ્ટ બોલર છે. તેઓનો વન ડે ઈન્ટરનેશનલ મેચનો રેકોર્ડ રસપ્રદ છે જેમાં તેમણે ૪૫ મેચ રમીને એક સદી, ૬ અર્ધ શતક અને ૧૧૦ રનના શ્રેષ્ઠ સ્કોર સહિત કુલ ૧૨૩૪ રન નોંધાવ્યા છે અને ૩૪ વિકેટો ખેરવી છે. ટી૨૦માં તેમણે કુલ ૬૦ મેચો રમીને ૮૦૦ રન બનાવી અને ૨૪ વિકેટો ઝડપી છે.

**મનાલી કિશોર દક્ષિણી**

૨૯ સપ્ટેમ્બર ૧૯૯૭માં જન્મેલ આ મહિલા ક્રિકેટર જમણેરી બેટ્સમેન અને



મીડિયમ ફાસ્ટ બોલર છે. જેઓ ઈન્ડિયા બ્લૂ વુમન, ઈન્ડિયન બોર્ડ પ્રેસિડેન્ટસ વુમન XI, વેલોસિટી, ઈન્ડિયા એ વુમન, ઈન્ડિયા વુમન ઈમરજિંગ, ઈન્ડિયા સિ વુમન, મુંબઈ વુમન તથા વેસ્ટ ઝોન વુમનનું પ્રતિનિધિત્વ કરવાનો બહોળો અનુભવ ધરાવે છે.

**જાગ્રવી રાજેન્દ્ર પવાર**

જમણેરી બેટ્સમેન અને જમણેરી ઓફ બ્રેક બોલર તરીકે પ્રખ્યાત એવી આ મહિલા ક્રિકેટરનો જન્મ ૧૩ ડિસેમ્બર ૧૯૯૯ના રોજ થયેલ હતો. તેમનો ટી૨૦નો રેકોર્ડ જોઈએ




તો, તેમણે ૩૧ મેચોમાં ૩૨ વિકેટો ઝડપેલ છે. બેટિંગમાં ૬ ઈનિંગ્સમાં ૪ વાર નોટ આઉટ રહીને ૧૪ રન નોંધાવેલ છે. લિસ્ટ 'એ'ની મેચમાં ૩૪ મેચ રમીને ૫૧ વિકેટો ઝડપવા સાથે ૧૩૨ રન બનાવીને ૭ કેચ ઝડપ્યા છે.

તો આ છે મુંબઈના મહિલા ક્રિકેટરો જેમણે પોતાની તનતોડ મહેનતથી મુંબઈ સહિત ભારતનું નામ વિશ્વના ક્રિકેટ જગતમાં રોશન કર્યું છે. હજી પણ આ મહિલાઓ ભવિષ્યમાં સફળતાના ઉચ્ચતમ શિખરો સર કરે તે માટે ઓલ-ધ બેસ્ટ. ફી





મિહીર આર. ઓઝા

# મુંબઈની અંધારી આલમ.... 'અપુન કા ભી એક ટાઈમ થા'

મુંબઈ એક પ્રગતિશીલ શહેર છે. દેશની આર્થિક રાજધાની ગણાતું આ શહેર અહીંની અંધારી આલમના શહેનશાહોની ગુનાખોરીના ઈતિહાસનું પણ સાક્ષી છે. ચાલો આપણે ઓળખીએ મુંબઈની અંધારી આલમના આ કુખ્યાત 'ભાઈ લોગ'ને.

**હાજી મસ્તાન**

૧ માર્ચ ૧૯૨૬ના રોજ જન્મેલા અને ૨૫ જૂન ૧૯૯૪ના રોજ અવસાન પામેલા હાજી મસ્તાનનો જન્મ તમિલનાડુ રાજ્યના રામનાથપુરમ જિલ્લાના પાનૈકુલમ ગામમાં થયો હતો. ૧૯૬૦થી ૧૯૮૦ના દાયકામાં મુંબઈના અંડરવર્લ્ડમાં પઠાણ ગેંગના નેતા કરીમ લાલા અને દક્ષિણ ભારતના વરદરાજન મુદલિયાર સાથે બનેલી ત્રિપુટીમાં હાજી મસ્તાન એક મહત્વપૂર્ણ કડી હતા. તેમણે મુંબઈ તેમજ ગુજરાતના દરિયાકિનારે દાણચોરીના ગેરકાયદેસર કારોબારને સંગઠિત રીતે આગળ વધાર્યો હતો.

એક કુશળ સોદાબાજ અને ગણતરીબાજ ધંધાદારી તરીકે હાજી મસ્તાને મુંબઈના અંડરવર્લ્ડમાં પોતાની અલગ ઓળખ ઉભી કરી હતી. ખાસ વાત એ રહી કે પોતાના આખા જીવનકાળ દરમિયાન તેઓએ શરીર પર એક પણ ઘા પડવા દીધો નહોતો છતાં પ્રભાવપૂર્વક પોતાની પકડ જાળવી રાખી હતી. તેમણે સરકાર, પોલીસ, રાજકારણીઓ તેમજ ફિલ્મ ઉદ્યોગના અગ્રણીઓ સાથે સુમેળભર્યા સંબંધો જાળવી રાખ્યા હતા.

મસ્તાન તેમના સમયના સૌથી પ્રભાવશાળી માફિયા ડોન તરીકે ઓળખાતા હતા. સફેદ વસ્ત્રો, સફેદ જૂતા, સફેદ મર્સિડીઝ કાર અને મોંઘી ઘડિયાળ–આ બધું તેમની ફેશન પ્રત્યેની સજાગતા અને વિશિષ્ટ જીવનશૈલીનું પ્રતિબિંબ હતું. શરૂઆતમાં તેમણે ક્રોફર્ડ માર્કેટ વિસ્તારમાં નાનાં કામો કર્યા અને બાદમાં મુંબઈ પોર્ટમાં નોકરી મેળવી. પોર્ટ પર કામ કરતી વખતે સોનાના ઊંચા ભાવને કારણે તેઓ સોનાની દાણચોરીના ધંધામાં પ્રવેશ્યા, જે તેમના માટે ટર્નિંગ પોઈન્ટ સાબિત થયો.

વિચક્ષણ બુદ્ધિના મસ્તાને વિરોધી ગેંગના નેતાઓ સાથે પણ વ્યવહારુ સંબંધો જાળવી રાખ્યા હતા. અવારનવાર અંદરના વિવાદોમાં મધ્યસ્થી કરીને તેમણે સમાધાન અને શાંતિ સ્થાપવાની ભૂમિકા ભજવી હતી. 'ઈમરજન્સી'ના સમયમાં તેમને જેલમાં નાખવામાં આવ્યા હતા. જેલમુક્ત થયા બાદ તેમણે રાજકીય પક્ષની સ્થાપના કરીને જાહેર જીવનમાં પ્રવેશ કર્યો.

**વરદરાજન મુદલિયાર :**

૯ ઑક્ટોબર ૧૯૨૬ના રોજ તમિલનાડુના તુતીકોરિનમાં જન્મેલા વરદરાજન મુદલિયાર મુંબઈના અંડરવર્લ્ડના પ્રભાવશાળી ડોનમાં ગણાતા હતા. મુંબઈના વીટી સ્ટેશન પર હમાલ તરીકે કામ કરતા વરદાએ પોતાની ગુનાખોરીની શરૂઆત મુંબઈ પોર્ટ પર માલસામાનની ચોરીથી કરી હતી. ધારાવીની ઝૂંપડપટ્ટીમાં રહેતા ગરીબ તમિલવાસીઓમાં તેઓ ખૂબ લોકપ્રિય હતા. અંડરવર્લ્ડના આ શહેનશાહે ખંડણી, અપહરણ, જીવલેણ હુમલા, જમીનો ખાલી કરાવવી તેમજ ગેરકાયદેસર દારૂના ઉત્પાદન અને વેચાણ જેવા ધંધાઓનો વ્યાપ વધાર્યો હતો.

૧૯૮૦ના દાયકાની શરૂઆતમાં હાજી મસ્તાને મુંબઈમાંથી દાણચોરીનો ધંધો સમેટી લીધો અને કરીમ લાલાની ગેંગમાં સમદખાન તથા દાઉદ ઈબ્રાહીમ વચ્ચે મતભેદ ઉભા થતા અંડરવર્લ્ડમાં ખાલી જગ્યા સર્જાઈ. તે સમયે વરદરાજન મુંબઈના અંડરવર્લ્ડના મુખ્ય શહેનશાહ તરીકે ઉભરી આવ્યા. અલબત પોલીસ અધિકારી વાય.સી. પવારે આ ગેંગની સામે કડક કાર્યવાહી કરી અને ઘણા સાથીદારોના એન્કાઉન્ટર કર્યા હતા, જ્યારે અન્યને જેલમાં ધકેલી દીધા.

અમુક પરિસ્થિતિઓને કારણે વરદરાજનને ૧૯૮૩માં મુંબઈ છોડીને તમિલનાડુ જવું પડ્યું. ૨ જાન્યુઆરી ૧૯૮૮ના રોજ તેમના અવસાન સુધી તેઓ મદ્રાસ (ચેન્નાઈ)માં રહ્યા. તેમની અંતિમ ઈચ્છા મુજબ અંતિમ સંસ્કાર માટે તેમનો પાર્થિવ દેહ મુંબઈ લાવવામાં આવ્યો હતો, જેમાં હાજી મસ્તાને ઈન્ડિયન એરલાઈન્સનું ચાર્ટર વિમાન ભાડે કરવામાં મદદ કરી હતી.

**કરીમલાલા :**

પઠાણ ગેંગના નેતા કરીમ લાલા



Read online : www.feelingsmultimedia.com

અફઘાની પશ્તુન જાતિના હતા. તેમણે દક્ષિણ મુંબઈના ભીંડી બજાર જેવા ગરીબ અને ભરચક વિસ્તારમાં રહી ગુનાખોરીનો જમાવડો ઉભો કર્યો હતો. મુંબઈ બંદરે સામાન્ય નોકરીથી શરૂઆત કરનાર લાલાએ બાદમાં મારવાડીઓ અને ગુજરાતી વેપારીઓ તથા નાણાં ધીરનારાઓ અને જમીનમાલિકો તરફથી ઉઘરાણીનું કામ સંભાળ્યું.

ડોંગરી, નાગપાડા, ભીંડી બજાર અને મોહમ્મદ અલી રોડ વિસ્તારોમાં રહેતા ગરીબ મુસ્લિમોમાં તેઓ પ્રભાવશાળી નેતા તરીકે ઓળખાતા. દારૂ અને જુગારના અડ્ડા, હપ્તા વસુલી, અપહરણ, નકલી નોટો અને માદક દ્રવ્યોની હેરાફેરી જેવા ગેરકાયદેસર ધંધામાં તેમની ગેંગ સક્રિય હતી, જેમાં તેમના ભત્રીજા સમદખાન પણ સામેલ હતા.

તબિયત નાદુરસ્ત થતાં લાલાએ ગેંગની કમાન સમદખાનને સોંપી અને પોતે હોટેલ તથા પરિવહન વ્યવસાય તરફ વળ્યા. તેમની ઇફતાર પાર્ટીઓમાં હિંદી ફિલ્મ જગતની જાણીતી હસ્તીઓને આમંત્રણ અપાતું હતું. કરીમ લાલાના જીવન પરથી પ્રેરાઈને વિવિધ ભાષાઓમાં ફિલ્મો પણ બની છે.

**અરૂણ ગવલી**

મુંબઈના અંડરવર્લ્ડમાં 'ડોન' તરીકે ઓળખાયેલા અરૂણ ગવલી ૧૯૭૦ના દાયકામાં રમા નાઈક અને બાબુ રેશીમ સંચાલિત 'ભાયખલ્લા કંપની' ગેંગમાં પોતાના ભાઈ કિશોર ગવલી સાથે જોડાયા હતા. ભાયખલ્લા, પરેલ અને સાત રસ્તા વિસ્તારોમાં તેમની ગેંગની મજબૂત પકડ હતી. ૧૯૮૮માં પોલીસ મૂઠભેડમાં રમા નાઈકના મોત બાદ ગવલી દગડી ચાલ સ્થિત નિવાસસ્થાનેથી ગેંગનું સંચાલન કરતા રહ્યા. ૧૯૮૦થી ૧૯૯૦ના દાયકામાં ગવલી ગેંગ અને દાઉદ ઈબ્રાહીમની ડી-કંપની વચ્ચે સત્તાસંગ્રામ ચાલ્યો.

ગવલીએ 'અખિલ ભારતીય સેના' નામનો રાજકીય પક્ષ સ્થાપ્યો અને ૨૦૦૪માં ચિંચપોકલી મતવિસ્તારથી વિધાનસભ્ય તરીકે ચૂંટાયા હતાં. લોકસભામાં પહોંચવાનું તેમનું સ્વપ્ન પૂર્ણ ન થયું. તેમની પુત્રી ગીતા ગવલી બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં કોર્પોરેટર રહી ચૂકી છે.

૧૯૮૪માં સમદખાનની હત્યા બાદ રમા નાઈક અને ગવલી દાઉદની નજીક આવ્યા, પરંતુ ૧૯૮૮માં શરદ શેટ્ટી સાથેના જમીન વિવાદને કારણે સંબંધોમાં તણાવ આવ્યો. બાદમાં રમા નાઈકના એન્કાઉન્ટર પછી ગવલી અને દાઉદ વચ્ચે ખુલ્લી દુશ્મની શરૂ થઈ. ૧૯૯૪માં ગવલી જેલ ગયા. ૨૦૧૨માં શિવસેનાના નેતા કમલાકર જામસાંડેકર હત્યા કેસમાં તેમને આજીવન કેદની સજા ફટકારાઈ હતી. પરંતુ સપ્ટેમ્બર ૨૦૨૫માં સુપ્રીમ કોર્ટ દ્વારા તેમને જામીન મળ્યા હતા.

**રમા નાઈક**

૧૯૭૦થી ૧૯૮૦ના દાયકામાં રમા નાઈક મુંબઈના અંડરવર્લ્ડમાં પ્રભાવશાળી નામ તરીકે ઉભરી આવ્યા હતાં. તેમણે અરૂણ ગવલીને ગુનાની દુનિયામાં પ્રવેશ અપાવ્યો અને 'ભાયખલ્લા કંપની' ગેંગ દ્વારા અનેક ગુનાખોરી પ્રવૃત્તિઓ આચરી હતી. શરૂઆતમાં દાઉદ ઈબ્રાહીમ સાથે જોડાયેલી આ ગેંગે પઠાણ ગેંગની વિરોધી શક્તિ તરીકે દગડી ચાલને આધાર બનાવી વર્લી મટકા, ખૂનખરાબા અને અન્ય ગેરકાયદેસર કૃત્યો ચલાવ્યા હતા.

પોલીસ એન્કાઉન્ટરમાં રમા નાઈકના મૃત્યુ બાદ અરૂણ ગવલીને આ ઘટનામાં દાઉદ ઈબ્રાહીમનો હાથ હોવાની શંકા ઊભી થઈ. ત્યારબાદ ગવલીએ દાઉદની ડી-કંપનીથી અલગ થઈ ખુલ્લી દુશ્મની વહોરી લીધી હતી.

**દાઉદ ઈબ્રાહીમ**

૧૯૭૦ના દાયકામાં ગુનાખોરીની દુનિયામાં 'ડી-કંપની' સ્થાપનાર દાઉદ ઈબ્રાહીમ આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખાતા અંડરવર્લ્ડ ડોન તરીકે ફેમસ થયા. તેમનો જન્મ ૨૬ ડિસેમ્બર ૧૯૫૫ના રોજ મુંબઈમાં થયો હતો. તેમના પિતા ઈબ્રાહીમ કાસ્કર મુંબઈ પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતા હતા.

હાજી મસ્તાનના સંપર્કમાં આવ્યા બાદ દાઉદે બાશુ દાદા નામના ગુનેગાર સાથે મળીને પોતાની અલગ ટોળકી શરૂ કરી. પાછળથી તેમણે ૧૯૮૬માં દુબઈ સ્થાયી થવાનો નિર્ણય લીધો. માર્ચ ૧૯૯૩ના મુંબઈ બોમ્બ વિસ્ફોટ કેસમાં મુખ્ય આરોપી તરીકે દાઉદનું નામ જોડાયું હતું. તેઓ લાંબા સમયથી ભારતીય સુરક્ષા એજન્સીઓ તેમજ અમેરિકાની ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI) દ્વારા વોન્ટેડ ગુનેગારોની યાદીમાં સામેલ ગણાય છે.

**છોટા રાજન**

રાજેન્દ્ર સદાશિવ નિખાલજે, જેને 'છોટા રાજન' તરીકે ઓળખવામાં આવે છે, તેમનો જન્મ ૧૩ જાન્યુઆરી ૧૯૫૭ના રોજ મુંબઈના ચેમ્બુર વિસ્તારમાં તિલકનગરમાં થયો હતો. પોતાના ગોડફાધર બડા રાજનના માર્ગદર્શન હેઠળ તેમણે સિનેમાની ટિકિટોના કાળાબજાર જેવા નાના ગુનાઓથી ગુનાખોરીની દુનિયામાં પ્રવેશ કરેલો. બડા રાજનના મૃત્યુ બાદ ગેંગની કમાન સંભાળી અને 'છોટા રાજન' તરીકે પોતાની અલગ ઓળખ ઉભી કરી હતી.

શરૂઆતમાં થોડા સમય માટે દાઉદ ઈબ્રાહીમ અને અરૂણ ગવલીએ સાથે મળીને ગુનાખોરી આચરી હતી. દાઉદ દુબઈ સ્થાયી થયા બાદ ભારતમાં છોટા રાજન તેમના નજીકના સાથી તરીકે કુખ્યાત થયો અને ગુનાખોરીનો વ્યાપ વધાર્યો. ૧૯૮૮માં અશોક જોષી હત્યા કેસમાં નામ જોડાતાં અને અરૂણ ગવલી તરફથી બદલો લેવાશે તેવી ભીતિથી તેઓ દુબઈ ભાગી ગયા.

૧૯૯૩માં દાઉદની ડી-કંપનીથી અલગ થઈ પછી પોતાની ગેંગ બનાવી હતી. આ બંને ગેંગ વચ્ચે લાંબા સમય સુધી લોહીયાળ અથડામણો ચાલતી રહી. બેંગકોકમાં તેના પર થયેલા હુમલામાં તેમના મામા રોહિત વર્મા અને તેમની પત્ની મોતને ભેટ્યા હતાં, જ્યારે છોટા રાજન બચી ગયા. તેની સામે લગભગ ૭૦ જેટલા હત્યાના કેસ અને અનેક હત્યાના પ્રયાસોના કેસ નોંધાયેલા છે, જેમાં તેને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી.

આ છે ઉજળા મુંબઈની અંધારી આલમની એક ઝલક...





■ દીપક જગતાપ

# વિશ્વને દઝાડતા ઈરાન-ઈઝરાયલ અને અમેરિકાના યુદ્ધની જવાળાઓ હવે ભારતને પણ દઝાડશે...

રામાયણ મહાભારતનું યુદ્ધ જે રીતે ખેલાયું એનું પ્રતિબિંબ આજના યુદ્ધમાં જુદા પરિપ્રેક્ષ્યમાં જોવા મળી રહ્યું છે. વિશ્વના દેશો આજે એક બીજાથી સુપર પાવર બનવાની હોડમાં વિશ્વને ત્રીજા વિશ્વયુદ્ધ તરફ ધકેલી રહ્યાં છે ત્યારે ચારે તરફ માત્ર અને માત્ર વિનાશ નોતરતા આ યુદ્ધ સામે હવે એવું કહેવાઈ રહ્યું છે કે,

**'પાર્થને કહો, ના ચડાવે બાણ,**
**હવે તો યુદ્ધ અટકે એજ કલ્યાણ'**

યુદ્ધની સ્થિતિમાં સેન્સેક્સ અને નિફ્ટીમાં તબાહી મચી ગઈ છે. લોકોની પરસેવાની કરોડોની કમાણી પળવારમાં સ્વાહા થઈ ગઈ છે. અમેરિકી શેરબજારમાં પણ લાખો ડોલરનું નુકસાન નોંધાયું છે.

યુદ્ધને કારણે લોકોમાં ભયનો માહોલ વ્યાપ્યો છે. સુરક્ષા વ્યવસ્થા ડગમગવા લાગી છે અને નાગરિકોની સુરક્ષા મોટો પ્રશ્ન બની ગઈ છે. મહામહેનતે ઊભી કરેલી મિલકતો અને સંપત્તિ મિસાઈલ હુમલાઓમાં પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈને કાટમાળમાં ફેરવાઈ ગઈ છે. ચારે બાજુ વિનાશના દ્રશ્યો જોવા મળી રહ્યાં છે.

જાણે કે વિશ્વયુદ્ધના નગારા વાગી રહ્યા છે. ઈરાન-ઈઝરાયલ અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા આ સંઘર્ષની વિશ્વના દેશો પર શું અસર પડશે? ભારત પર તેની શું અસર થશે? વૈશ્વિક અર્થતંત્ર કેવી રીતે પ્રભાવિત થશે? યુદ્ધની ભયાનકતા કેટલી હશે? સામાન્ય જનજીવન પર તેની કેવી અસર પડશે? આવા અનેક પ્રશ્નો આજે ઊભા થયા છે.

અંતે, આ યુદ્ધ અટકાવવા માટે શું કરવું જોઈએ તેની ચર્ચા આજે દેશ-વિદેશમાં થઈ રહી છે.

ઈરાન-ઈઝરાયલ અને અમેરિકા વચ્ચેનો આ સંઘર્ષ ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૬થી શરૂ થયો છે અને સતત વિસ્તરી રહ્યો છે. અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર મોટા પાયે હુમલા કર્યા છે, જેમાં સુપ્રીમ લીડર અલી ખામેનેઈ સહિત ટોચના નેતાઓના મોત થયા હોવાના અહેવાલ છે. ઈરાને મિસાઈલ અને ડ્રોન હુમલા દ્વારા વળતો જવાબ આપ્યો છે. ઈઝરાયલ અને અમેરિકન બેઝ તથા ગલ્ફ દેશો (સાઉદી અરેબિયા, UAE વગેરે) પર પણ હવાઈ હુમલાઓ થયા છે. હવે લેબનોનનું હેઝબોલ્લાહ પણ આ યુદ્ધમાં સામેલ થયું છે અને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિસ્તારમાં તણાવ વધ્યો છે.

હાલ આ યુદ્ધે ત્રીજા વિશ્વયુદ્ધનું સ્વરૂપ ધારણ કર્યું નથી, પરંતુ જોખમ સતત વધી રહ્યું છે, કારણ કે રશિયા અને ચીન જેવા દેશો હવે ઈરાનને સમર્થન આપી રહ્યા છે, ભલે તેઓ સીધી રીતે યુદ્ધમાં જોડાયા નથી.

**વિશ્વના દેશો પર અસર:**

આ યુદ્ધના કારણે મધ્યપૂર્વના દેશો- ઈરાન, ઈઝરાયલ, લેબેનોન અને ગલ્ફ દેશોમાં ભારે નુકસાન થયું છે. અનેક લોકોના મોત થયા છે અને લાખો લોકો વિસ્થાપિત બન્યા છે. યુરોપ અને એશિયામાં ઊર્જા સંકટ ઊભું થયું છે અને તેલ-ગેસના ભાવમાં ૨૫-૪૦% સુધીનો વધારો નોંધાયો છે.

અમેરિકાની વાત કરીએ તો એના સૈન્યને પણ મોટું નુકસાન થયું છે એના એરક્રાફ્ટ ક્રેશ થયા છે. ઘણા મૃત્યુ થયા છે. અન્ય દેશો ઉપર રાજકીય દબાણ વધી રહ્યું છે. એનાથી વિશ્વ ચિંતિત છે. બીજી તરફ તેલના ઉંચા ભાવથી રશિયા-ચીનને આર્થિક લાભ થાય તેમ છે.

ભારત ૮૦ થી ૯૦% ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જેમાંથી મોટો ભાગ મધ્યપૂર્વમાંથી આવે છે. સ્ટ્રેટ ઓફ હોર્મુઝમાં વિક્ષેપને કારણે તેલના ભાવ હાલના પ્રતિ બેરલ ૯૦ થી ૧૨૦ ડોલર સુધી પહોંચ્યા છે, જેના કારણે રૂપિયો નબળો પડ્યો છે, કરંટ એકાઉન્ટ ડેફિસિટ વધતા ફુગાવો પણ વધ્યો છે જેના પરિણામે ખોરાક અને પરિવહન ખર્ચ પણ વધ્યા છે. જેની શેરબજાર પર પણ ભારે અસર વર્તાઈ રહી છે.

ભારતના આર્થિક વૃદ્ધિ દરમાં (GDP) ૧ થી ૨% સુધીનો ઘટાડો થવાની પણ શક્યતા છે.

**વિશ્વના અર્થતંત્ર પર અસર:**

યુદ્ધની સીધી અસર વૈશ્વિક અર્થતંત્ર પર જોવા મળી રહી છે. તેલના ભાવ ૧૦૦ ડોલરથી ઉપર જતા વૈશ્વિક ફુગાવો ૦.૫ થી ૧% જેટલો વધી શકે છે. ચીન, ભારત, જાપાન અને


Read online : www.feelingsmultimedia.com



કોરિયા જેવા ઊર્જા આયાત પર આધારિત દેશો સૌથી વધુ અસરગ્રસ્ત બનશે.

યુરોપમાં ઊર્જા સંકટ ઊભું થયું છે જેથી ન્યુક્લિયર ઊર્જા તરફ ઝોક વધ્યો છે. શિપિંગ, એવિએશન અને ટુરિઝમ ક્ષેત્રો પર વિપરિત અસર પડશે. વૈશ્વિક વેપારમાં પણ ઘટાડો નોંધાયો છે.

જો આ યુદ્ધ લાંબું ચાલશે, તો વૈશ્વિક મંદીનું જોખમ વધી શકે છે, જે ભૂખમરો, સ્થળાંતર અને માનસિક તણાવ જેવી સમસ્યાઓને જન્મ આપી શકે છે. યુક્રેન-રશિયા યુદ્ધમાં આ જોવા મળ્યું હતું.

**યુદ્ધની ભયાનકતા અને જનજીવન પર અસર:**

યુદ્ધ ભયાનક સ્તરે પહોંચી રહ્યું છે. શાળાઓ, શહેરો અને રહેણાંક વિસ્તારો પર થઈ રહેલા હવાઈ હુમલાઓથી વિનાશકારી સ્થિતિ સર્જાઈ છે. અનેક લોકો વિસ્થાપિત થયા છે અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર તબાહ થયું છે.

સામાન્ય લોકો માટે જીવન અત્યંત મુશ્કેલ બની ગયું છે. ખોરાક, પાણી અને દવાઓની અછતને કારણે માનવીય સંકટ ઊભું થયું છે. હજારો લોકો ઘાયલ થયા છે.

અમેરિકા અને ઈઝરાયલે ઈરાનના ૧૫,૦૦૦થી વધુ ટાર્ગેટ્સ પર ભારે હુમલા કર્યા છે. તેના પરિણામે ઈરાનની મિસાઈલ અને ડ્રોન ક્ષમતા નબળી પડી છે, જવાબમાં ઈરાન સતત પ્રતિહુમલા કરી રહ્યું છે.

ઈરાન દ્વારા કરવામાં આવેલા મિસાઈલ્સ હુમલામાં ઉત્તર ઈઝરાયલના રહેણાંક વિસ્તારો નિશાન બન્યા છે. જેના કારણે અનેક નિર્દોષ નાગરિકોને નુકસાન પહોંચ્યું છે. હિઝબોલ્લાહ સાથે મળીને સંયુક્ત મિસાઈલ ઓપરેશન હાથ ધરતાં ઈઝરાયલ પર સતત રોકેટ હુમલા કરવામાં આવી રહ્યા છે. બીજી તરફ અમેરિકાએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ વિસ્તારમાં ઈરાનના ૧૬ માઈન-લેયર્સ નષ્ટ કર્યા છે.

ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનેઈએ જણાવ્યું છે કે અમેરિકન બેઝ બંધ ન થાય ત્યાં સુધી સ્ટ્રેટ બંધ જ રહેશે. હાલ ઈરાનમાં ૩.૨ મિલિયનથી વધુ લોકો વિસ્થાપિત થયા છે. ઈઝરાયલમાં ૧૭થી વધુ સિવિલિયનના મૃત્યુ થયા છે અને ૨,૯૭૫થી વધુ લોકો ઘાયલ થયા છે. અમેરિકા તરફે ૧૫થી વધુ સૈનિકોના મોત નોંધાયા છે, ૧૭૦થી વધુ સૈનિકો ઘાયલ થયા છે તેમજ એરક્રાફ્ટ ક્રેશ જેવી ઘટનાઓ પણ સામે આવી છે. લેબેનોનમાં ઈઝરાયલી હુમલાઓમાં ૭૭૩થી વધુ લોકોના મૃત્યુ નોંધાયા છે.

**જો યુદ્ધ લાંબું ચાલે તો કેવી અસરો જોવા મળશે?**

જો યુદ્ધ લાંબા સમય સુધી ચાલુ રહે, તો વૈશ્વિક તેલના ભાવ ૧૩૦-૧૫૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી શકે છે, જેના પરિણામે વૈશ્વિક મંદી અને ફૂડ ક્રાઈસીસ જેવી પરિસ્થિતિ ઊભી થઈ શકે છે. ખાતર અને ખોરાકના ભાવમાં નોંધપાત્ર વધારો થશે અને તેની અસર ઘણાં-બધાં દેશોમાં જોવા મળશે.

ભારતની વાત કરીએ તો દેશમાં ફુગાવો ૮ થી ૧૦% વધુ વધી શકે છે અને GDP વૃદ્ધિ દર ૫%થી નીચે જઈ શકે છે. LPG અને ખાતર પરની સબસિડીનો બોજ પણ નોંધપાત્ર રીતે વધશે. પરિણામે રોજગારીમાં ઘટાડો થશે અને ગરીબી વધવાની શક્યતા છે.

ભારતીયોની સુરક્ષા અંગે વાત કરીએ તો, અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. તેમ છતાં ભારત સરકાર ખૂબ જ સક્રિય રીતે સ્થિતિ પર નજર રાખી રહી છે. ગલ્ફ દેશોમાં (UAE, સાઉદી અરેબિયા, કતાર, બહેરીન, કુવૈત અને ઓમાન) આશરે ૯થી ૧૦ મિલિયન ભારતીયો કાર્યરત છે. તેમાંના મોટા ભાગના હાલ સુરક્ષિત છે, પરંતુ કેટલાક વિસ્તારોમાં ઈરાની મિસાઈલ અને ડ્રોન હુમલાના કારણે જોખમ યથાવત છે.

ભારત સરકાર આ સમગ્ર પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહી છે. અત્યાર સુધીમાં ૬૭,૦૦૦થી વધુ ભારતીયો મધ્યપૂર્વમાંથી પરત ફર્યા છે, જેમાંથી ૫૨,૦૦૦થી વધુ ભારતીયોને ગલ્ફ દેશો (UAE, કતાર વગેરે)માંથી પરત લાવવામાં આવ્યા છે. કતારમાંથી ૧,૦૦૦થી વધુ લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું છે, જ્યારે UAEમાંથી હજારો ભારતીયો પરત ફર્યા છે. આ માટે ૫૮થી વધુ વિશેષ ફ્લાઈટ્સ ચાલુ કરવામાં આવી છે.

ઈરાનમાં આશરે ૯,૦૦૦ ભારતીયો વસે છે (મોટાભાગે વિદ્યાર્થીઓ, બિઝનેસમેન



અને યાત્રાળુઓ) જ્યાં હાલ સૌથી વધુ જોખમ છે. હુમલાઓ, બ્લેકઆઉટ અને શહેરોમાં વધતા તણાવને કારણે ઈરાનમાં સ્થિતિ ગંભીર બની છે. લગભગ ૩,૦૦૦ જેટલા ભારતીય વિદ્યાર્થીઓમાંથી ૨,૦૦૦ જેટલા જમ્મુ-કાશ્મીરના વિદ્યાર્થીઓ ત્યાં ફસાયેલા છે. ઈઝરાયલ અને લેબેનોનમાં ભારતીયોની સંખ્યા ઓછી છે, પરંતુ મિસાઈલ હુમલાના જોખમને અવગણી શકાય તેમ નથી.

આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિવિધ એડવાઈઝરીઓ પણ જારી કરવામાં આવી છે. ઈરાનમાં ભારતીયોને 'ઉચ્ચ સાવચેતી રાખો, બહાર ન નીકળો અને ઈન્ડોર જ રહો' એવી સલાહ આપવામાં આવી છે. એમ્બેસી તરફથી લેન્ડ બોર્ડર ક્રોસ કરવા માટે પૂર્વ પરવાનગી ફરજિયાત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને તેહરાનમાંથી સુરક્ષિત વિસ્તારોમાં રિલોકેટ કરવામાં આવ્યા છે.

ભારત અને ઈરાન વચ્ચેના સંબંધો અત્યંત પ્રાચીન અને ગાઢ છે, જે ૩૦૦૦ વર્ષ કરતાં પણ વધુ જૂના છે. ઈસ્લામના ઉદ્દ્ભવ પહેલાના આ સંબંધો સાંસ્કૃતિક, વેપારી, રાજકીય અને વ્યૂહાત્મક સ્તરે વિકસ્યા છે. છતાં, હાલ ચાલી રહેલા અમેરિકા-ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધને કારણે આ સંબંધોમાં તણાવ ઊભો થવાની શક્યતા છે.

સદીઓથી ભારત અને ઈરાન વચ્ચે સાંસ્કૃતિક આપ-લે ચાલુ રહી છે-ફારસી ભાષા, સાહિત્ય, ફિલસૂફી અને સિલ્ક રૂટ દ્વારા વેપાર જેવા ક્ષેત્રોમાં ગાઢ જોડાણ રહ્યું છે. ૧૯૫૦માં બંને દેશો વચ્ચે ઔપચારિક રાજદ્વારી સંબંધો સ્થાપિત થયા હતાં.

ઈરાન ભારત માટે મહત્વનો તેલ સપ્લાયર રહ્યો છે, પરંતુ અમેરિકી પ્રતિબંધોને કારણે ૨૦૧૯થી ભારતે ત્યાંથી તેલ ખરીદી બંધ કરી છે. તેમ છતાં, ભારત ઈરાનને હજુ પણ ભવિષ્યના મહત્વના ઊર્જા વિકલ્પ તરીકે જુએ છે.

ભારત હાલ તટસ્થ રહેવાનો પ્રયાસ કરી રહ્યું છે, પરંતુ તેની સ્થિતિને 'સ્ટ્રેટેજિક ડિપેન્ડન્સ' તરીકે પણ જોવામાં આવે છે, ખાસ કરીને અમેરિકા અને ઈઝરાયલ સાથેના સંબંધોને ધ્યાનમાં રાખીને. ભારતે સીધી રીતે આ યુદ્ધની નિંદા કરી નથી, પરંતુ સંવાદ અને કૂટનીતિ દ્વારા ઉકેલ લાવવાની અપીલ કરી છે.

અમેરિકા અને ઈઝરાયલ સાથે ભારતના સંબંધો ડિફેન્સ અને ટેક્નોલોજી ક્ષેત્રે મજબૂત છે, જ્યારે ઈરાન સાથેના સંબંધો ઊર્જા, કનેક્ટિવિટી (ચાબહાર પોર્ટ, INSTC) અને ગલ્ફમાં વસતા ૯-૧૦ મિલિયન ભારતીયોની સુરક્ષા માટે અત્યંત મહત્વપૂર્ણ છે. ઈરાન હજુ પણ ભારતને 'લવ્સ ઈન્ડિયા' તરીકે માને છે.

**ભારતના અર્થતંત્ર પર સંભવિત અસર:**

ભારત પોતાની જરૂરિયાતનું ૮૫ થી ૯૦% ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જેમાંથી અડધાથી વધુ મધ્યપૂર્વમાંથી આવે છે અને મોટાભાગનો પુરવઠો સ્ટ્રેટ ઓફ હોર્મુઝ મારફતે પહોંચે છે. યુદ્ધને કારણે આ માર્ગ અસરગ્રસ્ત બનતા તેલના ભાવમાં તીવ્ર વધારો નોંધાયો છે.

તેલના ભાવ વધવાથી પેટ્રોલ, ડીઝલ, LPG, ખાતર, પરિવહન અને ખોરાક મોંઘા થયા છે. RBI અને અન્ય સંસ્થાઓના અંદાજ મુજબ, ૧૦ ડોલરના બેરલ દીઠ ભાવ વધારા સાથે મોંઘવારી ૦.૨૫ થી ૦.૩૦% સુધી વધી શકે છે. જો તેલના ભાવ ૧૦૦ ડોલર આસપાસ સ્થિર રહે, તો મોંઘવારી ૪% સુધી પહોંચી શકે છે. ખાસ કરીને LPG અને ખાતર સબસિડી પર બે થી ત્રણ લાખ કરોડ રૂપિયા જેટલો વધારાનો બોજ આવી શકે છે.

રૂપિયો નબળો પડતા આયાત બિલ વધવાની શક્યતા છે. મધ્યપૂર્વમાં શિપિંગ વિક્ષેપને કારણે બાસમતી ચોખા સહિતના વિવિધ ચીજવસ્તુઓની નિકાસ પર અસર પડી છે, ખાતર અને એલ્યુમિનિયમ જેવા કાચા માલની અછત ઉભી થતાં ખેતી અને ઉદ્યોગ બંનેને અસર કરશે.

**અન્ય દેશો પર અસર:**

ચીન વિશ્વનો સૌથી મોટો તેલ આયાતકાર દેશ છે, જે મધ્યપૂર્વમાંથી ૪૫ થી ૫૦% ક્રૂડ ઓઈલ અને ૩૦% LNGની આયાત કરે છે, જેમાંથી મોટો ભાગ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ મારફતે ચીનમાં આવે છે. યુદ્ધને કારણે ચીનમાં પણ ઊર્જાના ભાવમાં વધારો થયો છે, પરંતુ તેની વૈવિધ્યસભર સપ્લાય અને તૈયારીને કારણે તે ભારત કરતાં થોડું વધુ સુરક્ષિત છે. આ યુદ્ધમાં ચીનનો સીધો હસ્તક્ષેપ નથી પરંતુ ડિપ્લોમસી અને ૩,૦૦૦થી વધુ નાગરિકોના સ્થળાંતર પર તેણે પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

જાપાન ૯૦ થી ૯૫% ઊર્જાની આયાત પર નિર્ભર છે અને તેમાંથી ૭૦% સ્ટ્રેટ ઓફ હોર્મુઝ મારફતે આવે છે, તેથી તે સૌથી વધુ અસરગ્રસ્ત દેશોમાં સામેલ છે. તેલ અને LNGના વધતા ભાવને કારણે જાપાનમાં ગંભીર આર્થિક અસરો જોવા મળી રહી છે. તેમ છતાં, જાપાન પાસે ત્રણ મહિનાનો તેલનો સ્ટોક છે. ન્યુક્લિયર પ્લાન્ટ્સ ફરી શરૂ કરવા તેમજ રિન્યુએબલ ઊર્જા પર હવે ધ્યાન કેન્દ્રીત કરવાની તેની યોજના છે.

ઉચ્ચ નિર્ભરતા (૯૦%+)ને કારણે જાપાનમાં ફુગાવો, GDP ઘટાડો અને સ્ટેગફ્લેશનનું જોખમ વધ્યું છે, પરંતુ જાપાન સરકાર અને Bank of Japan સતર્ક છે.

**વૈશ્વિક પરિસ્થિતિ:**

વૈશ્વિક મંદીના ભયને કારણે અનેક કંપનીઓ બંધ થઈ રહી છે. બેન્કિંગ સેક્ટર અને IT ક્ષેત્રમાં છટણી વધી રહી છે. અમેરિકા, બ્રિટન, ન્યૂઝીલેન્ડ અને કેનેડા જેવા દેશોમાં મંદીની શક્યતા વધી રહી છે.

વર્લ્ડ ઓફ સ્ટેટિસ્ટિક્સના ડેટા અનુસાર બ્રિટનમાં મંદીની સૌથી વધુ શક્યતા છે, જ્યારે ન્યૂઝીલેન્ડમાં ૭૦% અને અમેરિકામાં ૬૫% સુધીની સંભાવના દર્શાવવામાં આવી છે. ભારતમાં મંદીની શક્યતા અત્યંત ઓછી દર્શાવવામાં આવી છે, જે થોડી રાહત આપે છે.





**યુદ્ધ અટકાવવા માટે શું કરવું જોઈએ:**

હવે વિશ્વના દેશો યુદ્ધ અટકાવવા ઈચ્છી રહ્યા છે. તાત્કાલિક સીઝફાયર અનિવાર્ય છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં દબાણ લાવી આ યુદ્ધ રોકવું જરૂરી છે. ચીન, રશિયા અને અમેરિકા વચ્ચે વાટાઘાટો તથા ભારત જેવા તટસ્થ દેશોની મધ્યસ્થી મહત્વપૂર્ણ બની શકે છે.

વિશ્વમાં તણાવ ઘટાડવા માટે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા માટે સમજૂતી જરૂરી છે. લાંબા ગાળે ઈરાનના ન્યુક્લિયર કાર્યક્રમ પર JCPOA જેવા નવા કરારો અને પ્રાદેશિક સુરક્ષા સંવાદ (ઈઝરાયલ-અરબ-ઈરાન) દ્વારા આનો ઉકેલ લાવી શકાય તેમ છે.

**કોસ્ટ ઓફ વોર**

જગત જમાદાર થવાના અભરખામાં અમેરિકાએ ૯-૧૧ પછી આખા જગતમાં હુમલા વધારી દીધા છે. એ યુદ્ધની અસરોનો હિસાબ અમેરિકાની બ્રાઉન યુનિવર્સિટીએ 'કોસ્ટ ઓફ વોર' નામે તૈયાર કર્યો છે. જેમાં જણાવ્યા મુજબ ૨૦૦૧ થી લઈને ૨૦૨૩ સુધી (ત્યારપછીનો હિસાબ તૈયાર નથી) અમેરિકાએ આતંકવાદના ઓથા હેઠળ કયા દેશોમાં કેવા હુમલા કર્યા? એની કેવી અસરો થઈ એ તમામ બાબતોનો આ અહેવાલમાં સમાવેશ છે.

**અમેરિકાના યુદ્ધનો આંકડો આ રહ્યો....**

મૃત્યુઆંક ૪૫ લાખથી વધુ, વિસ્થાપિતોની સંખ્યા ૩.૮ કરોડ, કુપોષિત બાળકો ૭૬ લાખથી વધુ, અમેરિકાનો કુલ યુદ્ધ ખર્ચ ૬૬૦ લાખ કરોડ રૂપિયા, અમેરિકાનો આંતરિક સુરક્ષા ખર્ચ ૯૧ લાખ કરોડ રૂપિયા અત્યાર સુધીમાં લગભગ ૧ ટ્રિલિયન ડોલર (૮૩ લાખ કરોડ રૂપિયા) અમેરિકાએ માત્ર વ્યાજપેટે ચૂકવ્યા છે.

૨૦૨૨ સુધીમાં, અમેરિકાએ અંદાજે ૮ ટ્રિલિયન ડોલર (આશરે ૬૬૦ લાખ કરોડ રૂપિયા) ખર્ચ્યા છે. આ યુદ્ધો સંપૂર્ણપણે દેવું કરીને લડવામાં આવ્યા હોવાથી, અત્યાર સુધીમાં અમેરિકાએ ૧ ટ્રિલિયન ડોલર (લગભગ ૮૩ લાખ કરોડ રૂપિયા) માત્ર વ્યાજ પેટે જ ચૂકવ્યા છે.

એવો પણ અંદાજ છે કે ૨૦૩૦ સુધીમાં વ્યાજની આ રકમ $ ૨ ટ્રિલિયન (લગભગ ૧૬૬ લાખ કરોડ રૂપિયા) સુધી પહોંચી જશે. આ ઉપરાંત ૨૦૦૨થી અત્યાર સુધીમાં અમેરિકાની આંતરિક સુરક્ષા માટે પણ $૧.૧ ટ્રિલિયન એટલે કે ૯૧.૩ લાખ કરોડ રૂપિયાથી પણ વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે.

સૌથી ચોંકાવનારી વિગત એ છે કે યુદ્ધના મેદાનમાં શહીદ થયેલા સૈનિકો કરતાં ચાર ગણા વધુ સૈનિકો અને નિવૃત્ત સૈનિકોએ યુદ્ધના માનસિક આઘાતના કારણે આત્મહત્યા કરી જે એક ગંભીર સ્વાસ્થ્ય સંકટ તરફ ઈશારો કરે છે. આ ઉપરાંત, ૧૮ લાખથી વધુ નિવૃત્ત સૈનિકો યુદ્ધને કારણે શારીરિક કે માનસિક રીતે વિકલાંગ બન્યા છે.

આ વિકલાંગ સૈનિકોની આજીવન સારવાર અને પેન્શનનો ખર્ચ અમેરિકી સરકાર માટે એક મોટો આર્થિક બોજ બની રહ્યો છે, જે ૨૦૫૦ સુધીમાં $૨.૨ થી $૨.૫ ટ્રિલિયન ડોલર (૧૮૨ લાખ કરોડ રૂપિયાથી ૨૦૭ લાખ કરોડ રૂપિયા) સુધી પહોંચવાની ધારણા છે.

અમેરિકી સંરક્ષણ વિભાગ તેલનો વિશ્વનો સૌથી મોટો ગ્રાહક હોવાને કારણે ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં મોટો ભાગ ભજવે છે. જે જળવાયુ પરિવર્તનને વેગ આપે છે. યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં ઝેરી કચરો અને પ્રદૂષણ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ નોતરી રહ્યું છે.

હવે શાંતિ માટે વૈશ્વિક અવાજ ઉઠાવવો જરૂરી છે. સોશિયલ મીડિયા, જનઆંદોલન અને રાજદ્વારી દબાણ દ્વારા યુદ્ધ વિરોધી ઝુંબેશ મજબૂત કરવી જોઈએ. હવે તો યુદ્ધ અટકે એ જ કલ્યાણ કારણ કે,

**શાંતિના કબૂતરે તોપના નાળચામાં બાંધ્યો છે માળો...**
**આ માળામાં નવજીવન અવતરે, એ જ સાચું કલ્યાણ...**





■ જ્યોતિ જગતાપ

# મચ્છર જેવડાં ડ્રોન યુદ્ધની તસ્વીર બદલતી ચીનની નવી આધુનિક મિનિ ટેકનોલોજીની અદ્‌ભૂત કમાલ

ચીનના વિજ્ઞાનીઓએ લશ્કરી કામગીરી માટે ઉપયોગી બની શકે એવા મચ્છર જેટલા કદના ટચૂકડા મિલિટ્રી ડ્રોન વિકસાવ્યા છે. તેને 'મોસ્કિટો ડ્રોન' પણ કહેવામાં આવે છે. મધ્ય ચીનના હુનાન પ્રાંતમાં આવેલી નેશનલ યુનિવર્સિટી ઓફ ડિફેન્સ ટેકનોલોજી (NUDT) ખાતે કાર્યરત રોબોટિક્સ લેબોરેટરી દ્વારા આ ડ્રોન વિકસાવવામાં આવ્યા છે. આ ડ્રોન યુદ્ધ દરમિયાન મોટી તબાહી મચાવી શકે તેવી ક્ષમતા ધરાવે છે. આ મિલિટ્રી ડ્રોન સર્વેલન્સ ઉપરાંત છુપાઈને ગુપ્ત જાસૂસી મિશનને પણ અંજામ આપી શકે છે. યુદ્ધ દરમિયાન ચીની સેના આ નાના ડ્રોનની મદદથી દુશ્મન પર નજર રાખી શકે છે.

આ નાનકડા ડ્રોનમાં કેમેરા, સેન્સર, પાવર ડિવાઈસ જેવા અનેક એલિમેન્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. તે એક પ્રકારનો રોબોટ છે, જેને મિનિએચર બાયોનિક રોબોટ કહેવામાં આવે છે. તેમાં બે નાની પાંખો બનાવવામાં આવી છે, જે દેખાવમાં મચ્છરની પાંખો જેવી લાગે છે. આ ડ્રોનને સ્માર્ટફોન દ્વારા નિયંત્રિત કરી શકાય છે.

મચ્છરના કદના આ રોબોટને બે નાનકડી પાંખો અને વાળ જેવા પાતળા ત્રણ પગ છે. તેની લંબાઈ એક મચ્છર જેટલી એટલે કે આશરે ૧.૩ સેન્ટિમીટર છે. આ ડ્રોનની પાંદડા જેવી પાંખો અને પાતળા પગ ખાસ લશ્કરી કામગીરી માટે વિકસાવવામાં આવ્યા છે. ત્રણ પાતળા પગના આધારે આ ડ્રોન હથેળીમાં પણ લેન્ડ થઈ શકે છે.


આ ટચૂકડા ડ્રોન શહેરોમાં લડાઈ દરમિયાન તેમજ ઈલેક્ટ્રોનિક સર્વેલન્સ માટે ઉત્તમ સાધન સાબિત થઈ શકે છે. આ નાના ડ્રોનને ઓળખવું લગભગ અશક્ય હોય છે, તેથી તે જાસૂસી કામગીરી માટે પણ ઉત્તમ સાધન બની શકે છે. તેના સંચાલન માટે હથેળીમાં સમાઈ જાય તેવું નાનું ઉપકરણ પૂરતું બને છે.

આ મિલિટ્રી ડ્રોનનો ઉપયોગ યુદ્ધના સમયે અનેક પ્રકારના લશ્કરી ઓપરેશન્સ માટે થઈ શકે છે. ખાસ કરીને સર્વેલન્સ અને ગુપ્ત મિશનોને અંજામ આપવા માટે આ મચ્છર જેવા ડ્રોનને સક્ષમ માનવામાં આવે છે. આ ઉપરાંત, તે ઈમરજન્સીની સ્થિતિમાં બચી ગયેલા લોકોને શોધવામાં પણ મદદ કરી શકે છે. તેમાં નેવિગેશન માટે અનેક પ્રકારના સેન્સર લગાવવામાં આવ્યા છે. જે વાતાવરણની સ્થિતિ, હવાની ગુણવત્તા તેમજ પાણીની ગુણવત્તા જેવી બાબતો માપી શકે છે.

તદ્ઉપરાંત ધરતીકંપ જેવી કુદરતી આફતોમાં કાટમાળ કે ભંગારની અંદર જઈ આ મચ્છર ડ્રોન જીવિત બચેલા લોકોને શોધવામાં મદદરૂપ બની શકે છે. આ ડ્રોન હવાની અને પાણીની ગુણવત્તા પર નજર રાખવાનું કામ પણ અસરકારક રીતે કરી શકે છે.


જો કે આ માઈક્રો ડ્રોન કદમાં નાના હોવાથી તેમાં કંઈક લઈ જવાની ક્ષમતા ખૂબ મર્યાદિત છે. તેમની બેટરી પણ નાની હોવાથી તેમની ઉડાનનો સમય પણ ટૂંકો હોય છે. તેમ છતાં, બેટરી લાઈફ, સેન્સર ટેકનોલોજી અને એઆઈ (AI) ટેકનોલોજી દ્વારા આ મચ્છર ડ્રોનની ક્ષમતામાં અનેકગણો વધારો થઈ શકે છે. યુદ્ધના મેદાનમાં સૈનિકો આ નાના અને બુદ્ધિશાળી રોબોટનો કેવી રીતે ઉપયોગ કરશે તે જોવું રસપ્રદ રહેશે.

જો કે નાની બેટરીને કારણે આ ડ્રોન લાંબા સમય સુધી ઉડી શકતો નથી. પરંતુ બેટરી લાઈફ અને સેન્સર ટેકનોલોજીમાં સુધારા કરીને તેની કાર્યક્ષમતા વધારી શકાય છે. સાથે જ તેમાં એઆઈ આધારિત ફીચર્સ ઉમેરવામાં આવે તો આ પ્રોટોટાઈપ વધુ અસરકારક બની શકે છે. ફી





Read online : www.feelingsmultimedia.com


CELEBRATING 50 YEARS OF TRUST AND LIFETIME BOND
RAJANI® GROUP
Since : 1975
Pure ingredients that nurture
your skin naturally
Rose & Cream
Pure Cream for Pure Skin
White Cream
Pure Cream for Pure Skin
Haldi Chandan
Fresh Lime
Refreshing
Rose & Cream
White Cream
Haldi Chandan
Fresh Lime
*Grade 1 Soap 76% TFM

ડૉ. મુકેશ જોષી



# વિશ્વ જળ દિવસ ૨૦૨૬ની થીમને ૨૦૦૧થી જ ચરિતાર્થ કરતા 'પાણીદાર' નરેન્દ્રભાઈ – સાચા અર્થમાં 'પાણીદાતા'!

આપણા દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાન અને બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા વિરલ રાજપુરુષ તેમના કુશળ અને સમર્થ નેતૃત્વ થકી રાષ્ટ્રને વિશ્વગુરુ બનવા તરફ દોરી રહ્યા છે. તેમના અનેકવિધ યોગદાનોમાંની એક એવી બાબત છે, જેના માટે હાલની અને ભવિષ્યમાં આવનારી પેઢીઓ તેમની ઋણી રહેશે–અને તે છે પાણીદાર નરેન્દ્રભાઈ મોદીનું જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અભૂતપૂર્વ યોગદાન.

આમ તો 'પાણીદાર' શબ્દનો અર્થ પાણીવાળો, તેજસ્વી, શૂરવીર વગેરે થાય છે; પરંતુ અગાઉ ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી તરીકે અને હાલ દેશના યશસ્વી વડાપ્રધાન તરીકે તેમણે પાણીના ક્ષેત્રે જે કાર્ય કર્યું છે, તે તેમને 'પાણી દાતાર' તરીકે ઓળખ અપાવે છે.

દર વર્ષે ૨૨ માર્ચના રોજ વિશ્વ જળ દિવસ ઉજવવામાં આવે છે. વર્ષ ૨૦૨૬ના વિશ્વ જળ દિવસની થીમ 'Water and Gender – પાણી અને લક્ષ્મી' છે, જે સુરક્ષિત પાણી અને સ્વચ્છતા પર કેન્દ્રિત છે. આ વર્ષની વૈશ્વિક જળ ઝુંબેશનું સૂત્ર છે 'જ્યાં પાણી વહે છે, ત્યાં સમાનતા વધે છે.'

આ સૂત્ર દર્શાવે છે કે પાણીની ઉપલબ્ધતા સ્ત્રીઓ અને છોકરીઓના આરોગ્ય, શિક્ષણ, કાર્ય અને સમુદાયમાં તેમની ભૂમિકાઓ પર કેવી અસર કરે છે. વિશ્વ ભલે આ થીમ ૨૦૨૬માં અપનાવી રહ્યું છે, પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે છેક ૨૦૦૧થી નરેન્દ્રભાઈ આ દિશામાં સતત અને સખત પુરુષાર્થ કરતા આવ્યા છે.

મનુષ્યનું શરીર જળ, વાયુ, આકાશ, પૃથ્વી અને અગ્નિ એમ પંચતત્ત્વોથી બનેલું છે. તેમાં પણ જળનું વિશેષ મહત્વ છે. ભારતીય સંસ્કૃતિના પ્રાચીન ગ્રંથો–ઋગ્વેદ, અથર્વવેદ તથા ઉપનિષદોમાં પાણીના સ્ત્રોતોનું મહત્વ અને તેના સંરક્ષણ અંગે ઊંડું ચિંતન કરવામાં આવ્યું છે. ઉદાહરણ તરીકે –

**'आपो हि ष्ठा मयो भुजः।'** – આ ઋચા જળના દિવ્ય અને જીવનદાતા ગુણોની સ્તુતિ કરે છે.

**'जलम् एव जीवनम्।'** – જળ એ જ જીવન છે.

**'तोयं सर्वस्य प्राणः।'** – તમામ જીવો માટે જળ એ પ્રાણતત્ત્વ સમાન છે.

**'अप्सु ज्योतिः प्रतिष्ठितम्।'** – સમગ્ર વિશ્વ જળમાં સ્થિત છે.

**'अम्भोसि जीवनं लोके।'** – જળ જ આ વિશ્વમાં જીવન છે.

માનવ સંસ્કૃતિઓ હંમેશાં પાણીના સ્ત્રોતોની આસપાસ વિકસતી આવી છે. રહીમજીએ કહ્યું છે 'બિન પાની સબ સૂન.' આપણી કહેવતો અને લોકસાહિત્યમાં પણ પાણીના મહત્વને ખૂબ જ અસરકારક રીતે રજૂ કરવામાં આવ્યું છે. પાઠ્યપુસ્તકોમાં આ વિષયને સ્થાન આપીને નવી પેઢીને પાણી પ્રત્યે સંવેદનશીલ બનાવવા સતત પ્રયાસો થઈ રહ્યા છે.

આમ છતાં, વધતી વસ્તી, કૃષિ ક્ષેત્રે વધતી માંગ, શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ, કુદરતી સંસાધનોનું અતિશય દોહન અને આબોહવા પરિવર્તન જેવા પરિબળોના કારણે પાણીની ઉપલબ્ધતા અને ગુણવત્તા બંને ઘટી રહી છે, જે માનવ જીવનના ટકાઉ વિકાસ માટે ગંભીર પડકાર ઊભો કરે છે.

નરેન્દ્રભાઈ મોદીના જન્મસ્થળ અને બાળપણ ઉત્તર ગુજરાતની એવી ભૂમિમાં વિત્યાં, જ્યાં સપાટી પર પાણીની અછત અને ભૂગર્ભ જળના અતિશય દોહનના કારણે ક્લોરાઈડ, ફ્લોરાઈડ અને આર્સેનિક જેવી સમસ્યાઓ ઊભી થઈ હતી. આ પરિસ્થિતિએ તેમના મનમાં બાળપણથી જ પાણી પ્રત્યે સંવેદનશીલતા વિકસાવી હતી.

સમય જતાં પરિસ્થિતિ વધુ વિકરાળ બનતી ગઈ. રાજ્યમાં પ્રત્યેક દાયકામાં સરેરાશ ત્રણથી ચાર વર્ષ ઓછા વરસાદના રહ્યા છે. ૧૮૫ નદીઓમાં માત્ર ૮ જ નદીઓ બારમાસી છે. દક્ષિણ ગુજરાતમાં ૭૦% જેટલું પાણી હોવા છતાં કચ્છ, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં માત્ર ૩૦% પાણી ઉપલબ્ધ છે.

નરેન્દ્રભાઈએ પાર્ટીની વિવિધ


Read online : www.feelingsmultimedia.com

જવાબદારીઓના વહન અર્થે રાજ્યના તમામ જિલ્લાઓના શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારનો વ્યાપક પ્રવાસ કર્યો અને પાણીની વાસ્તવિક પરિસ્થિતિ જાતે નિહાળી, ફ્લોરાઈડવાળું પાણી પીવાને લીધે દાંતના તથા અસ્થિ-મજ્જાના અસાધ્ય રોગોથી પીડાતા લોકોની વેદના તેમણે નજરે જોઈ. તરસે વલખતાં પશુ-પંખીઓની મૂંગી ચીસ સાંભળી, તો સરહદ ઉપર દેશની સુરક્ષા માટે ખડેપગે ફરજ બજાવતા સૈનિકોની પાણીની સમસ્યાને પણ તેમણે જોઈ અને અનુભવી.

સૌને સમાન તક આપવાની સરકારી નીતિઓ અમલમાં હોવા છતાં, પાણીની તંગીવાળા જિલ્લાઓમાં સાક્ષરતા દર ઓછો નોંધાતો હતો. પાણીની શોધમાં બાળકોના કલાકો વેડફાવાને કારણે શાળા છોડવાનો દર પાણીની સમસ્યા વાળા જિલ્લાઓમાં ખૂબ વધતો જતો હતો. રોજગારીની તકો મર્યાદિત હોવાથી લોકો પાણીની ઉપલબ્ધતાવાળા વિસ્તારો તરફ સ્થળાંતર કરતા, જેના પરિણામે ત્યાંની માળખાકીય સુવિધાઓ પર પણ દબાણ અને પડકારો ઉભા થયા હતા.

ગુજરાતની વિષમ જળ પરિસ્થિતિ વૈશ્વિક ચર્ચાનું કેન્દ્ર બની ગઈ હતી. ૧૩ ઓગસ્ટ ૨૦૦૧ સ્વીડનના સ્ટોકહોમ શહેરમાં આંતરરાષ્ટ્રીય જળ પરિષદની સંયુક્ત બેઠકને સંબોધતાં મહામહિમ પ્રિન્સ ઓફ ઓરેન્જે જળ વ્યવસ્થાપનને લગતા વિવિધ મુદ્દાઓની છણાવટ કરતાં ગુજરાતની જળ સમસ્યાની વિગતે ચર્ચા કરી હતી. એ જ વર્ષે સપ્ટેમ્બર માસમાં જર્મનીમાં બોન ખાતે ૨૦૨૦ સુધીમાં બધા માટે ટકાઉ અન્ન સુરક્ષા પર આંતરરાષ્ટ્રીય અન્ન નીતિ સંશોધન સંસ્થા (IFPRI) દ્વારા યોજાયેલ પરિષદમાં ચાવીરૂપ પ્રવચન આપતા આંતરરાષ્ટ્રીય જળ વ્યવસ્થાપન સંસ્થા (IWMI)ના તે વખતના ડાયરેક્ટર જનરલ શ્રીમાન ફ્રેન્ક રીઝબર્મેને પણ ગુજરાતની પાણીની પરિસ્થિતિ તથા સંભવિત ઉકેલો વિષે વાત કરી હતી.

વિશ્વના લગભગ ૧૯૫ દેશોના હજારો રાજ્યોમાં ગુજરાત રાજ્યનો ઉદાહરણ તરીકે ઉલ્લેખ થવો શું માત્ર એક યોગાનુયોગ ગણવો જોઈએ? કે પછી રાજ્યની જળ સમસ્યાની વિકરાળતા અને તે ક્ષેત્રે થઈ રહેલી ક્રાંતિની લાક્ષણિકતા વૈશ્વિક સમુદાય માટે વિશેષ ધ્યાન આકર્ષી રહી હતી-એવો વિચાર કરવો યોગ્ય રહેશે.

આ પશ્ચાદભૂમિમાં શ્રી નરેન્દ્રભાઈ મોદી ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ રાજ્યના મુખ્યમંત્રી બન્યા. ગુજરાત માટે નવી સદીનો સૂર્યોદય થયો અને તેમના નેતૃત્વમાં લોકહિતમાં જળવ્યવસ્થાપન ક્ષેત્રે જે શ્રેણીબદ્ધ પગલાંઓ લેવાયા અને જે અભૂતપૂર્વ ઝડપથી લેવાયા, તે પૈકી ઘણાના આ લેખક સાક્ષી બન્યા છે.

એક બાજુ નર્મદાના જળ આધારિત સુરક્ષા મેળવવી અનિવાર્ય હતી, તો બીજી બાજુ સરદાર સરોવર યોજનાની અમલવારી માટે તબક્કાવાર મંજૂરીઓ મેળવવામાં કેન્દ્ર સરકાર અને અન્ય ભાગીદાર રાજ્યોનું સમર્થન પ્રાપ્ત કરવું વધુ ને વધુ પડકારરૂપ બનતું જતું હતું. ડેમની ઊંચાઈ અટકાવી દેવામાં આવી હોવાથી તે સમયની ઉપલબ્ધ ઓછી ઊંચાઈએ પણ નર્મદાનું પાણી મુખ્ય નહેરમાં વહેવા માટે 'ઈરિગેશન બાયપાસ ટનલ' (IBPT)નું કામ સત્વરે પૂર્ણ કરવામાં આવ્યું. નર્મદા કંટ્રોલ ઓથોરિટીની મંજૂરી સાથે આ નવનિર્મિત ટનલ મારફતે પાણી મુખ્ય નહેરમાં વહેતા કરવામાં આવ્યું.

આજે ૩૩૨ કિ.મી. લાંબી 'સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ' મહી નદીથી બનાસ નદી સુધી સાત જિલ્લાઓમાંથી પસાર થાય છે. આ કેનાલમાં કડાણા જળાશય અને નર્મદાનું વધારાનું પૂરનું પાણી ડાયવર્ટ કરીને પાણીની અછત ધરાવતા વિસ્તારોમાં પહોંચાડવામાં આવે છે. ખેડૂતો આ કેનાલમાંથી પાણી ઉદવહન કરીને સિંચાઈ માટે તેનો ઉપયોગ કરે છે. આ ઉપરાંત ભૂગર્ભજળ રિચાર્જ દ્વારા પાતાળ કૂવાઓમાં પાણીનો આવરો વધતાં, પાણીની નબળી ગુણવત્તાથી પીડિત પ્રજાને રાહત મળી રહી છે.

'જીદ કે આગે જીત હૈ' અને 'જીદ કરો, દુનિયા બદલો' જેવા સૂત્રોનું પ્રત્યક્ષ પ્રમાણ એટલે શ્રી નરેન્દ્રભાઈ મોદીના એ વિશિષ્ટ પ્રદાન, જેણે ગુજરાત રાજ્યને જળ વ્યવસ્થાપન માટે એક રોલ મોડેલ તરીકે સ્થાપિત કર્યું. રાજ્યની ચૂંટાયેલી સરકારના મુખ્યમંત્રી પદે આરૂઢ હોવા છતાં અન્યાય સામે અવાજ ઉઠાવવા ૧૭ એપ્રિલ, ૨૦૦૬ના ઐતિહાસિક દિવસે તેઓ ૫૧ કલાકના પ્રતિક ઉપવાસ પર બેઠા હતા. જનતા જનાર્દનનું તેમને પ્રચંડ સમર્થન મળ્યું. શ્રી નરેન્દ્રભાઈના મનમાં ગુજરાતના વિકાસ માટે જીવાદોરી સમાન નર્મદા યોજનાનું ભવિષ્ય, યોગદાન સ્પષ્ટ રીતે અંકિત હતું તે નિઃસંદેહ છે.

આ લડત બાદ બંધની ઊંચાઈ ૧૨૧.૯૨ મીટર સુધી વધારવાની મંજૂરી મળી અને ડિસેમ્બર ૨૦૦૬ સુધીમાં તે કામ ઝડપભેર પૂર્ણ કરવામાં આવ્યું. શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વમાં રાજ્યવ્યાપી 'વોટર ગ્રીડ' સ્થાપવામાં નોંધપાત્ર સફળતા મળી.

વર્ષ ૨૦૧૨માં 'સૌની' યોજના અમલમાં મુકાઈ, જેમાં નર્મદાના વધારાના પૂરનાં પાણીને મુખ્ય કેનાલ અને સૌરાષ્ટ્ર શાખા નહેર મારફતે સૌરાષ્ટ્રની નદીઓ અને ડેમોમાં પહોંચાડવા માટે કુલ ૧૧૨૬ કિ.મી. લંબાઈની ચાર પાઈપલાઈન લિંક દ્વારા સૌરાષ્ટ્રના ૧૧ જિલ્લાઓના ૧૧૫ હયાત જળાશયો સુધી પાણી પહોંચાડવામાં આવ્યું.

કોઈ પણ જળ સમસ્યાનો ઉકેલ લાવતી વખતે પર્યાવરણીય અસરોનો વિશદ અભ્યાસ કરી, ન્યૂનતમ વિપરિત અસરોવાળો વિકલ્પ પસંદ કરવો એ હંમેશા શ્રી નરેન્દ્રભાઈની અગ્રતા રહી છે.

પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદન માટે પ્રોત્સાહક અભિગમ દાખવતા શ્રી નરેન્દ્રભાઈ પાણી અને વીજળીના ક્ષેત્રોના પરસ્પર અવલંબનથી સુપેરે પરિચિત છે, જે તેમની નીતિઓમાં સ્પષ્ટપણે દેખાય છે.

૨૬ મે, ૨૦૧૪ના રોજ વડાપ્રધાન



તરીકે કાર્યભાર સંભાળ્યા બાદ માત્ર ૧૭મા દિવસે, એટલે કે ૧૨ જૂન, ૨૦૧૪ના રોજ સરદાર સરોવર બંધને પૂર્ણ ઊંચાઈ સુધી લઈ જવાની અને ૩૦ દરવાજા સ્થાપિત કરવાની મંજૂરી મળી. તમામ પ્રક્રિયાઓ પૂર્ણ થયા બાદ મળેલી આ મંજૂરી રાજકીય ઈચ્છાશક્તિનું પ્રત્યક્ષ પ્રમાણ હતી.

વર્ષ ૨૦૧૭-૧૮ દરમિયાન દેશમાં જળાશયોના દેશવ્યાપી સર્વેક્ષણનું એક અનોખું કાર્ય હાથ ધરાયું. આ પ્રથમ સર્વેક્ષણના અહેવાલ મુજબ દેશમાં કુલ ૨૪,૨૪,૫૪૦ જળાશયો છે, જેમાંથી ૨૩,૫૫,૦૫૫ જળાશયો ગ્રામિણ વિસ્તારોમાં આવેલાં છે. સરકારની આ પહેલથી દેશને પોતાની જળ ધરોહર અંગે ગૌરવની લાગણી અનુભવાઈ અને ભાવિ પેઢીને આ વારસાની ઓળખ મળી.

ગુજરાતમાં 'સુજલામ સુફલામ સ્પ્રેડિંગ કેનાલ'થી શરૂ થયેલા મિશનને આગળ વધારતા વર્ષ ૨૦૧૮માં 'સુજલામ સુફલામ જળ અભિયાન' શરૂ કરવામાં આવ્યું. આ અભિયાન અંતર્ગત લોકભાગીદારીથી તળાવો અને જળાશયોને ઊંડા કરીને તેમની સંગ્રહ ક્ષમતા વધારવામાં આવી અને વરસાદી પાણીનો મહત્તમ સંગ્રહ કરવામાં આવ્યો. આ પ્રયત્નોના પરિણામે રાજ્યની જળસંગ્રહ ક્ષમતામાં નોંધપાત્ર વધારો થયો, કૃષિ પિયત સુવિધાઓમાં વૃદ્ધિ થઈ અને ગ્રામિણ વિસ્તારોમાં પાણીની અછત ઓછી થઈ. સાથે સાથે આ અભિયાન દ્વારા લાખો માનવદિનની રોજગારી ઊભી થઈ અને આર્થિક સશક્તિકરણને વેગ મળ્યો. જનભાગીદારીના આ સફળ મોડેલને રાષ્ટ્રીય સ્તરે બિરદાવવામાં આવ્યું અને તેને પ્રતિષ્ઠિત SKOCH એવોર્ડ્સથી પણ સન્માનિત કરવામાં આવ્યું છે.

૧૫ ઑગસ્ટ, ૨૦૧૯ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ રાષ્ટ્રીય સ્તરે 'જલ જીવન મિશન'ની શરૂઆત કરી, જેના દ્વારા કરોડો પરિવારોને 'નલ સે જલ' ઉપલબ્ધ કરાવવામાં આવ્યું. ટકાઉ વિકાસ લક્ષ્યો હાંસલ કરવાની દિશામાં આ એક મહત્વપૂર્ણ પગલું છે.



આ ઉપરાંત રાજ્ય-રાજ્ય વચ્ચેના અને પાડોશી દેશો સાથેના પાણીની વહેંચણી તેમજ ઉપયોગ અંગેના પડતર વિવાદોને સુમેળભરી રીતે ઉકેલવાની દિશામાં શ્રી નરેન્દ્રભાઈએ જે પ્રયાસો કર્યા છે, તેના સકારાત્મક પરિણામો આગામી સમયમાં આપણને જોવા મળશે તે એક નિ:શંક બાબત છે. રાષ્ટ્રની અતિ મહત્વાકાંક્ષી અને વિરાટ કદની નદીઓના આંતર જોડાણ પ્રકલ્પ હેઠળ કુલ ૩૦ લિંક્સમાંથી ૨૬ પરિયોજનાઓના શક્યતાદર્શી અહેવાલો અને ૧૬ યોજનાઓના વિગતવાર પ્રોજેક્ટ રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યા છે. ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ યમુના નદીના ફાંટા સમી કેન અને બેતવા નદીઓના આંતર જોડાણની મહત્વાકાંક્ષી યોજનાનો શિલાન્યાસ તેમના વરદ હસ્તે કરવામાં આવ્યો હતો.

દરિયાના પાણીને ઉપયોગી બનાવતા ડિસેલિનેશન પ્લાન્ટ્સ હોય, સહભાગી સિંચાઈ વ્યવસ્થાપનમાં ખેડૂતોનો સહયોગ મેળવવાનો પ્રયાસ હોય કે જળ વ્યવસ્થાપનમાં અતિ આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ-આ બધા ક્ષેત્રોમાં નરેન્દ્રભાઈના વિચારો અને નિર્ણયો હંમેશાં પ્રેરણાદાયી રહ્યા છે. વર્ષ ૨૦૧૮માં ગુજરાત રાજ્યમાં ગટરનાં પાણીનું શુદ્ધિકરણ કરીને તેના પુનઃઉપયોગ માટે અમલમાં આવેલી નીતિ પણ લાંબા વિચારમંથનનું પરિણામ હતી.

માત્ર આપણા દેશ પૂરતી સીમિત જળ ક્રાંતિના બદલે વૈશ્વિક નેતાઓને પણ તેમાં જોડવાના શ્રી નરેન્દ્રભાઈના પ્રયાસો તેમની પ્રતિભાના સાચા દર્શન કરાવે છે. ૨૦ ઑક્ટોબર ૨૦૨૨ના રોજ વિશ્વના અગ્રણીઓની હાજરીમાં Mission Lifeની શરૂઆત કરાવતી વખતે શ્રી નરેન્દ્રભાઈએ જે કહ્યું હતું તે કાયમ યાદ રહી જાય તેવું છે. તેમણે કહ્યું કે, 'ભૂતકાળમાંથી શીખીને જ આપણે વધુ સારા ભવિષ્યનું નિર્માણ કરી શકીએ છીએ.' 'રિડ્યુસ, રિયુઝ અને રિસાયઈકલ' અને સર્ક્યુલર ઈકોનોમી હજારો વર્ષોથી આપણા ભારતીયોની જીવનશૈલીનો એક ભાગ છે.

સપ્ટેમ્બરમાં G20 Summit 2023 દરમિયાન તેમણે સહભાગી દેશોના નેતાઓને 'વસુધૈવ કુટુંબકમ'ના સિદ્ધાંતથી પ્રેરિત કરીને વૈશ્વિક કલ્યાણના વિચાર સાથે જોડ્યા જે યાદગાર બની રહે તેવું છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે, 'આપણે એવા વિશ્વની દરકાર કરીએ, જેને આપણે જોવાના નથી.' તેમણે એમ પણ કહ્યું હતું કે સરકારના કોઈપણ નિર્ણયથી



સમાજના છેવાડાના માનવીને શું ફાયદો થશે તે જોવું ઘટે. શ્રી નરેન્દ્રભાઈના 'જળ ક્રાંતિ થકી જળ શાંતિ' મેળવવાના ભગીરથ પ્રયાસોના મૂળમાં આ જ સિદ્ધાંતો રહેલા છે.

તેમના પુસ્તકમાં તેમણે જળ વ્યવસ્થાપન અંગેના પ્રયાસો વિષે શું કહ્યું છે, તે તેમના જ શબ્દોમાં જોઈએ.

'ગુજરાતમાં જ્યારે મેં વિકાસયાત્રાનો પ્રારંભ કર્યો, ત્યારે મારા મનમાં વિકાસનું એક એવું મોડેલ હતું, જે વિકેન્દ્રીકરણ સાથે સૌની સહભાગિતાને પ્રોત્સાહન આપે. આ બંને અભિગમોના સંયોજન દ્વારા વૈમનસ્યને સહકારમાં પરિવર્તિત કરવાનો પ્રયત્ન કર્યો. ખાસ કરીને સૌરાષ્ટ્રના સૂકાં વિસ્તારોમાં પાણીની અછત દૂર કરવા માટે સૂક્ષ્મ સિંચાઈ અને ભૂગર્ભ જળ રિચાર્જનું દીર્ઘકાલીન નેટવર્ક વિકસાવવું એક મોટો પડકાર હતો, જે પ્રજાની સહભાગિતાથી જ શક્ય બન્યું. પરિણામે લાખો લોકોના પીવાના પાણીની સમસ્યા ઉકેલાઈ, સિંચાઈની જરૂરિયાતો સંતોષાઈ, ભૂગર્ભ જળસ્તરમાં સુધારો થયો અને જમીનની ફળદ્રુપતા વધારવામાં સફળતા મળી. રણમાં પરિવર્તિત થતી જમીનને રોકી શકાઈ અને હવાના ગુણમાં પણ સુધારો નોંધાયો.'

વર્ષ ૨૦૦૭ના નોબેલ પારિતોષિક વિજેતા અને અમેરિકાના પૂર્વ ઉપપ્રમુખ શ્રીમાન અલ ગોરે એક વખત કહ્યું હતું કે 'ગ્લોબલ વોર્મિંગનું સત્ય સ્વીકારવું ઘણા નેતાઓ માટે મુશ્કેલ રહ્યું છે.'

જ્યારે નરેન્દ્રભાઈ કહે છે કે, હું તો ત્યાં સુધી કહીશ કે, સાચી નેતાગીરીની કસોટી આ સત્યને માત્ર સ્વીકારવામાં જ નહીં; પરંતુ, તે અંગેની વ્યૂહરચનાના આયોજન, ઘડતર, અને અમલીકરણમાં રહેલી છે.

'પાણીદાર' અને 'પાણી દાતાર' એવા ગુજરાતના આ સપૂતે અગાઉ રાજ્યના મુખ્યમંત્રી તરીકે અને ૨૦૧૪થી ભારતના વડાપ્રધાનશ્રી તરીકે જળ વ્યવસ્થાપન ક્ષેત્રે જે નેત્રદીપક કામગીરી કરી છે, તેના માટે દેશની વર્તમાન અને ભાવિ પેઢી ઋણી રહેશે એ ચોક્કસ વાત છે. ફી


PATEL BROTHERS®
પટેલ બ્રધર્સ...છવાય ગુજરાતી, ખવાય ગુજરાતી ને ગવાય ગુજરાતી..
Patel Brothers is U.S. based grocery retail chain that focuses on flavors and foods found in the Indian sub-continent and the Middle East.
we strive to reconnect people with the familiar flavors of India.
Guarantee the best spices and freshest foods
Our mission is to bring the best ingredients from around the world, right to your doorstep.
ORGANIC
Wide variety Grocery & Spice products
North American retail locations Found 51 locations
Patel Brothers
Patel Family's journey to build their own business.
Groceries including dry goods, frozen items & fresh produce.
PATEL BROTHERS FARMERS MARKET
"Celebrating Our Food...Our Culture"
PATEL BROTHERS
All Online orders are fulfilled ONLY at
Patel Brothers
2410 Army Trail Rd. Hanover Park, IL 60133 P: 630-213-2222 F: 630-213-2259
Website : www.patelbros.com / www.patelbrothersusa.com



મનિષ વૈદ્ય

# ગુજરાતમાં ઈકો ટુરિઝમ બન્યું રોજગાર, સંરક્ષણ અને વિકાસનો પર્યાય...

ગુજરાતમાં ઈકો ટુરિઝમ કુદરતી સૌંદર્ય અને સંસ્કૃતિની ઓળખ માત્ર નથી, પણ એક જિંદાદિલ વિકાસ મોડલ બની રહ્યું છે. એમાં રોજગાર-સંરક્ષણ અને સ્થાનિક વિકાસ પણ સ્પષ્ટ જોવા મળે છે. ગુજરાત કુદરતી સંપત્તિ, ઐતિહાસિક વારસો અને સંસ્કૃતિથી સમૃદ્ધ રાજય છે. છેલ્લા કેટલાક વર્ષોમાં અહીં ઈકો ટુરિઝમનું મહત્વ વધ્યું છે. ઈકો ટુરિઝમનો સામાન્ય અર્થ છે કુદરતને સમજવી. અહીં જાગૃતિ તથા સંરક્ષણ સાથે પ્રવાસને પ્રોત્સાહિત કરવાનો પ્રયત્ન છે, જેમાં સ્થાનિકોને આર્થિક લાભ મળે ત્યારે સંરક્ષણ પણ આત્મવિશ્વાસ સાથે વધુ મજબૂત બનતું હોય છે.

ગુજરાતમાં ગીર નેશનલ પાર્ક એ એશિયાઈ સિંહો માટે જાણીતું છે. અહીં વિશ્વભરના પ્રવાસીઓ કુદરતી પર્યાવરણમાં સિંહોને જોવા આવે છે. 'કચ્છ રણોત્સવ' ઈકો ટુરિઝમનું બીજું અનોખું ઉદાહરણ છે. જ્યાં સફેદ રણની સુંદરતા સાથે સ્થાનિક હસ્તકલા અને સંસ્કૃતિનો અનુભવ મળે છે. નળસરોવર, થોળ, પોરબંદર, છારી ઢંઢ, કચ્છનું નાનું રણ અને વેળાવદર જેવા પક્ષી અભયારણ્યો હજારો વિદેશી પક્ષીઓને આકર્ષે છે, જેને કારણે પક્ષીપ્રેમી પ્રવાસીઓ ગુજરાતની મુલાકાત લે છે.

ચાંપાનેર-પાવાગઢ, અડાલજની વાવ, મોઢેરાનું સૂર્યમંદિર, દ્વારકા અને સોમનાથના ભવ્ય મંદિર, વાંકાનેર, ભુજ, જૂનાગઢ અને વડોદરાના મહેલો પણ આપણી સાંસ્કૃતિક વિરાસત છે. જે દેશ-વિદેશના પ્રવાસીઓને આકર્ષે છે.

સાપુતારા જેવા હિલ સ્ટેશનો પર્યટકોને કુદરત સાથેનો સીધો સંપર્ક કરાવે છે. અહીં ટ્રેકિંગ, બોટિંગ અને આદિવાસી સંસ્કૃતિની અનુભૂતિ થાય છે. ડાંગ અને ગીરના જંગલોમાં ઈકો કેમ્પિંગ, વાઈલ્ડલાઈફ સફારી તથા નૈસર્ગિક નોલેજ માટેની સુવિધાઓ વિકસાવવામાં આવી રહી છે.

ગુજરાત સરકારે ઈકો ટુરિઝમને પ્રોત્સાહિત કરવા માટે અનેક પ્રોજેક્ટ શરૂ કર્યા છે. તેમાં હોમ-સ્ટે, ઈકો કેમ્પસાઈટ્સ, ટ્રાઈબલ ટુરિઝમ અને હેરિટેજ ટુરિઝમનો સમાવેશ થાય છે. આ પ્રયાસોથી સ્થાનિક લોકોને રોજગાર મળે છે અને કુદરતી સંસાધનો પ્રત્યે જાગૃતિ અને સંરક્ષણને પ્રોત્સાહન મળે છે. આજના સમયમાં પર્યાવરણ પ્રત્યેની જાગૃતિ વધારવા માટે ઈકો ટુરિઝમ ખૂબ જ મહત્વપૂર્ણ બની રહ્યું છે. ગુજરાતમાં ઈકો ટુરિઝમ માત્ર પ્રવાસન નહીં પરંતુ પ્રકૃતિ, સંસ્કૃતિ અને આર્થિક વિકાસના સમન્વયનું પ્રતિબિંબ છે.

**ગુજરાતમાં ઈકો ટુરિઝમ: રોજગાર અને સરકારી યોજનાઓ**

ગુજરાતમાં છેલ્લા ૧૫ વર્ષથી ઈકો ટુરિઝમ ઝડપથી વિકસતું ક્ષેત્ર છે, જે કુદરતી સૌંદર્ય અને સાંસ્કૃતિક વારસાને સંભાળવા સાથે રોજગારની નવી તકો ઊભી કરે છે. ઈકો ટુરિઝમનો હેતુ છે કુદરતનું સંરક્ષણ, સ્થાનિક સમાજનો વિકાસ અને પર્યટકોને અનોખો અનુભવ આપવો.

ઈકો ટુરિઝમથી ગ્રામ્ય આદિવાસી વિસ્તારોમાં રોજગારની નવી તકો ઉભી થઈ રહી છે. સ્થાનિક લોકોને આવનાર પ્રવાસીઓના ગાઈડ તરીકે, હોમ-સ્ટે સંચાલન, હસ્તકલા વેચનાર, ઈકો કેમ્પ મેનેજર, ટ્રેકિંગ પક્ષી નિરીક્ષણ અને સફારી ગાઈડ તરીકેની તકો મળે છે. મહિલાઓ હસ્તકલા, સ્થાનિક વાનગીઓ અને સાંસ્કૃતિક કાર્યક્રમો દ્વારા આવક મેળવી શકે છે. યુવાનોને પોતાના ગામડાંમાં જ રોજગાર મળતા શહેરોમાં સ્થળાંતર પણ ઓછું થાય છે.

ગુજરાત સરકારે ઈકો ટુરિઝમ માટે ખાસ યોજનાઓ શરૂ કરી છે. ઈકો કેમ્પસાઈટ્સ સાપુતારા તથા કેવડિયા જેવા વિસ્તારોમાં વિકસાવવામાં આવ્યા છે. હોમ-સ્ટે યોજના હેઠળ પ્રવાસીઓને સ્થાનિક ઘરમાં રહેવાની

સુવિધા મળે છે, જેથી સ્થાનિક લોકોને સીધી આવક થાય છે. ગેરનો મેળો, તરણેતર, કચ્છ રણોત્સવ અને સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ જેવા ઉત્સવોને સરકાર પ્રોત્સાહન આપે છે.

પરિણામે હજારો લોકોને ઋતુ આધારિત રોજગાર મળે છે. ઉપરાંત, વન વિભાગ અને ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા ગાઈડ ટ્રેનિંગ પ્રોગ્રામ અને ઈકો વોલિન્ટિયર યોજનાઓ ચલાવવામાં આવે છે. અતુલ્ય વારસો દ્વારા હમણાં અંબાજીમાં ગાઈડ ટ્રેનિંગ કાર્યક્રમમાં ઘણા સ્થાનિક યુવાનોએ ભાગ લીધો હતો. આ ટ્રેનિંગથી રોજગારની સાથે આવનાર પ્રવાસીઓને ધાર્મિક, સાંસ્કૃતિક અને ભૌગોલિક માહિતી પણ પ્રાપ્ત થશે.

ઈકો ટુરિઝમ ગુજરાતમાં પર્યાવરણનું રક્ષણ કરે છે, પ્રવાસીઓને અનોખો અનુભવ આપે છે અને સ્થાનિક લોકોને સ્થાયી આવક આપે છે. આ ક્ષેત્ર આગામી સમયમાં વધુ રોકાણ અને રોજગારની તકોથી ભરેલું છે. ગુજરાતમાં ઘણા ગામો ધ્યાન આકર્ષે છે અને જે તે સ્થળની આગવી ઓળખ ઉભી કરે છે. જે રોજગાર અને કલા સાથે સીધો સંબંધ ધરાવે છે, જેમ કે સંખેડાની કાષ્ઠ કલાના ફર્નિચર, બગસરાની ગોલ્ડ પ્લેટિંગ જ્વેલરી, સુરત ઝરી કળા અને કાપડ ખરીદીનું જાણીતું શહેર, વઢવાણના મરચાં અને તેની વાનગીઓ, ભાવનગરના ગાંઠિયા વગેરેને ગણાવી શકાય.

ઈકો ટુરિઝમ અમદાવાદ, સરદાર સરોવર ડેમ, નર્મદા ઘાટી, હાફેશ્વર મહાદેવથી તુરખેડા થઈ કેવડીયા સુધી વિસ્તાર પામેલ છે. પ્રવાસીઓ માટે અહીં સરદાર સરોવર ડેમના પાછળના ભાગમાં બોટિંગ માટે એક પ્રાકૃતિક અને સાહસિક પ્રવાસન વિકસી રહ્યું છે. આ જગ્યાએ મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાતની બોર્ડરને માણવાનો રોમાન્સ પ્રવાસીઓને ખૂબ ગમશે. વધુમાં, ધરોઈ એડવેન્ચર ફેસ્ટિવલ થકી પણ પ્રાકૃતિક સુંદરતાની સાથે પક્ષી નિરીક્ષણના આ વિસ્તારમાં ૨૧ ટેન્ટવાળા 'ટેન્ટ સિટી' અને ૧૦૦થી વધુ બેડ્સ ધરાવતી ડોરમેટ્રી સાથે, અહીં સ્થાનિક રોજગાર માટેની નવી દિશા ઉઘડી છે.

નોંધનીય છે કે આ વિકાસ મોડલમાં ઓછા સમય માટે મોસમી રોજગાર હોય છે. ખાસ કરીને મહિલાઓ હસ્તકલા, સ્થાનિક રસોઈ, ગાઈડ અને હોમ-સ્ટે દ્વારા માતબર લાભ મેળવે છે. ઈકો ટુરિઝમ અભ્યાસ દર્શાવે છે કે ૨૦૨૫માં રોજગારમાં ૫૨% વધારો નોંધાયો છે, જે અસલી સફળતા તરફનો એક સશક્ત સંકેત છે.

સરકાર દ્વારા પણ મહત્વપૂર્ણ રણનીતિઓ ઘડવામાં આવી છે. ગુજરાત પ્રવાસન નીતિ (૨૦૨૧-૨૫) હેઠળ, હોટેલ/હોમ-સ્ટે ચલાવનારાઓને ગાઈડ તરીકે રૂ. ૪,૦૦૦ સુધી ૨૫% પે-રોલ સબસિડી આપવામાં આવે છે.

સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ (મેઘ મલ્હાર ૨૦૨૫) દરમિયાન ૩૫૪ કલાકારોએ સ્થાનિક સાંસ્કૃતિક નૃત્ય દ્વારા તથા પ્રવાસનના કાર્યક્રમો દ્વારા પ્રવાસીઓમાં ખૂબ જ ઉત્સાહ જગાવ્યો હતો, જેના કારણે સ્થાનિકો માટે મોસમ આધારિત રોજગારી વધી છે.

વર્ષ ૨૦૨૫માં ગુજરાતમાં ઈકો-ટુરિસ્ટોની સંખ્યા ૨૨.૫ લાખ જેટલી થયાનું અનુમાન છે, તેમજ આ ક્ષેત્રે રૂ. ૮૦૦ કરોડ સુધીની આવક નોંધાઈ છે. ગીર, ગુજરાતના રણ, મરીન નેશનલ પાર્ક, સાપુતારા, પોલો ફોરેસ્ટ જેવા સ્થળોએ પ્રવેશ ફી, રહેઠાણ, પ્રવાહન અને હસ્તકલા દ્વારા સ્થાનિક રોજગારનું પ્રમાણ સતત વધતું રહ્યું છે.

ગુજરાતમાં ઈકો ટુરિઝમ માત્ર પ્રવાસન નથી, પરંતુ સંસ્કૃતિ, પર્યાવરણ અને આર્થિક વિકાસ-ત્રણેનો સુંદર સમન્વય છે. આ વિકાસ મોડલ એક અનોખો અને આનંદદાયક અનુભવ પ્રદાન કરે છે.













■ ડૉ. ભરત જાદવ 'નિરપેક્ષ'

# અનેક અર્થછાયા પ્રગટાવતી 'આરતી'

આરતી શબ્દ કાને પડતાં જ પ્રત્યેક શ્રદ્ધાળુના મનમાં પોતાના ઈષ્ટ પ્રત્યે સમર્પણની સરિતા વહેવા લાગે છે. તેના નયનોમાં એક અનોખી રોશની પ્રસરે છે અને હૃદયમાં આનંદની ભરતી ઊભરવા લાગે છે. અહંકારશૂન્યતાની એ સ્થિતિમાં ક્યારેક તો ભક્ત નૃત્યની અવસ્થામાં આવી નાચવા માંડે, તેનું પણ તેને ભાન રહેતું નથી. ઈષ્ટ સાથે એકાત્મકતામાં લીન થવાની ક્ષણે તેને પોતાનું વજૂદ મળ્યાનો અહેસાસ થાય છે. જાણે કોઈ મજબૂત અને વિશ્વસનીય આધાર સતત તેની રક્ષા કરી રહ્યો હોય. ત્યારે પોતાની ન્યૂનતાનો અહેસાસ થાય છે અને કૃતજ્ઞતા વ્યક્ત કરવા તે થાળીમાં દીવો પ્રગટાવી પોતાના ઈષ્ટને પ્રસન્ન કરવાનો પાવન પ્રયાસ કરતાં ન્યાલ થઈ જાય છે.

જેમને પોતાના આરાધ્ય તરીકે સ્વીકાર્યા હોય, તેમના પ્રત્યેની આ સમર્પિત ભાવદશા વાસ્તવમાં સમર્પણની ઉત્તમ અવસ્થા છે. ભારતીય સનાતન સંસ્કૃતિમાં આ ભાવનાનું સ્થાન વિશેષ છે. આરતીની આ પરંપરા જોતા એવું લાગે છે કે આપણે કેટલી ઉદાર, સહિષ્ણુ અને સર્વસુલભ સનાતન સંસ્કૃતિના વારસદાર છીએ. જ્યાં અગ્નિ, વાયુ, આકાશ, જળ અને પૃથ્વી જેવા તત્ત્વોથી પોષાતા જીવન માટે તેમનો આભાર વ્યક્ત કરવાની આ ઉદાર વ્યવસ્થા છે. પ્રકૃતિના તત્ત્વોના સહારે પ્રકૃતિના ગુણગાન ગાતાં જઈ તેની પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવાની આપણી રીત ભારતીયતાનો આગવો અને શાશ્વત રંગ છે.

આ રંગ વ્યક્તિના આંતરિક ભાવ સાથે એવો ભળી ગયો છે કે યુગો વીતી ગયા છતાં તેનું તેજ ઓછું થયું નથી. પહાડો, નદીઓ, સાગરો, મૂર્તિઓ, વૃક્ષો, સૂર્ય, ગ્રંથો, પૂર્વજો, વડીલો, પશુ-પંખી, પ્રાણીઓ અને અતિથિઓ-આ બધાને આપણે આરતીના અજવાળે પોંખતા રહીએ છીએ. સભ્યતાના આદિકાળથી આજ સુધી આપણું જીવન પણ જાણે આરતીની માળાનો એક દીવો જ છે.

આરતીનો આરંભ મનથી થાય છે, પરંતુ તેનો વિસ્તાર અને વિરામ હૃદયમાં જ થાય છે. આરતીમાં શબ્દો કરતાં સંવેદના અને શ્રદ્ધાભાવની સહજ અભિવ્યક્તિ વધુ મહત્વ ધરાવે છે. અનેક તારાઓથી ભરેલા આકાશ કરતાં આંગણે પ્રગટેલો નાનો દીવો વધારે આકર્ષક લાગે છે તેનું કારણ તેનું એકલાપણું નથી, પરંતુ તેનું સાહજિક પ્રાગટ્ય છે. દીવામાં તેલ કે ઘી ભરતી વેળા પ્રગટેલો ભાવ અંતે તેજરૂપ બનીને ચોતરફ અજવાળું ફેલાવે છે.

આરતીની રચના ઝરણાં જેવી છે. વરસાદ વરસે ત્યારે ચોતરફ વરસે છે, પરંતુ એ જ વરસાદ જ્યારે પૃથ્વીમાં સમાઈ ઝરણા રૂપે નાચતો-ગાતો વહે છે ત્યારે તે આંતરિક શાંતિ આપે છે. એ જ રીતે આરતી ઉતારતાં ઉતારતાં ભક્તનું હૃદય ભાવવિહ્વળ બની જાય અને તેની ભાવઅવસ્થા તીવ્ર બનતાં ભાવ શબ્દરૂપે વહેવા માંડે-તેનો આનંદ અને પ્રભાવ ચિરંજીવી બને છે. કદાચ તેથી જ કહેવાયું છે...

**'ભાવ હી કારણ ઈશ હૈ, ન સ્વર્ણ કાષ્ઠ પાષાણ**
**સત ચિત્ત આનંદરૂપ હૈ, વ્યાપક હૈ ભગવાન.'**

આરતીમાં શબ્દોની ગોઠવણીને ખાસ સ્થાન નથી. પરંતુ ભક્તની ભાવગંગા જે દિશામાં વહેવા ઈચ્છે તે દિશામાં વહે છે અને પરમ આનંદની અનુભૂતિ તેને અંદરથી શાંત કરી દે છે. આવી ચિત્તસ્થિતિ પછી ભક્ત બહાર આવે ત્યારે તેની શાંતિમાં સૌ કોઈ તરબોળ થઈ જાય છે. તેનાં સંપર્કમાં આવનાર દરેક વ્યક્તિ સહજ રીતે તેની તરફ આકર્ષાય છે. જેમ ફળથી લચી પડેલા વૃક્ષ તરફ સૌ કોઈ આકર્ષાય છે તેમ ભક્તનો આ આંતરિક તેજવૈભવ આસપાસના લોકોને પણ સ્પર્શી જાય છે.

વરસાદ પછી ધરતી પર છવાતી હરિયાળી જેવી ભક્તની દિનચર્યા પણ આંતરિક આનંદથી ઓજસ્વી બની જાય છે. આરતીની જ્યોત જીવનને ઉર્ધ્વગામી તો બનાવે છે સાથે-સાથે મન, બુદ્ધિ તથા ચેતનાને નિર્મળતા પ્રદાન કરે છે. મનમાં શ્રદ્ધાનો દીપ વધુ મજબૂત બની પ્રગટે છે.

ક્યારેક એવું લાગે છે કે ધરતી થાળ છે, વૃક્ષો વાટ છે અને પંખીઓ આરતી ઉતારતા ભક્તો છે. પ્રભાતે પંખીના મીઠા ટહુકા સૃષ્ટિની આરતી છે. પુષ્પો પ્રસાદ છે અને તેમની સુગંધ પ્રસાદાનંદ છે. ખેડૂત ખેતર સાથે એકરૂપ થઈ તેની આરતી ઉતારે છે ત્યારે ધરતી પ્રસન્ન થઈ સર્વજનને પોષણ આપતો અન્નનો દાણો પ્રગટાવે છે. શ્રમિકો શ્રમની આરતી ઉતારે છે ત્યારે વિશાળ ભવનો આકાર પામે છે. કલાકારોની શક્તિ વહે છે ત્યારે પૃથ્વી પર સુંદરતા મૂર્તિમંત બને છે.

આપણા અસંખ્ય દેશભક્તોએ આ દેશને માતા માની તેની આઝાદી માટે પોતાના



પ્રાણ અર્પણ કરીને મા-ભોમની આરતી ઉતારી છે. અનેક દેશસેવકોએ પોતાની બુદ્ધિશક્તિ અને અનેક સંપન્ન સજ્જનોએ પોતાની સંપત્તિનું બલિદાન આપ્યું છે. વીર નારીઓએ પણ પોતાના જીવનની આહુતિ આપી મા ભારતીની આરતી અખંડિત રાખી છે. તેમનું સ્મરણ જ આપણા અંતરમાં અહોહોભાવ ભરી દે છે.

આ ધરતી પર પહેલી આરતી ક્યારે અને ક્યાં પ્રગટ થઈ તેની ચોક્કસ ખબર નથી, પરંતુ તેનો ઉજાસ આજે પણ ભારતીયતાનો અજવાસ ફેલાવે છે. આદિકાળથી લોકપરંપરાઓ તેના નિર્વહનનું મુખ્ય માધ્યમ બની છે. સંસ્કૃત સાહિત્ય આરતીના ઉદ્ગમનું મુખ્ય કેન્દ્ર છે. વેદ, ઉપનિષદ અનેક દેવી-દેવતાઓના સ્તોત્રો દ્વારા તેની ભવ્યતાનું ગાન કરે છે.

નરસિંહ મહેતાની તલ્લીનતા એવી કે હાથ પોતે જ વાટ બની બળવા માંડે-એવો ભાવ આપણને ભીતરે ભીંજવી ન દે તો જ નવાઈ. ક્યારેક એવું લાગે છે કે કવિ જ્યારે કવિતાનો શબ્દ પ્રગટાવે છે ત્યારે તે પળેપળ શબ્દોની આરતી જ ઉતારતો હોય છે. અજ્ઞેયજીની દીર્ઘ કવિતા 'અસાધ્ય વીણા'માં એક સમર્પિત ભક્ત પ્રિયંવદ એ વીણાને સાધી લે છે, જેને મોટા પંડિતો પણ સાધી શકતા નથી. આ અહંકારમુક્ત સમર્પણની દશા છે. એટલા માટે જ કવિ મનોજ ખંડેરિયા લખે છે–

**'પકડો કલમને કોઈ પળે એમ પણ બને,**
**આ હાથ આખેઆખો બળે એમ પણ બને.'**

કબીર, તુલસી, સૂરદાસ અને રવિદાસ જેવા સંતકવિઓની વાણી હોય કે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની 'ગીતાંજલી', આ બધું ઈષ્ટની આરતી જ છે. સ્વામી આનંદે તો 'ધરતીની આરતી' નામે ઉત્તમ નિબંધસંગ્રહ આપ્યો છે. આપણો શ્રમ જ્યારે આરતી બની જાય છે ત્યારે તેમાં દિવ્યતા પ્રગટે છે અને જીવન પ્રભાવશાળી બની જાય છે.

પ્રાર્થના અને આરતી એમ બે ભેદ પાડીને આપણે આપણા ભાવને કદાચ થોડો વધુ દૃઢ બનાવી શકીએ; બાકી જેમ હિમાલયમાંથી નીકળતી બધી નદીઓ ગંગાનું સ્વરૂપ ગણાય છે અને નર્મદાના બધા કંકર શંકર કહેવાય છે તેમ આરતીનું પણ છે... અંતે તો આરતી એ ભક્તિરૂપી દીવાના અજવાળામાં ઉજાગર થતી માનવહૃદયની પાવન ગંગોત્રી જ છે ને!




## મુંબઈમાં શ્રી દિનેશ શાહની આત્મકથા 'આત્મસાદ'નું પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજીના વરદ્ હસ્તે થયું વિમોચન

માનવસેવાનાં સાત દાયકાનું આત્મ પ્રતિબિંબ એટલે શ્રી દિનેશ શાહની આત્મકથા 'આત્મસાદ'. જે સમાજમાં આપણે શ્વાસ લઈએ છીએ તે સમાજને પોતાના માનવતાવાદી સેવા કાર્યો દ્વારા કંઈક પરત આપવાનો કૃતજ્ઞ ભાવ એટલે 'આત્મસાદ' પુસ્તક. જુહુ જિમખાના (મુંબઈ) ખાતે આ પુસ્તકના યોજાયેલ વિમોચન પ્રસંગે બોલતાં પૂ. જ્ઞાનવત્સલ સ્વામીજીએ પોતાના પ્રેરણાદયી ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, સેવાના ત્રણ પ્રકાર છે. **પહેલી સેવા છે : જીવન રક્ષક સેવા** : આ સેવા હંમેશા જીવે છે. આપણાં બાળકોને બાળપણથી જ આપવાની વૃત્તિ કેળવતા શીખવવું જોઈએ. **બીજી સેવા છે : જીવન પોષક સેવા** : આ સેવા નામ કે પ્રસિદ્ધિ માટે નહીં પણ અંતરના આનંદ માટે એટલે કે 'આત્મસાદ' માટે કરો. એ કાર્ય ઈશ્વરના હૃદયમાં હંમેશા જીવંત રહે છે **ત્રીજી સેવા છે : જીવન ઉત્કર્ષક સેવા** : આ સેવા સમાજમાં નૈતિક મૂલ્યોને ઉજાગર કરી આ પૃથ્વી પર 'માનવતા'ને જીવંત રાખે છે. આ સેવા જો સારા હેતુ માટે વપરાય તો આશીર્વાદરૂપ બને છે અન્યથા તે અભિશાપ પણ બને છે.

લેખક દિનેશ શાહે આ પુસ્તકના માધ્યમથી પ્રાપ્ત થયેલ દાનની તમામ રકમ જાફરાબાદ કેળવણી ઉત્કર્ષ મંડળ શાળાને શિક્ષણ હેતુ સર દાન કરવાનો સંકલ્પ કર્યો છે. દિનેશભાઈ માને છે કે જીવનમાં સૌથી મોટું કાર્ય મોટો હોદ્દો કે મોટી રકમનો પગાર મેળવવો એ નથી પરંતુ તમે કોઈના ચહેરા પર સ્મિત લાવવામાં કારણ બનો તે છે.

એટલે ચોક્કસ કહી શકાય કે આ પુસ્તક લેખકની જીવનગાથાનું ગૌરવગાન નથી પરંતુ નવી પેઢીને જીવન મૂલ્યો તથા સેવા અને સમર્પણનો માર્ગ વિનમ્રતાથી કૃતજ્ઞભાવે બતાવનાર ઉત્તમ માર્ગદર્શક તરીકે ગણી શકાય.

ડૉ. નાનક ભટ્ટ



# માહિતી કે યાદશક્તિને ડહાપણ સાથે સરખાવવું એ એક સામાજિક ભ્રમ છે.

ભારત સરકારના શિક્ષણ મંત્રાલય દ્વારા દેશના ૩૬ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના ૭૮૧ જિલ્લાઓમાં આવેલી ૭૪,૩૦૦ શાળાઓ પર કરવામાં આવેલા સર્વે અનુસાર ધોરણ ૯ના ૪૭% વિદ્યાર્થીઓ (મૌખિક ગુણાકાર) ઘડિયા યાદ રાખીને બોલી શકતા નથી. જાન્યુઆરી ૨૦૨૬માં પ્રકાશિત થયેલી આ વિગતોના આધારે શિક્ષણ મંત્રાલયે ગણિતના શિક્ષકોને ગુરૂકુલ શિક્ષણ પદ્ધતિમાં પ્રચલિત યાદદાસ્ત આધારિત રીતો અપનાવી વિદ્યાર્થીઓને ગણિતમાં વધુ મજબૂત બનાવવા ભલામણ કરી છે. જોકે આ અભ્યાસમાંથી એક સુખદ વાત એ પણ સામે આવી છે કે ૫૮% વિદ્યાર્થીઓ પોતાની ભાષાની અભિવ્યક્તિમાં મજબૂત જણાયા છે.

આવા સૈદ્ધાંતિક સંશોધનથી તદ્દન વિપરીત દિશામાં એક અહેવાલ જાપાનની ચુઓ યુનિવર્સિટીના પ્રોફેસર ઈજુમી સજુ દ્વારા પ્રકાશિત થયો છે. જાપાનમાં વિદ્યાર્થીઓના વધતા જતાં આક્રમક વલણ અંગેના અભ્યાસમાં દર્શાવવામાં આવ્યું છે કે, 'સામાન્ય રીતે શાંત, વિનમ્ર અને બીજાઓનું સન્માન જાળવનાર તરીકે ઓળખાતા જાપાની વિદ્યાર્થીઓ છેલ્લા એકાદ દાયકામાં વધુ ચિડચિડા બની રહ્યા છે. તેના મૂળમાં શાળાઓનો બદલાયેલ અભ્યાસક્રમ જવાબદાર માનવામાં આવે છે.'

પ્રોફેસર ચુઓ વિદ્યાર્થીઓના વલણમાં આવેલા પરિવર્તનના અભ્યાસના આધારે નોંધે છે કે, 'વિષયોને સમજવા માટે પુસ્તકાલયના બહોળા વાંચન પર આધારિત વિદ્યાર્થીઓ પાસે શાળાઓ દ્વારા યાદદાસ્ત આધારિત અભિવ્યક્તિ પર વધુ ભાર મુકાતો હોવાથી શાળાઓનું વાતાવરણ એકંદરે નિરસ બની રહ્યું છે. પરિણામે વિદ્યાર્થીઓમાં વધતા તણાવનું મુખ્ય કારણ પણ આ શિક્ષણ પદ્ધતિ બની રહી છે.'

જ્ઞાનની આપ-લે એક સામાજિક વ્યવહાર છે. પૃથ્વીના જૈવિક વાતાવરણ પર વસતી અનેક પ્રજાતિઓમાં માત્ર માનવ જ એવો છે, જે પોતાના સંતાનોને પરસ્પર સહયોગથી જીવન જીવવાની અને વિકાસને સુનિશ્ચિત કરવાની તકનીક વારસામાં આપે છે. પૃથ્વી પર બૌદ્ધિક માનવ (હોમો ડેયસ)ના ઈતિહાસને અશ્મિ અવશેષો (ફોસિલ્સ)ના આધારે ક્રમબદ્ધ કરનાર પ્રો. ડો. યુવલ નોહ હરારી પોતાના સંશોધનગ્રંથ સેપિયન્સમાં જણાવે છે કે, 'માનવસર્જિત રીત-રસમો, પરંપરાઓ, શાસકો દ્વારા બનાવાયેલા કાયદા અને ઈશ્વરના નામે અપાતો બોધ લગભગ ૫૦૦૦ વર્ષ પહેલાં સુમેરીયન અને ઈજીપ્ત સંસ્કૃતિમાં ભીંતચિત્રો અને કોતરણીના સ્વરૂપે જોવા મળે છે.'

પ્રથમ સંજ્ઞા-સંકેતો અને ત્યારબાદ ભાષાના સ્વરૂપે જ્ઞાનની આપ-લે વિકસતી ગઈ. છેક ૯મી સદીમાં ચીનમાં ઝાડ-પાનની છાલ ઉપર માનવ મસ્તિષ્કમાં સંગ્રહિત જ્ઞાનની નોંધણી થવા લાગી. તે પહેલાં ભારતમાં યાદદાસ્ત તરીકે સચવાયેલ માહિતી 'શ્રુતિ' (સાંભળેલી પરંપરા) રૂપે વિસ્તરેલી હતી. લેખક નોંધે છે કે સંસ્કૃત ભાષામાં ઉતરી આવેલા વેદની ઋચાઓને કંઠસ્થ રાખનારને હિંદુસ્તાનમાં દ્વિવેદી, ત્રિવેદી અને ચતુર્વેદી તરીકે ઓળખવામાં આવે છે. ગુજરાતમાં જૈન મુનિઓએ વર્ષ ૮૦૬૮માં હસ્તલિખિત ગ્રંથોમાં ધર્મનું જ્ઞાન સંગ્રહિત કર્યાના પુરાવા આજે પણ ઉપલબ્ધ છે.

આજથી લગભગ છસ્સો વર્ષ પહેલાં યુરોપમાં વિકસેલી પ્રિન્ટિંગ ટેકનોલોજીના માધ્યમથી માનવ મસ્તિષ્કના વિચારો, કલ્પનાઓ અને રચનાત્મક આવિષ્કારોને લેખન અને ચિત્ર સ્વરૂપે પુસ્તકાલયોમાં સંગ્રહિત કરવાની શરૂઆત થઈ. તેથી હવે આધુનિક સમયમાં યાદદાસ્ત અને માહિતી સંગ્રહના પરંપરાગત ખ્યાલને તિલાંજલી આપવાની જરૂર જણાય છે.

ભારતમાં 'કૌન બનેગા કરોડપતિ' જેવા ટેલિવિઝન શો ૨૫ વર્ષ પૂરા કરે છે. ૧૭૫૦ એપિસોડ દ્વારા ૩૦,૦૦૦ પ્રશ્નોના યાદદાસ્ત આધારિત જવાબો પૈસાથી મૂલવાય છે. જનરલ નોલેજને પણ પ્રચલિત કરી પ્રશંસાને પાત્ર બનાવતા નવી સામાજિક પ્રતિષ્ઠા વિકસિત બની છે. વિશ્વની અન્ય ટી.વી. ચેનલો દ્વારા વર્ડ



મેમરી ગેમને પ્રચલિત કરવામાં આવી છે. પરંતુ ૨૧મી સદીમાં હવે ગુજરાતના સાણંદમાં ટાટા ગ્રૂપ અને તાઈવાનની કંપની સેમીકન્ડક્ટર ચિપ્સ તૈયાર કરી રહી છે. ત્યારે માનવીય સમજને મસ્તિષ્કમાં યાદદાસ્ત તરીકે જાગૃત રાખવા કરતાં નેનો ચિપ્સ ટેકનોલોજી દ્વારા સી.પી.યુ. અને મોબાઈલ ફોન સુધી હાથવગી રાખવાનું માનવ મસ્તિષ્કના સ્વાસ્થ્ય માટે વધુ હિતાવહ બની શકે છે.

વિશ્વમાં યુવાઓના કથળી રહેલા માનસિક સ્વાસ્થ્ય અંગે લેન્સેટ સાયકિયાટ્રિક કમિશનના અહેવાલમાં સ્પષ્ટપણે જણાવાયું છે કે ઝેન-ઝી પેઢી હવે વોકેશનલ કોર્સ તરફ વળી રહી છે. અમેરિકામાં કોલેજની ડિગ્રી હવે 'ગોલ્ડન પાસ' રહી નથી તેનું એક કારણ મસ્તિષ્કમાં માહિતીના અતિસંગ્રહથી થતો માનસિક થાક પણ છે.

નેચર ઑફ ન્યુરોન્સ નામે ફ્રેન્કફર્ટથી પ્રકાશિત મેગેઝિનના અભ્યાસ અહેવાલ અનુસાર માનવીય મગજ નવીનતાને પસંદ કરે છે. નવા અનુભવોથી ડોપામિન (હોર્મોન)ની માત્રા વધે છે, તેથી ન્યુરોન્સ વચ્ચે નવા જોડાણો રચાય છે અને વ્યક્તિને પ્રાકૃતિક ખુશીનો અહેસાસ થાય છે. આ પ્રક્રિયા નિશ્ચિત માહિતીને મગજમાં માત્ર સંગ્રહિત રાખવાથી વિકસતી નથી.

અહેવાલ નોંધે છે કે, માનવીય મસ્તિષ્ક પોતાની ઈલેક્ટ્રોમેગ્નેટિક સિગ્નલની રેન્જમાં આવતા પરિચિત લોકો અને વાતાવરણમાંથી લગભગ ૩૦થી ૩૫ ટકા જેટલી સંવેદનાઓ એકત્ર કરે છે. સંશોધન લેખમાં વધુમાં જણાવાયું છે કે, ભટકાવની મજા માણતા ડાર્વિન અને આઈન્સ્ટાઈન જેવા વૈજ્ઞાનિકોએ પોતાની સર્જનાત્મક શ્રેણી જીવંત રાખવા માટે સતત પ્રયોગશીલ રહેવાનું પસંદ કર્યું, જેના પરિણામે વિશ્વને અનેક મહત્વપૂર્ણ શોધો પ્રાપ્ત થઈ.

માનવ મનમાં અર્ધજાગૃત મસ્તિષ્કને સર્જનાત્મક બનાવવાનો માર્ગ માત્ર મસ્તિષ્કમાં સંગ્રહિત જ્ઞાનથી આગળ રહેલો છે, એવું એકથી વધુ સંશોધનોમાં જણાયું છે. પશ્ચિમ બંગાળના કુચબિહારમાં 'જંગલ લાઈબ્રેરી'નો સફળ પ્રયોગ દર્શાવે છે કે માહિતી અને જ્ઞાનને પુસ્તકોમાં, કોમ્પ્યૂટરના સેમિકન્ડક્ટર અને મોબાઈલ કવરેજના માધ્યમથી સંગ્રહિત રાખીને મસ્તિષ્કને જીવન સાથે જોડાયેલા કૌશલ્ય આધારિત પ્રવૃત્તિઓ સાથે જોડીએ, તો 'સોલ્યુશન બ્રેઈન સોસાયટી' ઊભી થઈ શકે છે.

સામાજિક પાપ કહી શકાય તેવી હકીકત એ છે કે વર્ષ દરમિયાન ૨૦૦ દિવસ અને લગભગ ૮૦૦૦ કલાક શાળા-કોલેજમાં ભણ્યા પછી યાદદાસ્તમાં રહેલી માહિતીને પરીક્ષા ખંડમાં માત્ર ત્રણ કલાકમાં રજૂ કરવાની મેકોલેની પદ્ધતિનો ભાર ભારતીય વિદ્યાર્થીઓ સહન કરે છે.

મસ્તિષ્કમાં રહેલી માહિતીને રટણ દ્વારા દ્રઢ બનાવવાની આ પદ્ધતિથી વિદ્યાર્થીઓની સર્જનશીલતા કુંઠિત થાય છે. પરિણામે નાગરિક તરીકે વ્યક્તિ પોતાના જીવન અને વ્યવસાયમાં ઊભા થતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવી શકતો નથી. આ સ્થિતિ અંતે નાગરિકોને સામૂહિક હતાશાની દિશામાં ધકેલી દે છે.

ન્યુરોસાયકોલોજિસ્ટ ડૉ. સુર્જન કપુર જેને 'સન્ડે સ્કેરીઝ' તરીકે ઓળખાવે છે, તે મુજબ રવિવાર પછી સોમવારે શાળા કે ઓફિસે જવાનું ઘણા વિદ્યાર્થીઓ અને કર્મચારીઓ માટે બોજારૂપ બની રહે છે. લેખક નોંધે છે કે જે શાળા કે વર્કપ્લેસ માણસને સર્જનના આનંદની મોકળાશ આપતું નથી, ત્યાં મસ્તિષ્ક પોતાની પૂર્ણ શક્તિથી ખીલી શકતું નથી. મગજના ન્યુરોન્સમાં સંગ્રહિત માહિતી લગભગ ૧૮% વધુ ઓક્સિજન જગ્યા લેતી હોવાથી જીવન વધુ થાકેલું બની જાય છે.

'હ્યુમનકાઈન્ડ'માં માનવ ઈતિહાસવિદ્ રૂખ્તેર બ્રેખ્માન નોંધે છે કે, 'ઉરાંગ-ઉટાંગ વાનર અને મનુષ્ય જૈવિક રીતે લગભગ ૯૬% સામ્યતા ધરાવે છે. છતાં જગતના ઈતિહાસમાં કોઈ વાનરોએ મહોલ્લો, કસ્બો કે ગામ સ્થાપ્યાના ઉદાહરણો જોવા મળતા નથી.' કારણ કે પૃથ્વી પર એક માત્ર માનવજાત જ એવી છે, જે સહજ રીતે પરિવર્તન સ્વીકારીને સતત વિકાસ કરતી રહી છે. તેથી આજના વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં લિપિ, અક્ષરો, ભાષા, છાપકામ અને પુસ્તકોની પરંપરાને સેમિકન્ડક્ટર જેવી આધુનિક તકનીકમાં સંગ્રહિત કરીને માનવ મસ્તિષ્કને વધારાની માહિતીના સંગ્રહાલય બનવાથી મુક્ત કરવું જરૂરી છે. જેથી ભારતની નવી પેઢી રચનાત્મક આવિષ્કારના આનંદથી ગૌરવ અનુભવી શકે. ફી














Read online : www.feelingsmultimedia.com



મુકેશ પારેખ

# બાળકોને 'ઈન્ટરનેટ' નહીં 'ઈન્ટિમસી' આપો

ઈન્ટરનેટ આજે આખી દુનિયાનું ચાલક બળ બની રહ્યું છે. નાના બાળકોથી લઈને કિશોરો, યુવાનો અને વૃદ્ધો સૌ 'ઈન્ટરનેટ' રૂપી માયાના મોહપાશમાં જકડાયા છે. 'ઈન્ટરનેટ'ના ઘણાં-બધા ફાયદાઓ પણ આપણને મળે છે પરંતુ 'અતિ સર્વત્ર વર્જયતે' એ ઉક્તિ મુજબ સોશિયલ મીડિયાનો સૌથી વધારે દુષ્પ્રભાવ બાળકો અને ટીનેજર્સ પર હવે સ્પષ્ટ દેખાય છે. તાજેતરમાં જ ગાઝિયાબાદમાં ત્રણ સગી બહેનોએ કરેલી સામૂહિક આત્મહત્યાની ઘટના આનો બોલતો પુરાવો છે.

નિષિકા, પ્રાચી અને પાખી (જેમની ઉંમર ૧૨, ૧૪ અને ૧૬ વર્ષ હતી) એ સોશિયલ મીડિયા પર Maria, Aliza, Cindy એવા બનાવટી કોરિયન નામે એકાઉન્ટ બનાવીને મોટું ફેન ફોલોઈંગ ઊભું કર્યું હતું. Kdrama, Kpop અને ઓનલાઈન ઈન્ટરએક્ટિવ ગેમ્સમાં રચીપચી રહેતી આ ત્રણે બહેનો પોતાને ભારતીયને બદલે કોરિયન સમજી પોતાની અલગ જ આભાસી દુનિયામાં રાચતી હતી. તેઓના પિતાએ દેવું, લગ્નજીવન અને ઘરકામની સમસ્યાને કારણે આ ત્રણે બહેનોના ફોન વેચી નાંખ્યા અને સોશિયલ મીડિયા પરના તેઓના એકાઉન્ટ ડિલીટ કરી નાંખ્યા પછી આ દીકરીઓને લાગ્યું કે જાણે તેઓની સોશિયલ ઈમોશનલ સપોર્ટ સિસ્ટમ એક ઝાટકે તૂટી ગઈ. એ સાથે જ તેઓના લગ્ન કરાવી નાખવાની વાત અને ગૃહ કલેશ વગેરે મળીને ગંભીર માનસિક દબાણ અને એકલતાની ભાવના ઉભી થઈ જતાં ડિપ્રેશનનો ભોગ બની ત્રણેય બહેનોએ નવમા માળેથી કૂદીને સામૂહિક આત્મહત્યા કરી લીધી હતી.

તેઓની ડાયરી તથા ઘરની દીવાલો પરથી મળેલ લખાણો સૂચવે છે કે આ ત્રણે બહેનો ગંભીર એકલતા અને આઈડેન્ટિટી ક્રાઈસીસમાંથી પસાર થઈ રહી હતી. ૨૦૨૨માં કેરળમાં પણ સગીરાની આત્મહત્યાનો આવો બનાવ બન્યો હતો. અન્ય એક કિસ્સામાં એક સાથે આઠ સગીર કિશોરો નોનસ્ટોપ કોરિયન મ્યુઝિક સાંભળતા-સાંભળતા દિવસો સુધી ભૂખ્યા રહ્યા, ઉંઘ પણ ન લીધી પરિણામે સખત બીમાર પડયા હતાં.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO)ના તાજા રિપોર્ટ મુજબ દુનિયામાં ૧૩થી ૧૭ વર્ષની ઉંમરવાળા કિશોર-કિશોરીઓમાં એકલતાનો દર લગભગ ૨૧% છે. WHO યુરોપના ડેટા કહે છે કે, ૨૦૨૨ સુધી 'પ્રોબ્લેમેટિક સોશિયલ મીડિયા યુઝ' ધરાવતા કિશોરોની ટકાવારી સાત ટકાથી વધીને ૧૧% થઈ છે. ૧૫ વર્ષની છોકરીઓમાં ઈન્ટરનેટ પર સતત રચ્યાપચ્યા રહેવાનો દર ૪૪ ટકા જેટલો છે.

ચંડીગઢમાં થયેલ એક સરવેમાં લગભગ ૬૨ ટકા જેટલા કિશોરોએ એકલતા અનુભવવાની ફરિયાદ કરી હતી. ભારતમાં ૧૩થી ૧૫ વર્ષની ઉંમરના શહેરી અને ગ્રામીણ વિસ્તારના લગભગ ૨૫% કિશોરો પણ એકલતાનો શિકાર બને છે. આમ સતત સોશિયલ મીડિયા પર પસાર કરાતો સ્ક્રીન ટાઈમ ઘણીવાર અનિચ્છનીય સરખામણી, સાઈબર બુલિંગ અને સુપરફિશિયલ ઓનલાઈન-ઓફલાઈન રોમેન્ટિક સંબંધો તરફ બાળકોને દોરી જાય છે. જેથી ઓફલાઈન ડીપ રિલેશનશિપ ઘટે છે અને ભાવનાત્મક એકલતા વધે છે. પરિણામે શિસ્ત માટે ટોકતા પેરેન્ટ્સથી ઘર છોડી ભાગી જવાના કે બ્રેકઅપને કારણે બાળકોમાં આત્મહત્યા જેવા કિસ્સા બને છે.

આનો આદર્શ ઉપાય એ છે કે બાળકોને ઘરમાં મોકળાશભર્યું વાતાવરણ પૂરું પાડવું. બાળકો મોબાઈલ પર શું જૂએ છે? કોને ફોલો કરે છે? કઈ ગેમ્સ રમે છે એની પૂછપરછ પ્રેમથી કરવી. સાથે બાળકોને વાંચન રમત-ગમત જેવી ઈતર પ્રવૃત્તિઓમાં જોડવા તથા મોબાઈલ માટે સ્ક્રીન ટાઈમની મર્યાદા નક્કી કરી આપવી. આનો અમલ આપણા ઘરમાં મોટેરાંઓએ પણ કરવો.

શાળાઓએ પણ ડિજિટલ લિટરેસી-સેઈફ ઈન્ટરનેટ, સાઈબર બુલિંગ અને માનસિક આરોગ્ય વિશેના પરિસંવાદો યોજી આમાં પોતાનું યોગદાન આપવું જોઈએ. બોલિવૂડ અભિનેતા સોનુ સુદે ચિંતા વ્યક્ત કરતાં '૧૬ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે સોશિયલ મીડિયા અને ઓનલાઈન ગેમિંગ પર સરકાર દ્વારા કડક પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે.' અને કહ્યું છે કે, 'બાળકોને તેમના બાળપણમાં પ્રેમ અને હૂંફની જરૂર છે મોબાઈલ સ્ક્રીનની નહીં'. જો આપણે ઓસ્ટ્રેલિયા અને અન્ય દેશોની જેમ આ અંગે કડક પગલાં નહી લઈએ તો આપણી આવનારી પેઢી ડિજિટલ દુનિયાના અંધકારમાં ખોવાઈ જશે.

<u>શિક્ષણ ક્ષેત્રે માતૃપ્રેમ અને સેવાનો અનોખો સંગમ</u>

# અમેરિકા સ્થિત એન.આર.આઈ. દાતા ડૉ. પ્રવીણ પટેલે રૂ. ૨.૭૫/- કરોડના ખર્ચે પીપળીમાં સરકારી શાળાના નવા ભવનનું નિર્માણ કર્યું












'વર્ષોથી વિદેશમાં સ્થાઈ થઇ ઘણું મેળવ્યું પણ દિલમાં એક વાત સદાય રમતી અને અમારું સ્વપ્ન પણ હતું કે, પોતાના વડીલો માટે કંઈક એવું કરવું છે જેના દ્વારા સૌનું ભલું થાય અને વડીલોની એક યાદ કાયમ રહે. દરમિયાન વતન આવવાનું થયું ત્યારે અમે અમારા માતા અને માસીના વતનમાં પીપળી ગયા હતાં ત્યાં તેઓ જે સ્કુલમાં ભણ્યા હતા તેમાં ગયા. સ્વાભાવિક છે કે ગામડાંની સદીઓ જૂની સ્કૂલ હોવાથી વ્યવસ્થાનો અભાવ હતો. બાળકો માટે અભ્યાસની વ્યવસ્થા કહો કે અન્ય જરૂરી સુવિધાઓ બધું જ રામ ભરોસે એટલે મનોમન નક્કી કરી લીધું કે હવે આ ગામના બાળકો માટે અભ્યાસની કાયમી વ્યવસ્થા કરવી છે. એટલે આજે તમામ અતિઆધુનિક સુવિધાઓ સાથેનું વિદ્યા સંકુલ તૈયાર કર્યું છે.' પરમાર્થ અને સેવાભાવના સાથેના આ શબ્દો બોરસદ તાલુકાના પીપળી ગામની સરકારી પ્રાથમિક શાળાનું રૂપિયા ૨.૭૫ કરોડના ખર્ચે નવનિર્માણ કરાવનાર દાતા ડો. પ્રવીણભાઈ પટેલના છે.

શિક્ષણ અને માતૃભક્તિનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડતા, મૂળ તારાપુરના વતની અને હાલ અમેરિકામાં સ્થિત અગ્રણી ઉદ્યોગપતિ ડૉ. પ્રવીણ એચ. પટેલ દ્વારા બોરસદ તાલુકાના પીપળી ગામે અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સરકારી પ્રાથમિક શાળાનું નિર્માણ કરવામાં આવ્યું છે. ડૉ. પટેલ, જેઓ અમેરિકામાં 'તારા ગ્રૂપ' (Tara Group)ના માલિક છે અને હોટલ હિલ્ટન તથા મેરિયટ જેવી પ્રતિષ્ઠિત ચેન સાથે સંકળાયેલા છે તેમણે પોતાની માતા તારાબા અને માસી શારદાબાની સ્મૃતિમાં આ ભવ્ય ભવન ભેટ આપ્યું છે. જ્યાં તેમની માતા અને માસી શારદાબા અને તારાબા એ પ્રાથમિક શિક્ષણ મેળવ્યું હતું. આ ભૂમિનું ઋણ અદા કરવા માટે ડૉ. પટેલે અંદાજે રૂ. ૨.૭૫ કરોડના ખર્ચે ૭,૦૦૦ સ્ક્વેર ફૂટમાં શાળાનું નવું બિલ્ડિંગ તૈયાર કરાવ્યું છે. જેનું લોકાર્પણ ભવ્યતાથી કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે દુબઈથી ડો. પટેલના પરમ મિત્ર અને પ્રતિષ્ઠિત વ્યક્તિત્વ **Mr. Omar Almarzooqi (Private Advisor to Sheikh Maktoum bin Suhail Al Maktoum)** ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત, કાર્યક્રમમાં ઉપસ્થિત અન્ય મહાનુભાવોમાં ભગવતચરણ સ્વામી અને યજ્ઞસેતુ સ્વામી (આણંદ સ્વામીનારાયણ મંદિર) સંજયભાઈ પટેલ (પ્રમુખ, આણંદ જિલ્લા ભાજપ) હસમુખભાઈ પટેલ (પ્રમુખ, જિલ્લા પંચાયત આણંદ) સુનિલભાઈ સોલંકી (ચેરમેન, જિલ્લા શિક્ષણ સમિતિ, આણંદ) દિલીપભાઈ પટેલ (પૂર્વ મંત્રીશ્રી, ગુજરાત સરકાર) તથા રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી રમણભાઈ સોલંકીએ આ શાળાની મુલાકાત લઈ ડૉ. પ્રવીણભાઈના માતૃપ્રેમ અને દેશપ્રેમના ઉમદા કાર્યને બિરદાવ્યું હતું. માત્ર એક જ વર્ષના ટૂંકા ગાળામાં નિર્મિત આ શાળા હવે વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે સરકારને સોંપવામાં આવી છે.

શાળાના પ્રિન્સીપાલ રોહિતકુમાર પ્રજાપતિ કહે છે કે, 'શાળામાં અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે. જેવીકે સ્માર્ટ ક્લાસરૂમ્સ, સીસીટીવી કેમેરાની સુરક્ષાથી સુસજ્જ ઓફિસ, ટીચર્સ રૂમ, આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેના વિશાળ વર્ગખંડો તથા કોમ્પ્યુટર લેબનો સમાવેશ થાય છે. પીપળી પ્રાથમિક શાળાની સ્થાપના વર્ષ ૧૯૨૭માં થઈ હતી હાલમાં ધોરણ ૧ થી ૮માં કુલ ૨૫૨ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. ડૉ. પ્રવીણ પટેલ, જેઓ 'ઝેન ગ્રૂપ ઓફ સ્કૂલ્સ' અને 'શ્રદ્ધા હોસ્પિટલ' બોરસદમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યા છે, શિક્ષણ ક્ષેત્રે આવી અનોખી પહેલથી મધ્યમ અને ગરીબ વર્ગના બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત થશે. તેઓના આ સેવાકાર્યથી પીપળી ગામ સહિત સમગ્ર પંથકમાં ખુશીનો માહોલ છવાયો છે.

નિલેશ ધોળકિયા



# 'ઘર'ની વાત!

સંબંધો ત્યારે જ મજબૂત બને છે જ્યારે આપણે એકબીજાના મનની વાત સાંભળતા અને સમજતા શીખીએ! આપણા સૌના જીવનમાં સમયે સમયે પડકારજનક અને શાતાદાયક ઘડી, ઘટના કે અવસર આવતા જ હોય છે અને તેવી ક્ષણે આપણે આપણા સ્વજનોના સથવારે કેવી રીતે સહીએ, કહીએ કે રહીએ છીએ તે જ આપણા સૌજન્ય, સંસ્કાર અને શાલીનતાનો પડછાયો બનીને ભાવિ પેઢી કે સમાજના અન્ય લોકો માટે પ્રેરક બની રહે છે. મને અને તમને જે અનુભવો થયા છે, આજે તેની તાર્કિક છણાવટ કરવી છે. પ્રસ્તુત બાબતે આપના અભિપ્રાય ચોક્કસ ફરમાવશો. આગોતરો આભાર!

શાંત વિસ્તારમાં રહેતા મહેતા પરિવારમાં બધું જ ઉપર છલ્લું ઠીક દેખાતું હતું પણ અંદરખાને ક્યાંક ભેદી મૌન છવાયેલું હતું. રમેશભાઈ આખો દિવસ કામમાં વ્યસ્ત, પત્ની સુમનબેન ઘરના કામમાં અને બંને બાળકો-આર્યન અને રીયા-પોતાના ફોનની દુનિયામાં ખોવાયેલા રહેતા. ધીમે-ધીમે ઘરમાં નાની-નાની વાતો પર દલીલો અને પછી દિવસો સુધી ખેંચાતું અકળ મૌન ઘરની શાંતિ છીનવી રહ્યું હતું. એક રવિવારે સવારે, રમેશભાઈએ બધાને હોલમાં બોલાવ્યા અને ટેબલ પર એક સુંદર, કાચની બરણી મૂકી. તેમણે હસતા મુખે કહ્યું, 'આજથી આપણે 'ખુશીઓની પરચી-ચિઠ્ઠી' શરૂ કરીશું.' બાળકોને પહેલા તો આ બધું જૂના જમાનાનું લાગ્યું, પણ પપ્પાના આગ્રહને માન આપીને તેઓ સહમત થયા. નિયમ સરળ હતો: આખું અઠવાડિયું નિરીક્ષણ કરવાનું અને રવિવારે સવારે ચિઠ્ઠી લખીને આ બરણીમાં નાખવાની.

રવિવારે જ્યારે બરણી ખોલાઈ અને બધાએ પોતપોતાની રૂમમાં જઈને એકાંતમાં ચિઠ્ઠી વાંચી, ત્યારે વાતાવરણ બદલાઈ ગયું. રમેશભાઈએ વાંચ્યુ: પપ્પા, તમે જ્યારે ઓફિસનો ગુસ્સો મમ્મી પર ઉતારો છો ત્યારે મને ખૂબ દુ:ખ થાય છે - (આર્યનની ચિઠ્ઠી), સુમનબેને વાંચ્યુ : મમ્મી, થેન્ક યુ ! તે દિવસે મારી ફેવરિટ વાનગી બનાવીને મારો મૂડ સુધારવા માટે. અને હા, સોરી મેં તારા પર બરાડા પાડ્યા હતા - (રીયાની ચિઠ્ઠી), બાળકોએ વાંચ્યુ : 'બેટા, તમે આખો દિવસ રૂમમાં રહો છો ત્યારે અમને લાગે છે કે અમે એકલા પડી ગયા છીએ. થોડો સમય અમારી સાથે પણ બેસો - (રમેશભાઈની ચિઠ્ઠી). પરિવર્તનની લહેર! કોઈ દલીલ ન થઈ, કોઈ ઝઘડો ન થયો. દરેક સભ્યએ શાંતિથી વાંચ્યું અને પોતાની ભૂલનો અહેસાસ કર્યો. જે વાતો મોઢે કહેતા ડર લાગતો હતો, તે કાગળ પર ઉતરીને દિલ સુધી પહોંચી ગઈ. ધીમે-ધીમે ઘરમાં ફેરફાર દેખાવા લાગ્યો. રમેશભાઈ હવે ઘરે આવીને ફોન સાઈડમાં મૂકી દેતા. રીયા અને આર્યન રસોડામાં મમ્મીને મદદ કરવા લાગ્યા. એકબીજા પ્રત્યે ફરિયાદ હવે સુધારામાં બદલાઈ ગઈ હતી. ખુશીઓની પરચીએ સાબિત કરી દીધું કે સંબંધોને તોડવા માટે એક ખોટો શબ્દ કાફી છે, પણ સંબંધોને જોડવા માટે માત્ર એક નાનકડી 'પરચી' અને સમજણની જરૂર હોય છે.

મારો એક સંબંધી હતો, એક સરળ સરકારી કારકુન. તેના જીવન પર નજર નાખતા, મને ક્યારેય એવું લાગ્યું નહીં કે તે 'સરેરાશ' જીવન જીવી રહ્યો છે. મોટાભાગના લોકો તેમની આવક પ્રમાણે નિવૃત્તિ માટે તેમના બાળકોના ભવિષ્ય માટે બચત કરે છે અને વર્તમાનમાં જીવવાનું ભૂલી જાય છે. પરંતુ આ માણસે એક અલગ રસ્તો પસંદ કર્યો. તેણે એક સરસ ઘર ખરીદ્યું એવો વિસ્તાર પસંદ કર્યો જ્યાં તેના પડોશીઓ તેના કરતા વધુ શિક્ષિત અને સારી સ્થિતિમાં હોય, સારી કાર રાખતો હતો, અને તેના બાળકોને સારી શાળામાં મોકલતો હતો. તે સમયે, નાણાકીય આયોજકો અને નિષ્ણાતો તેના પર હસતા - 'તમારી પાસે એટલી બધી બચત નથી, તમે મોટા ઘરનું શું કરશો?' તે ખરેખર સારું જીવન જીવતો હતો. તેને ક્યારેય લાગ્યું નહીં કે તેને કોઈ સુખ-સુવિધાઓનો અભાવ છે. તેણે તેના બાળકોને ડોક્ટર અને એન્જિનિયર બનાવ્યા, તેમને આત્મવિશ્વાસ આપ્યો અને તેમને વાતાવરણ પૂરું પાડ્યું. હા, તે પણ બીજા બધાની જેમ ખાલી હાથે ગયો. પરંતુ તફાવત

એ છે કે તેના બાળકો હવે એવા સ્તરે છે જ્યાં તેઓ એક વર્ષમાં તે કમાઈ શકે છે જે લોકો પોતાનું આખું જીવન બચાવ્યા પછી સ્વપ્ન જુએ છે.

આધુનિક ફાઈનાન્સ વિશે મને હજુ પણ એક વાત સમજાતી નથી – 'સારું ઘર ન ખરીદો, સસ્તું ઘર ખરીદો અને પૈસા બચાવો.' આ વિચાર ખાસ કરીને શ્રીમંત પિતા, ગરીબ પિતા પછી ફેલાયો. બચતનો વિરોધ કરતો નથી, પરંતુ તમારા ઘર સાથે સમાધાન કરવું એ સમજદારી નથી. ઘર એ વૈભવી નથી, તે એક જરૂરિયાત છે. અને તે ખરેખર સૌથી મોટું રોકાણ છે. સારું ઘર એક સારો પડોશી પૂરું પાડે છે. સારો પડોશી સારા મિત્રો, સારું વાતાવરણ અને તમારા બાળકો માટે સુરક્ષિત ભવિષ્ય પૂરું પાડે છે. જો તમારી પાસે લાખો રૂપિયા હોય પણ તમારો પરિવાર સુરક્ષિત ન હોય, તો તે પૈસાનો શું અર્થ છે ? વ્યક્તિ જે વાતાવરણમાં રહે છે તે તેના વિચારની મર્યાદા નક્કી કરે છે. નબળું વાતાવરણ તમને નીચે ખેંચે છે, જ્યારે સારું વાતાવરણ તમને ઉભરવા માટે પ્રેરણા આપે છે. જૂની કહેવત – વ્યક્તિ તેમની કંપની દ્વારા ઓળખાય છે – તે વ્યર્થ માટે બનાવવામાં આવી નથી. તેથી, જીવનભરનો પ્રયાસ સારા ઘરમાં રહેવાનો અને સારા લોકોથી ઘેરાયેલા રહેવાનો હોવો જોઈએ. સારું ઘર બોજ નથી; તે પાયો છે–તમારા બાળકો, તમારા આત્મવિશ્વાસ અને તમારા સમગ્ર જીવનનો. જે લોકો આ સમજે છે તેણે સાચું રોકાણ કર્યું છે!

**મનનું પોટલું:**

દેવજીભાઈએ સવારના ચાર વાગ્યાનું એલાર્મ વાગે તે પહેલાં જ આંખ ખોલી નાખી હતી. આજે તેમનો મહાભિનિષ્ક્રમણનો દિવસ હતો. વર્ષોથી લોખંડના વેપારમાં રાત-દિવસ એક કરનાર દેવજીભાઈએ નક્કી કર્યું હતું કે હવે બહુ થયું. દીકરાઓ ધંધો સંભાળી રહ્યા હતા, વહુઓ ઘર સાચવતી હતી અને પૌત્રો પોતપોતાની દુનિયામાં મસ્ત હતા. તેમને લાગ્યું કે હવે મારો અહીં કોઈ ઉપયોગ નથી. તેમણે એક નાની ચામડાની બેગ તૈયાર કરી. તેમાં માત્ર બે જોડ કપડાં, એક લોટો અને ભગવદ ગીતાની એક નાની ચોપડી હતી. જ્યારે તેઓ ઘરના મુખ્ય દરવાજે પહોંચ્યા, ત્યારે તેમનો પગ અટક્યો. આ ઘરનો ઉંબરો તેમણે પચાસ વર્ષ પહેલાં બનાવ્યો હતો. જે ઘરની એક-એક ઈંટમાં તેમનો પરસેવો હતો, તેને છોડતી વખતે અચાનક હૃદયમાં એક અજીબ ભાર લાગ્યો. પણ તેમણે મન મક્કમ કર્યું, 'ના, મારે મોક્ષ જોઈએ છે, મારે આ મોહમાયા છોડવી જ પડશે.'

રેલવે સ્ટેશન જતી વખતે રસ્તામાં ગામની ભાગોળે એક જૂના પીપળાના ઝાડ નીચે 'દાદુ ફકીર' બેસતા. આખું ગામ તેમને પાગલ ગણતું પણ દેવજીભાઈને તેમની વાતોમાં હંમેશા કંઈક ગહન લાગતું. દેવજીભાઈએ ત્યાં જઈને પ્રણામ કર્યા અને કહ્યું, 'દાદુ, આજે આ સંસાર છોડીને શાંતિની શોધમાં નીકળ્યો છું. આશીર્વાદ આપો કે, પરમાત્મા મળી જાય.' દાદુએ પોતાની ધૂણીમાંથી રાખ ઉડાડી અને ખડખડાટ હસ્યા. 'અરે દેવજી ! સામાન તો તેં હાથમાં પકડ્યો છે, પણ તારી પીઠ પર જે પોટલું છે એનું શું ?' દેવજીભાઈ આજુબાજુ જોવા લાગ્યા, 'બાપુ, મારી પીઠ પર તો કંઈ નથી!' દાદુએ ગંભીર થઈને કહ્યું, 'તારી પીઠ પર તારા અહંકારનું પોટલું છે કે 'મેં આ ઘર બનાવ્યું', તારા મનમાં પેલા પાડોશી મગન પ્રત્યેનો ત્રીસ વર્ષ જૂનો ગુસ્સો છે અને તારી આંખમાં તારા નાના પૌત્રને તું કાલે રાત્રે વઢ્યો હતો એનો અફસોસ છે. આટલા વજન સાથે તું હિમાલય ચડી શકીશ?' દેવજીભાઈ સ્તબ્ધ થઈ ગયા. તેમને સમજાયું કે તેઓ શરીરને તો ઘરની બહાર લઈ આવ્યા હતા, પણ આખું ઘર અને તેની સમસ્યાઓ મનમાં લઈને ચાલતા હતા. તેમણે પૂછ્યું, 'તો મારે શું કરવું જોઈએ?' દાદુ બોલ્યા, 'મોક્ષ કોઈ પહાડની ટોચ પર નથી બેઠો. મોક્ષ તો તારા હૃદયના ખાલીપામાં છે. જા, જેની જેની સાથે તારું મન અટક્યું છે, ત્યાં જઈને હિસાબ પૂરો કર. પૈસાનો નહીં, પ્રેમનો હિસાબ.' 'મોક્ષ શોધવા નીકળ્યો ને થાકીને ઘરે પાછો વળ્યો, ખબર નહોતી કે રસ્તો ખુદના જ અહંકારમાં અટક્યો હતો.'

દેવજીભાઈ સ્ટેશન જવાને બદલે પાછા વળ્યા. તેઓ સીધા પાડોશી મગનભાઈના ઘરે ગયા, જેની સાથે વર્ષોથી બોલચાલ બંધ હતી. દેવજીભાઈએ જઈને માત્ર એટલું કહ્યું, 'મગન, જૂની વાતો ભૂલી જઈએ? મારે હળવા થવું છે.' બંને મિત્રો ગળે મળીને રડી પડ્યા. ઘરે જઈને તેમણે પોતાના પૌત્રને પાસે બોલાવ્યો અને તેને વઢવા બદલ માફી માંગીને તેને એક ચોકલેટ આપી. બાળકની મુસ્કાન જોઈને દેવજીભાઈને જે સુકૂન મળ્યું, તે કોઈ મંદિરમાં નહોતું મળ્યું. તેમણે દીકરાઓને બોલાવીને કહ્યું, 'આ ઘર હવે તમારું છે, મારે માત્ર એક ખૂણો જોઈએ છે જ્યાં હું બેસીને તમારી પ્રગતિ જોઈ શકું.' તે દિવસે દેવજીભાઈને રાત્રે એવી ઊંઘ આવી જેવી છેલ્લા વીસ વર્ષમાં નહોતી આવી. તેમને સમજાયું કે ત્યાગ એ ઘર છોડવામાં નથી, પણ મનમાંથી પકડ છોડવામાં છે. 'દીવાલો છોડવાથી ક્યાં કોઈ સન્યાસી થઈ જવાય છે? મુક્તિ તો ત્યારે મળે, જ્યારે મનમાંથી 'મારું-તારું' વહી જાય છે.'

શૂન્યમાંથી સર્જન કરનારા વડીલોના વિસર્જનની રાહ ભૂલથી પણ ન જોતા. કેમકે વડીલોની વિદાયથી ઘર નિર્જન બની જાય છે. દાદીમાની સાડીમાંથી બનાવેલું ગોદડું બાની હયાતી પૂરી કરે છે તે ગોદડું ઓઢીએ તો એ જ હૂંફ મળે છે. પિતા ક્યારેય નહીં કહે મારી જોડે પૈસા નથી અને મા એ ક્યારેય નહીં કે'ય કે મારી તબિયત ખરાબ છે. બસ આ બે મોટા જૂઠને લીધે આ દુનિયા સુંદર છે. જેમ એક હજાર રૂપિયા એક લાખ નથી હોતા એમ એક લાખમાંથી એક હજાર રૂપિયા ઓછા હોય તો એ પણ પૂરા લાખ નથી કહેવાતા–એ રીતે માતા-પિતા ભલે ગમે તેટલાં વૃદ્ધ કેમ ન હોય, એમના કારણે જ ઘર હર્યું ભર્યું હોય છે. જ્યારે માતા-પિતા આ દુનિયામાંથી વિદાય લઈ લેશે ત્યારે આ ઘર પણ મૂંગું મંતર થઈ જશે. એટલે સમય રહેતાં સમજી જઈએ કે, આ જીવન અમૂલ્ય છે. જીવન એવું જીવવું કે આપણા ગયા પછી પણ લોકો યાદ કરે !








નરેશ અંતાણી

# કચ્છના દરિયાઈ ઈતિહાસમાં 'વીજળી' પછીની બીજી કરુણાંતિકા : વીટા અકસ્માત

કચ્છના ઈતિહાસના પાને દરિયાઈ કથાઓમાં કેટલીય શૌર્યકથાઓ આલેખાયેલી છે. આ દરિયાઈ કથાઓમાં કરુણાંતિકાઓનો પણ સમાવેશ થાય છે. કચ્છની 'વીજળી' સ્ટીમરની દારૂણ ઘટના કચ્છના ઈતિહાસમાં જાણીતી છે. આ ઘટનાનું દુઃખદ સ્મરણ કરતી વેદના એક કવિએ વ્યક્ત કરી છે.

જયજય રત્નાકરસાગર;
તેં અનેક પ્રાણીઓને તાર્યાઃ
હવે થયો કેમ નિર્દય?
ડૂબાડી 'વીજળી' મનુષ્યોને માર્યા.

'વીજળી'ની સમાધિને અહીં એટલે યાદ કરી છે કે, આવી જ એક દરિયાઈ કરુણાંતિકાની વાત કરતી ઘટના ઉજાગર કરવાનો ઉપક્રમ છે.

માંડવી બંદરના ઈતિહાસમાં 'વીજળી'ની જળ સમાધિની ઘટના બહુ જાણીતી છે, વીજળીની જળસમાધિ પછીના ચાર દાયકામાં કચ્છના અને માંડવીના દરિયાઈ ઈતિહાસમાં ઈ.સ.૧૯૨૬માં એક આકસ્મિક ઘટના સર્જાઈ જે 'વીટા અકસ્માત' તરીકે ઓળખાઈ; જો કે કચ્છના ઈતિહાસમાં વીજળીની કરુણાંતિકા જેટલી આની નોંધ લેવાઈ નથી.

કચ્છના બંદરો પર સ્ટીમરનું આવાગમન ઈ.સ. ૧૮૬૦ પછી શરૂ થયું હોવાનું નોંધાયેલ છે. સને ૧૮૭૫ પછી બ્રિટિશ ઈન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપનીની મુંબઈથી માંડવી અને માંડવીથી કરાંચીની ફેરી સેવા સ્ટીમર મારફત શરૂ કરાઈ હતી. જે એ જ રૂટ પર પરત ફરતી. તેના રૂટમાં વેરાવળ, માંગરોળ, પોરબંદર, ઓખા અને દ્વારકા વગેરે બંદરો આવતા હતા. પ્રવાસીઓની સાથે માલ-સામાનનું પણ પરિવહન કરતી. આવી જ અન્ય સેવા બોમ્બે સ્ટીમ નેવિગેશન કંપની અને લંડનની શેફર્ડ કંપની ચલાવતી આ સેવાઓ અંગ્રેજોના વહીવટ હેઠળ ચાલતી પરંતુ તેમાં અનેક ભારતીયોના શેર પણ હતા.

શેફર્ડ કંપનીની શાખા મુંબઈમાં પણ હતી. તેની બારથી વધારે સ્ટીમરો નીરા, ભીમા, ગોદાવરી, કાલિન્દી, કૃષ્ણા અને સાવિત્રી વગેરે નામથી ચાલતી. ઉપરાંત આ જ કંપનીની એસ.એસ. વૈતરણા ૧૮૮૫થી ચાલતી જે વીજળીના નામથી જાણીતી છે. ૧૮૯૪માં તાતા એ પણ 'તાતા એન્ડ સન્સ' નામથી સ્ટીમર કંપનીનો આરંભ કર્યો હતો. જો કે તે સમયે ચાલતી ગળાકાપ હરીફાઈ સામે ટકી ન શકી અને તેને બંધ કરવાનો વારો આવ્યો હતો.

એ સમયે લોકોને મુંબઈથી કચ્છ, સૌરાષ્ટ્ર અને કરાંચી જવા આવવા માટે સ્ટીમરની મુસાફરી વધારે સલામત જણાતી અને એ સમયે કચ્છમાં હજી રેલવેના પગરણ પૂર્ણ નહોતા થયા જેથી રેલવેની સફરમાં વારંવાર ટ્રેન બદલવાની સમસ્યાને કારણે તથા રેલવેમાં માલ સામાન લઈ જવાની પણ મર્યાદા નડતી આથી લોકો સ્ટીમરની મુસાફરી વધુ પસંદ કરતા હતા. આરંભમાં લોકો શેફર્ડ કંપનીની સ્ટીમરનો પ્રવાસ વધારે પસંદ કરતા પરંતુ ઈ.સ. ૧૮૮૮માં આ કંપનીની 'વીજળી' સ્ટીમરની જળ સમાધિના બનાવ પછી બ્રિટિશ ઈન્ડિયા સ્ટીમ નેવિગેશન કંપનીની સ્ટીમરનો પ્રવાસ પસંદ કરવા લાગ્યા. આ કંપનીની ચકલા, લ્હાસા, વીટા વગેરે નામની સ્ટીમરો ચાલતી તેમાં 'લ્હાસા' લોકોની પહેલી પસંદગી રહેતી. આ સ્ટીમર દર અઠવાડિયે મુંબઈથી માંડવીથી કરાંચી એ રૂટ પર ચાલતી હતી.

અનેક નાની મોટી ઘટનાઓ બનવાથી લોકોએ 'લ્હાસા'માં સફર કરવાનું બંધ કરતાં કંપનીએ થોડા વ્યવહારુ બની લોકોને આકર્ષવા નવી 'વીટા' સ્ટીમર મૂકી અને તેમાં માલસામાન વધુ લઈ જવાની પરવાનગી આપી અને વળી મુંબઈથી ઉપડી કચ્છ આવતાં સુધી ક્યાંય સ્ટીમર બદલવી ન પડતી કે વચ્ચેથી પ્રવાસીઓને ચડવા કે ઉતરવા ન દેતા જેથી આ સફર વધારે આરામદાયક અને ખલેલ વગરની રહેતી. આ સેવા માત્ર ચોમાસા દરમિયાન જ બંધ રહેતી. આ સુવિધાને કારણે વીટા સ્ટીમરને લોકો પસંદ કરવા લાગ્યા અને તેમાં સફર કરવા લાગ્યા.

વીટા સ્ટીમરની ખેપ શાંતિથી ચાલતી હતી એવામાં તા. ૪ મે ૧૯૨૬ના 'વીજળી' જેવી જ એક કરુણાંતિકા સર્જાઈ. વીટા મે મહિનાની ત્રીજી તારીખે મુંબઈથી વાયા માંડવી થઈ કરાંચી જવા નીકળી હતી. ચોથી તારીખે બપોરના માંડવી પહોંચી. લોકોને ઉતરવા તથા ચડાવવા માટે આવેલા મછવાઓમાં લોકો ઉતરવા કે ચડવા ઉતાવળા બન્યા, પરંતુ દરિયો તોફાની હોઈ 'નાની ખીચડી' (નાના મછવામાં) ૩૮ મુસાફરો પોતાના માલ સામાન સાથે ગોઠવાયા,

મછવાએ સ્ટીમર સાથે બાંધેલું દોરડું છોડી કિનારે જવા પોતાની સફર શરૂ કરી એ સમયે જ એ મછવો સ્ટીમરના પંખા સાથે બે થી વધુ વાર અથડાઈ ગયો અને થોડોક આગળ વધ્યો ત્યાં જ તેના પાટીયાં તૂટી ગયા અને દરિયાઈનું પાણી મછવામાં ભરાવા લાગ્યું અને મછવો ડૂબવા લાગ્યો. ૩૮ પ્રવાસીઓનું જીવન જોખમમાં આવી ગયું. સ્ટીમરમાં રહેલા પ્રવાસીઓ તથા સ્ટીમરમાં સફર કરતા એ સમયના કચ્છી અગ્રણીઓ શેઠ વીરજી પેરાજ, કેશવજી દામજી તથા ભીમજી પ્રેમજી સ્ટીમરના કેપ્ટન ગ્રાન્ડ ડબલ્યુ ઈ પાસે ગયા અને મુસાફરોને બચાવવા આગ્રહ કર્યો પણ તે નિષ્ક્રિય રહ્યો અને કોઈ પણ પ્રકારની મદદ કરવા ઈન્કાર કર્યો ત્યારે વીરજી શેઠે એક મુસાફર દીઠ એક હજાર પુરસ્કાર આપવાની દરખાસ્ત કરી આમ છતાં કેપ્ટન નિષ્ક્રિય રહ્યો, પરંતુ અન્ય મછવાઓ પૈકી ઈબ્રાહીમ ટંડેલ નામના મછવાવાળાથી આ કરુણ દ્રશ્ય ન સહન થતાં તેણે તુરંત પોતાના મછવાનું દોરડું છોડાવી ડૂબી રહેલા મછવા તરફ હંકારી ગયો અને પોતાના જીવના જોખમે ૩૮ પૈકી ૩૨ મુસાફરોના જાન બચાવી લીધા પણ બાકીના છ પ્રવાસીઓએ સૌની નજર સામે જ જળસમાધિ લીધી!

આ ઘટના પછી તુરત સ્ટીમરમાં રહેલા કચ્છી અગ્રણીઓ જે માંડવી ઉતરવાના હતા તેને બદલે એ જ સ્ટીમરમાં કરાંચી ગયા અને ત્યાં શીપર્સ એન્ડ બાયર્સ એસોસિએશનના મંત્રી હરિદાસ ખીમજીને મળ્યા અને આખીય ઘટના વર્ણવી અને સ્ટીમરના કેપ્ટનના તુમાખી ભર્યા અને નિર્દયી વર્તનની રજૂઆત કરી. આ બયાન સાંભળી હરિદાસે આખીય ઘટનાનું કરાંચીના ઓનરરી મેજિસ્ટ્રેટ પાસે સ્ટેટમેન્ટ કરાવ્યું અને એ સમયના વર્તમાનપત્રોમાં પણ આ ઘટનાના સમાચારો છપાવ્યા જેથી મુંબઈ અને કરાંચીમાં હાહાકાર મચી ગયો. આ ઘટનામાં જાન ગુમાવનાર બે જણા શાહ ખેરાજ દેવશીજીની ભત્રીજી તથા તેમનો પતિ પણ હતા. આથી દેવશીભાઈએ મુંબઈ આવી ધ પેસેન્જર્સ એન્ડ રિલીફ એસોસિએશનની સહાયથી પોતાના બેરિસ્ટર જહાંગીર પટેલ મારફત મુંબઈની પોલીસ કોર્ટમાં મેજિસ્ટ્રેટ રાંગણેકરની કોર્ટમાં શિપિંગ એક્ટ હેઠળ વીટાના કેપ્ટન ગ્રાન્ડ ડબલ્યુ ઈ સામે તા. ૨૦મી મે ૧૯૨૬ના ફરિયાદ નોંધાવી. રાંગણેકરે આ કેસ મેજિસ્ટ્રેટ દસ્તુરની કોર્ટમાં ચલાવવા આદેશ કર્યો પરંતુ મેજિસ્ટ્રેટે પ્રવાસીઓના જાન બચાવનાર ઈબ્રાહીમ ટંડેલના બયાનને ધ્યાને ન લઈ અને ગોરા અમલદારો કે જેમણે માંડવી જોયું પણ ન હતું તેમના બયાનને આધારે કેસ ચલાવતાં કેપ્ટન નિર્દોષ છૂટી ગયો.

એ સમયના ગુજરાતી અને અંગ્રેજી વર્તમાનપત્રોએ આ ઘટના અને કેસ અંગે અહેવાલ પ્રસિદ્ધ કરી ચૂકાદાની ટીકા કરી હતી. આ કેસમાં અપીલ કેમ ન કરાઈ એવો સવાલ કચ્છના ઈતિહાસકાર ઉમિયાશંકરભાઈ અજાણીએ પોતાના પુસ્તક 'કચ્છના બંદરો : ભાતીગળ ભૂતકાળની આવતીકાલ'માં આ આખીયે ઘટનાનું વર્ણન આધાર પુરાવાઓ સાથે કરી આશ્ચર્ય વ્યક્ત કર્યું છે. તો કચ્છી સામયિક 'સ્વદેશ'ના સંવત ૧૯૮૨ના અંકમાં આ ઘટના અને તેના ચાલેલા કેસની સિલસિલા બંધ હકીકત બયાન કરવામાં આવી છે.

આ અકસ્માતમાં પ્રવાસીઓના જાન બચાવનાર ઈબ્રાહીમ ટંડેલનું મુંબઈ તથા માંડવીમાં વિશાળ માનવ મેદની વચ્ચે રોકડ પુરસ્કાર, સુવર્ણ ચંદ્રક તથા કચ્છી પાઘડી પહેરાવી જાહેર સન્માન કરાયું હતું.

આ ઘટના પછી આવી કરુણાંતિકા ફરી ન સર્જાય અને સ્ટીમર કંપનીના અફસરો અને માલિકોની શાન ઠેકાણે લાવવા કચ્છીઓએ ખીમજી માંડણ ભુજપરીયાની આગેવાની હેઠળ લાંબો સંઘર્ષ કર્યો, એ કંપનીની સ્ટીમરમાં પ્રવાસ કરવાનો બહિષ્કાર કર્યો પરિણામે કંપની ખોટ કરવા લાગી. આથી કંપનીએ કચ્છીઓ સાથે સમાધાન કરી તેમની તકલીફો દૂર કરવાની ખાતરી આપી અને ભવિષ્યમાં આવી ઘટના ન સર્જાય એ માટે પગલાં ભરવાની હૈયાધારણ આપતાં છેક ઈ.સ. ૧૯૩૬માં આ સંઘર્ષનો અંત આવ્યો.

અહીં વર્ણવાયેલી ઘટના માટે કોઈ કુદરતી કારણ નહોતું માનવ સર્જિત ઘટના હતી. વીટા સ્ટીમરના કેપ્ટન ગ્રાન્ટ ડબલ્યુ ઈ ને ન્યાયની અદાલતે ભલે નિર્દોષ છોડી દીધો પરંતુ પ્રજાની નજરમાં તો આ કરુણાંતિકા માટે તેનામાં રહેલી માનવીય સંવેદનાનો અભાવ અને તેના તુંડમિજાજી સ્વભાવના કારણે લોકોએ લાંબો સમય સુધી તેનો બહિષ્કાર કર્યો હતો.

આજની પેઢી 'વીજળી' અને વીટાની કરુણાંતિકાને ભૂલી ગઈ છે પરંતુ માંડવીના બંદરિય ઈતિહાસના પાને આ ઘટના શાશ્વત રહેશે.

**બ્રિટિશ કેપ્ટન દ્વારા હમાલ ઈસ્માઈલ પર અમાનુષી ત્રાસ ગુજારાયો!**

લ્હાસા સ્ટીમરમાં ૧૯મી જાન્યુઆરી ૧૯૨૦ના એક એવી ઘટના બની કે, માલ સામાન ચડાવવા માટે આવતા હમાલો પૈકી એક હમાલ ઈસ્માઈલ અજા સ્ટીમર ઉપડી જતા સ્ટીમરમાં રહી ગયો હતો. આવું ઘણીવાર બનતું ત્યારે માર્ગમાં આવતાં પહેલા બંદરે તેને ઉતારી દેવામાં આવતો જે પછીથી બીજી સ્ટીમરમાં પરત માંડવી આવી જતો. પરંતુ આ વખતે ઈસ્માઈલે પોતાનો પરવાનો બતાવી પોતાની હકીકત રજૂ કરવા છતાં તેની સાથે સ્ટીમરના કેપ્ટન હેરોલ્ડ વીકટર ચેન્ડલરે તેને ખુદાબક્ષ મુસાફર ગણી તેની સાથે અમાનવીય વર્તન કર્યું.

એ વખતે સ્ટીમરમાં પ્રવાસ કરી રહેલા સુરજી વલ્લભદાસ સહિતના કચ્છી અગ્રણીઓએ ઈસ્માઈલનો બચાવ કરવા છતાં કેપ્ટને તેની કોઈ વાત ન માની અને જાજરૂમાં પૂરી નાખવાની સજા કરી પછી છેક પોરબંદરમાં તેને ઉતારી દીધો. આ ઘટના પછી પ્રવાસી કચ્છી અગ્રણીઓએ મુંબઈની કોર્ટમાં કેપ્ટન સામે કેસ કર્યો અને એ કેસમાં કેપ્ટનને રૂા. ૧૦૦/–નો દંડ કરાયો હતો. ફી




# ગ્રો-વેલ એકેડેમી

**ધો: ૧૦-૧૨ પાસ-નાપાસ**

| | |
|---|---|
| હોસ્પિટલ આસિસ્ટન્ટ | ૧ વર્ષ |
| ઓપરેશન થિયેટર ટેકની. | ૧ વર્ષ |
| પેશન્ટ કેર ટેકનીશીયન | ૧ વર્ષ |
| એક્સ-રે ટેકનીશીયન | ૧ વર્ષ |
| GNM નર્સીંગ | ૩ વર્ષ |

**મહાવીર માર્ગ, આણંદ**

**99135 57505**




# લેખકને ભેટમાં મળ્યું પુસ્તકાલય એક અનોખી પ્રેરણાગાથા

એક કલાકાર તરફથી એક યશસ્વી લેખકને આખું પુસ્તકાલય ભેટરૂપે મળ્યું હોય તેવો ભારતમાં કદાચ આ પહેલો જ અવસર ગણાય. જ્યાં એક લેખકના જન્મદિવસે ઉદાર હૃદય ધરાવતા કલાકારે લેખકના નામે પુસ્તકાલયની અનોખી ભેટ અર્પણ કરી હોય તેવી ઘટના વિરલ કહેવાય.

મિત્રો, આ વાત છે એવા સહૃદયી સર્જકોની, પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદી અને કલમના કસબી શ્રી જય વસાવડાની જેમના પરિચયની જરૂર નથી.



તાજેતરમાં શ્રી જય વસાવડાના ગોલ્ડન જ્યુબિલી જન્મદિવસ નિમિત્તે રાજકોટની રાષ્ટ્રીય શાળામાં યોજાયેલા સમારંભ દરમિયાન ડૉ. જગદીશ ત્રિવેદી દ્વારા નિર્મિત 'જય વસાવડા પુસ્તકાલય'નું ઉદઘાટન આમંત્રિત મહાનુભાવો અને ઉપસ્થિત જનસમૂહની હાજરીમાં હર્ષોલ્લાસપૂર્વક કરવામાં આવ્યું.

આ કાર્યક્રમની વિશેષતા એ રહી કે માત્ર બે વર્ષની બાળકી પ્રથાના હસ્તે આ પુસ્તકાલયનું ઉદઘાટન થયું હતું. ગાંધીજીની ચેતનાથી પ્રેરિત રાજકોટની રાષ્ટ્રીયશાળાની આ પવિત્ર ભૂમિ પર જય વાસાવડા જેવા લેખકના નામે પુસ્તકાલય સ્થાપવાનું વિશેષ મહત્વ છે કારણ કે તે મૂળભૂત રીતે પુસ્તકાલયનું જ સંતાન છે. જય વસાવડા જેવા લેખકના નામે પુસ્તકાલય બનવાથી નવી પેઢીમાં વાંચનની રૂચિ વધશે અને પુસ્તકાલય પ્રત્યેનો પ્રેમ પણ વિકસશે તેવી ભાવના પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદીએ આ પ્રસંગે વ્યક્ત કરી હતી.

શ્રી જય વસાવડાએ પણ પોતાની લાગણી વ્યક્ત કરતાં જણાવ્યું કે, 'તેમના પુસ્તકપ્રેમનો શ્રેય તેઓ પોતાના માતા-પિતાને આપે છે. મને મા ના ધાવણ સાથે જ વાંચન, જ્ઞાન અને ભાષાનો વારસો મળ્યો છે. પિતાશ્રી મધ્યમ વર્ગના હોવા છતાં મર્યાદિત આવકમાં પણ ઘરમાં નવા પુસ્તકો અને મેગેઝિન લાવતા.' એક લાઈબ્રેરિયન પિતાના પુત્ર તરીકે તેમના જીવનમાં બાળપણથી જ પુસ્તકો પ્રત્યેનો અનહદ લગાવ સ્પષ્ટ દેખાય છે. અને એટલે જ તેમની કલમ આજે કોઈ પરિચયની મોહતાજ નથી.

પુસ્તકપ્રેમી એવમ્ શબ્દના ઓલિયા આરાધક એવા જય વસાવડાને તેમના ગોલ્ડન જ્યુબિલી જન્મદિવસ નિમિત્તે ફીલિંગ્સ પરિવાર તરફથી અનેક હાર્દિક શુભકામનાઓ. તેમની આ આરાધના આવનારા સમયમાં વધુ ઓજસ્વી અને યશસ્વી બની પત્રકારત્વના આકાશમાં ધ્રુવતારક સમાન તેજસ્વી બની રહે-એવી શુભેચ્છા અસ્થાને નહીં ગણાય. ફી




સીઝનલ ચટાકેદાર અથાણાં માટે
મસાલા તો...માત્ર "શ્રીહરિ" નાં જ !
SINCE 2008
રસોઈ માટે તૈયાર...
શ્રી હરિ®
રેડી-ટુ-કૂક મસાલા
અથાણાં મસાલા
ખાટી કેરી અને ગોળ કેરી
માટેનાં તૈયાર મસાલા.
SHRI HARI MASALA
Pickle Masala
FOR SWEET MANGO
અથાણાંનો તૈયાર મસાલો
Pickle Masala
FOR SOUR-SPICY MANGO
અથાણાંનો તૈયાર મસાલો
Ready to Use
NO onion garlic
NO tuber-roots
100% natural product
અગ્રગણ્ય પ્રોવિઝન / કિરાણા સ્ટોર્સમાં ઉપલબ્ધ
હવે ઑનલાઈન શૉપીંગ કરો....
www.shriharimasala.com
નોંધ: કેટરર્સ અને હોટલો માટે મોટા પેકીંગમાં પણ ઉપલબ્ધ...
Mfg. by: SHRI HARI MASALA, Halol, Gujarat, INDIA.
Email: shriharimasalahalol@gmail.com
CUSTOMER CARE : 94092 00015 / 63536 87099
IMAGE MAKER-09327020557



# દલિત મહિલા ઉષા ચૌમારની સંઘર્ષથી સફળતા સુધીની યાત્રા...

## મેલું ઉપાડનારના માથે પદ્મશ્રીનો તાજ..!

માર્ચ મહિનામાં હોળી, ધૂળેટી અને ગુડી પાડવો જેવા મહત્વના તહેવારો આવે છે, પરંતુ આ તહેવારો કરતાં પણ વધુ મહત્વ ૮મી માર્ચે ઉજવાતા વિશ્વ મહિલા દિવસને મળે છે. સમાજમાં સંઘર્ષમય જીવન જીવીને સફળતા પ્રાપ્ત કરતી મહિલાઓને સન્માનિત કરવાનો આ દિવસ છે. ત્યારે વિશ્વ મહિલા દિવસને યાદગાર બનાવી દે એવી એક દલિત મહિલાની વાત...

વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ રાષ્ટ્રપતિ ભવનના વિશાળ હોલમાં મંચ પરથી પદ્મશ્રી, પદ્મવિભૂષણ વગેરે એવોર્ડ એનાયત કરી રહ્યા હતા. એક પછી એક નામોની જાહેરાત થતી જતી હતી અને એવોર્ડ આપવામાં આવતા હતા. લાઈટોના ઝગમગાટ વચ્ચે ફોટોગ્રાફી ચાલી રહી હતી. આ દરમિયાન એક નામની જાહેરાત થઈ-ઉષા ચૌમાર!

આ જાહેરાત થતાં જ તે પોતાની સીટ પરથી ઊભી થઈ અને સ્ટેજ તરફ આગળ વધી. ચાલતા ચાલતા તે યાદોના માર્ગે ખોવાઈ ગઈ... રાજસ્થાનના અલવરમાં જન્મેલી સાત વર્ષની બાળકી ઉષા એક દિવસ પોતાની માતા સાથે શૌચાલયની ગંદકી (સ્ટૂલ) કેવી રીતે સાફ કરવી



તે જોવા ગઈ હતી. ત્યારબાદ તાલીમ મળ્યા પછી તેણે પોતાના હાથમાં ટોયલેટનો ટબ લઈને, ડોયા જેવા વાસણની મદદથી ઘરે-ઘરે ફરીને સંડાસ સાફ કરવાનું કામ શરૂ કર્યું હતું. તેની માતા તેને આ કામ યોગ્ય રીતે શીખવી રહી હતી.

જે ઉંમરમાં બાળકો રમવાની મજા માણતા હોય તે ઉંમરમાં ઉષા ગંદકી સાફ કરવાનું કામ કરતી હતી. તેમાં માત્ર દસ-પંદર રૂપિયા મળતા હતા. જ્યારે કોઈના ઘરે મહેમાનો આવે, ત્યારે ત્યાં શૌચાલયની ગંદકી વધુ થતાં એ સાફ કરવા થોડા વધુ પૈસા મળતા હતા. આ કામમાં એક પણ દિવસની રજા મળતી નહોતી. જો તે બીમાર પડી જાય, તો તેણે તેના બદલે બીજા કોઈને કામ કરવા મોકલવા પડતા અને તેના માટે જાતે રૂપિયાની ચૂકવણી કરવી પડતી.

ઉષાએ દસ વર્ષની ઉંમરે લગ્ન કર્યા, પરંતુ સાસરે પણ આ જ કામ પેઢીથી ચાલતું હોવાથી તેને ત્યાં પણ સંડાસ સાફ કરવાનું ચાલુ રાખવું પડ્યું.

ઉષા ઘરે આવીને નાહી-ધોઈને ગમે તેટલી સફાઈ કરે, તો પણ શરીર પરથી દુર્ગંધ દૂર ન થતી, જેના કારણે તેને જમવાની ઈચ્છા થતી નહોતી. લોકો તેને દૂરથી જ આવતી જોઈને નાક ઢાંકી લેતા. ગંદકી સાફ કરીને તેને નાંખવા માટે તેમની બિરાદરી માટે અલગ રસ્તો કે પગદંડી બનાવવામાં આવી હતી, જ્યાંથી બીજું કોઈ પસાર થતું નહોતું.

રાત્રે લોકો બાકી રહેલું વાસી ભોજન પ્લાસ્ટિકની થેલીઓમાં બાંધીને ફેંકી દેતા અને ઉષા તે રાત્રે ઉપાડી લાવતી. તેને કોઈ મંદિરના પગથિયાં પર બેસીને શાંતિથી ભોજન કરવા પણ દેવામાં આવતું નહોતું. આવી દુર્દશામાં ઉષા અને તેની સાથે કામ કરતી અન્ય મહિલાઓ જીવન જીવતી હતી.

એક દિવસ ચાર-પાંચ સ્ત્રીઓ માથે



ગંદકીના ટોપલા લઈને જઈ રહી હતી. ગંદકી ઠાલવીને પાછી ફરતી વખતે તેમની બાજુમાં એક કાર આવીને ઉભી રહી. કારમાંથી એક વ્યક્તિ ઉતર્યો અને તેમની સાથે વાત કરવા લાગ્યો.

તેમણે કહ્યું, 'મારે તમારી સાથે વાત કરવી છે અને તમારા ફાયદા માટે કંઈક કહેવું છે. પરંતુ એ પહેલાં તમે તમારો ઘૂંઘટ હટાવો.'

બધાંને થયું કે, આ માણસ નક્કી માર ખાવાનો થયો છે! અમે અમારા દિયર સામે પણ ક્યારેય ઘૂંઘટ નથી હટાવતા, તો પછી આ અજાણ્યો માણસ કોણ છે જે અમને ઘૂંઘટ હટાવવાનું કહી રહ્યો છે.

તે વ્યક્તિએ તેમનો રસ્તો રોકીને પૂછ્યું, 'શું તમે આ ગંદકી સાફ કરવાનું કામ છોડીને કોઈ સન્માનજનક કામ કરવા તૈયાર છો?' તેણે સમજાવ્યું કે આ કામ પેઢીથી ચાલતું હોવા છતાં, ઈચ્છાશક્તિ હોય તો બદલાવ શક્ય છે. આ અદ્ભૂત પ્રસ્તાવ મુકનાર વ્યક્તિ 'સુલભ ઈન્ટરનેશનલ'ના સ્થાપક ડૉ. બિંદેશ્વર પાઠક હતા.

ડૉ. બિંદેશ્વર પાઠકે તે સ્ત્રીઓને દિલ્હી લઈ જવાનો નિર્ણય કર્યો. તે સ્ત્રીઓ માટે દિલ્હી જવું એ જાણે વિદેશ જવાનું સપનું સાકાર થવા જેવું હતું.

ઉષાના સાસુએ કહ્યું, 'અમને આ કામમાંથી મુક્તિ મેળવવાનો પ્રયાસ કરતા ૯૦ વર્ષ થઈ ગયા, છતાં છૂટકારો મળ્યો નથી. તો શું તમે આમાંથી હવે છૂટકારો મેળવી શકશો?

સાસુએ સાથ ન આપ્યો, પરંતુ ઉષાના પતિએ તેનો સાથ આપ્યો અને તે દિલ્હી ગઈ. ત્યાં સુલભ કાર્યાલયમાં શિક્ષકો અને છોકરીઓએ ફૂલોના હાર પહેરાવીને તેમનું સ્વાગત કર્યું. ઉષાએ જીવનમાં પહેલીવાર ફૂલનો હાર પહેર્યો હતો. તેના પતિએ લગ્નમાં પણ તેને ફૂલોનો હાર પહેરાવ્યો ન હતો. આ યાદ આવતા જ તેની આંખોમાં આંસુ આવી ગયા.

ડૉ. બિંદેશ્વર પાઠકના કારણે જ તેને પહેલી વાર કોઈ મોટી હોટલમાં મનપસંદ ભોજન લેવાનો લ્હાવો મળ્યો હતો. ત્રણ દિવસ પછી તે મીઠાઈ અને ૨૦૦ રૂપિયા લઈને અલવર પાછી ફરી. જે લોકોના ઘરે તે સંડાસ સાફ કરવા જતી હતી તેઓ હવે તેને મહેણાં મારવા લાગ્યા.

હવે આ કામ નહીં કરે તો શું મહારાણી બનીને રહેશે? જોઈએ કે અમારા વગર તેનું ઘર કેવી રીતે ચાલે છે!

અલવરમાં 'નઈ દિશા' નામે તાલીમ વર્ગ શરૂ થયો. ત્યાં ટીવી પણ લગાવવામાં આવ્યું હતું. સ્વચ્છતા વિશે શીખતા શીખતા ઉષાએ જીવનમાં પહેલીવાર સવારે સ્નાન કરીને દિવસની શરૂઆત કરી. પહેલાં તો સવારે ગંદકી સાફ કરવી પડતી હોવાથી ન્હાવાનો પ્રશ્ન જ નહોતો.

હવે રોજ નાહી-ધોઈને સ્વચ્છ કપડાં પહેરીને બહાર નીકળવાનો આનંદ અનોખો હતો. નાકમાં વસેલી દુર્ગંધ હવે અગરબત્તીની સુગંધમાં બદલાઈ ગઈ હતી. તાલીમ દરમિયાન તેને અથાણાં, પાપડ અને કાપડની થેલીઓ બનાવતા શીખવવામાં આવ્યું.

જ્યારે ઉષાએ પૂછ્યું, 'અમારા જેવા અછૂતના હાથે બનેલો સામાન કોણ ખરીદશે?' ત્યારે તેને જવાબ મળ્યો-'સુલભ ઈન્ટરનેશનલ.'

ડૉ. બિંદેશ્વર પાઠકે સુલભ ઈન્ટરનેશનલની શરૂઆત ગામડામાં આવેલા આરાથી કરી હતી. તેઓએ સંડાસની ગંદકી ઉપાડનારાઓની મનોદશા અને તેમની દુર્દશાને સમજવા માટે સંડાસની ગંદકી ઉપાડવાનું કામ બે દિવસ સુધી કર્યું હતું. આ કામમાં કેટલી પીડા, કેટલી વ્યથા અને કેટલી લાચારી છે તે તેઓએ જાતે જ જાણી લીધી હતી.

આ નવી દિશાએ ઉષાના જીવનને ધરમૂળથી બદલી નાખ્યું. હવે તેની પાંખોમાં ઊડાન ભરવાનો બળ આવી ગયો હતો. એક નવી દુનિયાનું સુંદર આકાશ જાણે હાથ ફેલાવીને ઉષાનું સ્વાગત કરવા આતુર હતું. ઉષાએ સુલભ ઈન્ટરનેશનલ સાથે જોડાઈને જનજાગૃતિ લાવવાનું કાર્ય શરૂ કર્યું. અન્ય શિક્ષણ સાથે તેણે અંગ્રેજી ભાષા પણ શીખી અને આત્મસાત કરી લીધી. આ કાર્યની તેની સફર ૨૦૦૩માં શરૂ થઈ હતી અને ૨૦૦૭માં તે સુલભ ઈન્ટરનેશનલની મહિલા પ્રમુખ બની હતી. ઉષાએ અમેરિકા, દક્ષિણ આફ્રિકા, ઈંગ્લેન્ડ અને ફ્રાન્સનો પણ પ્રવાસ કર્યો હતો, જ્યાં તેણે અનેક ભાષણો આપ્યાં હતાં. રસપ્રદ વાત એ છે કે તેણે અમેરિકામાં એક ફેશન શોમાં સાડી પહેરીને કેટવોક પણ કર્યું હતું.

જે સ્ત્રીના માથા પર ક્યારેક ગંદકીની ટોપલી હતી, તેના માથા પર હવે સફળતાનો સાફો શોભાયમાન હતો. જે લોકો પહેલાં તેને જોઈને દૂર ભાગતા હતા, તે જ લોકો હવે તેને સન્માનપૂર્વક ઘરે આમંત્રિત કરતા હતા. તેના કાર્યની નોંધ મંત્રી રાજનાથ સિંહે લીધી હતી. બાદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીજી સાથે તેની મુલાકાત પણ કરાવવામાં આવી હતી.

આ બધું સરસ થઈ રહ્યું હતું, પરંતુ ઉષાના ઘરે વરણ (એટલે કે મોળી પીળી લચકા દાળ) ક્યારેય બની નહોતી કારણ કે, એ વરણ એને સંડાસની ગંદકીની યાદ અપાવતું. આ ઉષાના મન પર ઊંડે સુધી પડેલી પીડાની પરાકાષ્ઠા છે

તાળીઓનો ગડગડાટ થયો અને ઉષા ચૌમાર વર્તમાનમાં પાછાં ફર્યાં. આજે મળેલું આ સન્માન માત્ર તેમનું જ નથી, પરંતુ સમગ્ર મહિલા જાતિનું સન્માન છે, જેણે પરિસ્થિતિને શરણે ગયા વિના મળતી દરેક તકને બહાદુરીપૂર્વક ઝડપી લીધી છે. 'સુલભ શૌચાલય' અને 'સુલભ આંતરરાષ્ટ્રીય' સંસ્થાના પ્રયત્નોથી ગંદકી ઉપાડવાની પ્રથા લગભગ સમાપ્ત થઈ ગઈ છે. આજે ગંદકીની જગ્યાએ ડો. બાબાસાહેબ બિંદેશ્વર પાઠક જેવા મહાન વ્યક્તિત્વોના આશીર્વાદરૂપ હાથ દલિત સમાજના લોકોના માથા પર છે.

આ સંઘર્ષ અને પરિવર્તનની ગાથા દરેક માટે પ્રેરણાસ્રોત બની રહે છે. સંકલ્પ, સાહસ અને યોગ્ય માર્ગદર્શન મળે તો કોઈપણ પરિસ્થિતિને બદલવી શક્ય છે. ફી






પ્રદીપ પરીખ

# સિનિયર સિટિઝન માટે સાચા અર્થમાં સુખનું ધામ બનતું 'સુખધામ'

જીવતરના આરે આવીને ઉભેલ વડીલો માટે વાનપ્રસ્થાશ્રમને પસાર કરવાનું સાવ સુગમ અને આનંદપ્રદ બની રહે તેવા ઉમદા આશય સાથે વડોદરાથી ૪૦ કિ.મી. અને ડભોઈથી માત્ર ૩ કિ.મી.ના અંતરે આવેલ એક અનોખું નિવૃત્તિધામ એટલે 'સુખધામ.' જેને આધુનિક સુખ સુવિધાથી સજ્જ વૈભવી રિસોર્ટ કહેવામાં જરાપણ અતિશયોક્તિ નથી.

ઓમાનમાં વ્યવસાયિક સામ્રાજ્ય ધરાવતા મૂળથી જ સેવાભાવી એવા શ્રી સુરેન્દ્રભાઈ રાજગુરુને ૨૦૧૦ની આસપાસ વિચાર આવ્યો કે જેનું કોઈ નથી હોતું અથવા હોય છે છતાં સમાજ વ્યવસ્થાના ભાગરૂપે પોતાના જ ઘરમાં અસહાયતા અનુભવતા હોય એવા સિનિયર સિટિઝન માટે એક એવું આશ્રય સ્થાન બનાવવું કે જ્યાં તેઓની બધી જ જરૂરિયાતો સંતોષાતી હોય, સાથે જ આનંદ પ્રમોદ, ધાર્મિક વાતાવરણ અને ઉત્તમ સ્વચ્છતા તો ખરી જ. આ બધું જ હોવા છતાં તે એફોર્ડેબલ પણ હોય એવું એક સ્થાનક બનાવવું, જ્યાં કોઈ ધંધાદારી ભાવના નહીં માત્રને માત્ર સેવા ભાવ હોય. આ લેખક પણ સુખધામમાં ચાર વખત આવી ચૂક્યા છે. તે સિવાય રિટાયર્ડ બેંક મેનેજર સહિતના વિવિધ પેન્શનર્સ હોય કે કાયમી રહેતા શ્રેણિકભાઈ, પંકજભાઈ, ચૌલાબેન, ઓમપ્રકાશજી જેવા નિવૃત્ત વડીલો માટેનું આદર્શ ઘર સુખધામ છે. શિવ સંકલ્પ વેલ્ફેર ફાઉન્ડેશન રચિત 'સુખધામ વાનપ્રસ્થ' ધામની સ્થાપના ૨૦૧૦માં થયેલ. આજે ૫૪ ડીલક્ષ રૂમ તેમજ ૧૮ સ્યુટ રૂમ્સ મોટેભાગે આરક્ષિત હોય છે. જેમાં અન્નપૂર્ણા એસી ડાઈનિંગ હોલ, કલબ હાઉસ કે જેમાં લાઈબ્રેરી, જિમ્નેશિયમ રૂમ વગેરેનો સમાવેશ થાય છે. મનોરંજન તથા ધાર્મિક કાર્યક્રમો માટેનો એસી ડિવાઈન હોલ તેમજ જિમ્નેશિયમ રૂમમાં સાઈકલ, વાઈબ્રેટર, વોકર, લેગ વાઈબ્રેટર વગેરેની સવલતો ઉપલબ્ધ હોય છે. ધનવંતરી હેલ્થ સેન્ટર કે જેમાં Zakuzi, Steam Bath સ્પાઈનલ બેડ, બોડી મસાજ




ચેર, લેગ મસાજ ચેર, કાંસ્ય થાળી થેરાપી ઉપરાંત આરોગ્ય સેન્ટરમાં અઠવાડિયે બે વાર એમડી / એમબીબીએસ ડોક્ટર તથા ફિઝિયોથેરાપિસ્ટની સેવાઓ પણ ઉપલબ્ધ હોય છે. અન્ય વિશેષતાઓ જોઈએ તો ચાલવાની તકલીફવાળા વડીલો માટે ડાઈનિંગ રૂમ સુધી જવા આવવા માટે ઈ-રિક્ષાની સુવિધા, હેલ્થ ઈમર્જન્સીમાં ડભોઈ કે વડોદરા હૉસ્પિટલ જવા આવવા માટે એમ્બ્યુલન્સની ઉપલબ્ધતા તેમજ



સંસ્થાના પરિસરમાં આવેલ પવિત્ર મંદિર કે જ્યાં રોજ સાંજે ભજન કીર્તન તથા સવાર સાંજની આરતી પણ થાય છે. ભોજનમાં ઉપયોગ માટે મેથી, પાલક, ટામેટા, મરચાં, કોથમીર, દુધી વગેરે આશ્રમની જ જમીનમાં ઉગાડેલ ઓર્ગેનિક શાકભાજી વપરાય છે.










રાજસ્થાની રસોઈયા દ્વારા ગાયનું દૂધ, ફ્રુટનો બ્રેકફાસ્ટ, બપોરના ભોજનમાં ગુજરાતી દાળ-ભાત, રોટલી, શાક, કઠોળ, પાપડ, સલાડ અને છાશ ઢળતી બપોરે ચા તથા નાસ્તો તેમજ સાંજે ૭-૦૦ વાગે ખીચડી કઢી સાથેનું હેલ્ધી અને સ્વાદિષ્ટ ભોજન જમવાની વ્યવસ્થા ઉપલબ્ધ છે. પ્રસંગોપાત સ્વીટ હોય છે તેમજ જમવાનું હેલ્ધી હોય તેનું ખાસ ધ્યાન રખાય છે. દરરોજ રૂમમાં તથા ટોયલેટમાં સફાઈ થાય છે. કપડાં ધોવા માટે ધોબી રોજ સવારે લઈ જાય અને બપોરે પરત આપી જાય છે. ટૂંકમાં ગૃહિણીઓને આખો દિવસ ઘરકામથી સંપૂર્ણ મુક્તિ, આરામ અને મનોરંજન સાથે ધાર્મિક પ્રવૃત્તિઓ માત્ર હોય છે. કિચન સ્ટાફના ૧૨ તથા અન્ય સફાઈ મેન્ટેનન્સના ૨૫ મળી કુલ ૩૭ વ્યક્તિના સ્ટાફ તેમજ સમગ્ર આશ્રમનું ઓવર ઓલ સંચાલન હાલમાં ૨૦૨૩થી રિટાયર્ડ રેલવે ઓફિસર, અને સંસ્થાના નિયામક ડાયરેક્ટર શ્રી અંગ્રેજસિંગ સાહેબના કુશળ નેતૃત્વ હેઠળ સંભાળવામાં આવે છે. શિસ્તના આગાહી, કડક છતાં સૌમ્ય મિલનસાર સ્વભાવના સિંગ સાહેબ માટે ભાગ્યે જ કોઈને ફરિયાદ હશે. સંસ્થાના માલિક શ્રી સુરેન્દ્રભાઈની ભાવના છે કે અહીંના Reasonable ચાર્જિસમાંથી પણ જો કોઈ સરપ્લસ ફંડ બચે તો તેનો ઉપયોગ સુખધામને વધુ સુખમય બનાવવામાં વાપરવું. ઈશ્વરને પ્રાર્થના, આવી શિવ સંકલ્પ યુક્ત ભાવના કે જે કલ્યાણકારી હોય, પવિત્ર હોય, શુદ્ધ હોય, અને આશીર્વાદરૂપ હોય એવો સેવાભાવ ધરાવતા સેવા અનુરાગી માનવ શ્રી સુરેન્દ્રભાઈ તથા તેમની સેવાભાવી ડાયરેક્ટર્સની ટીમ વધુને વધુ યશસ્વી બને અને વડીલો માટે 'સુખધામ' સાચે જ આશીર્વાદરૂપ બની રહે, તેવી પરમાત્માને પ્રાર્થના.













# બોલીવૂડના ખલનાયકો

ના ટક કે ફિલ્મમાં નાયકની સામે ગોઠવાયેલા નાયકથી વિરુદ્ધ પ્રકૃતિના પાત્રને ખલનાયક કહે છે. આમ તો આપણો પરિચય વિલન કે ખલનાયક સાથે ન થાત, પણ ભલું થજો નાટકો અને ફિલ્મોનું કે જેના લીધે આપણે ખલનાયકોને ઓળખતા થયા. પરંપરાગત રીતે ફિલ્મોમાં નાયકો એટલે કે હીરો, હિરોઈન, હિરોઈનની મા તથા હિરોઈનના નાના ભાઈથી લઈને પોતાના ગામ અને દેશને બચાવવા સુધીના સાહસો કરવાના હોય છે. હવેના હીરો બીજા ગ્રહોના વિલનો સામે પૃથ્વીનું રક્ષણ પણ કરી રહ્યા છે. ખલનાયકો એટલે કે વિલન લોકો હીરો લોકોને આવા સાહસો કરવાની તક આપતા હોય છે. મજાની વાત એ છે જૂની ફિલ્મોના વિલનો કુલ અઢાર રીલની ફિલ્મમાં સત્તર રીલ તો આલીશાન બંગલા કે અડ્ડામાં મહેફિલો જમાવી, દારૂ પી અને એમની સેક્રેટરી કે છમિયા સાથે નાચગાન અને મોજ કરતા. છેલ્લી એકાદ રીલમાં એમણે હીરોનો માર ખાવાનો રહેતો. આ જોઈને અમને હંમેશાં વિચાર આવતો કે હાળું આવા જલસા કરવા મળતા હોય તો એકાદ રીલ માર ખાઈ લેવાય. શું કહો છો?

અત્યાર સુધી આપણે ત્યાં ડાન્સમાં બોલીવૂડના હીરોની નકલ કરવામાં આવતી હતી. લોકો રીતિક રોશનની પ્રાયમસને પંપ મારવા જેવી ડાન્સ સ્ટાઈલની પણ નકલ કરી ચૂક્યા છે. હવે લોકો 'એનિમલ' ફિલ્મના વિલન અબરારની માથે ગ્લાસ સાથેની પનિહારી સ્ટાઈલ અને 'ધુરંધર'ના રહેમાન ડકૈતની પાંખ સૂકવતા બતક જેવી સ્ટાઈલની કોપી કરવા માંડ્યા છે. તખ્તાના સમયથી બદનામ એવા ખલનાયકોની અસર જાહેર જીવનમાં દેખાઈ હોય એવું 'શોલે' પછી પહેલી વાર જોવા મળ્યું છે. આજે એક નજર નવા અને જૂના ખલનાયકો પર નાંખીએ.

**જીમઃ** મને ખાતરી છે કે તમે થોડા સમય પહેલા જ એને રૂપેરી પડદે જોયો છે પણ તમને યાદ નહિ હોય! જમરૂખ ખાનના ફેન્સની આ જ તકલીફ છે! 'પઠાન' યાદ છે? એનો વિલન જીમ એટલે કે જહોન અબ્રાહમ હતો. આમ લઘર-વઘર કપડામાં ફરનારો જહોન ફિલ્મમાં 'રો'નો એક્સ એજન્ટ હોઈ બીજા ગ્રહના વાસી જેવા કપડામાં બતાવ્યો છે. સ્ટોરી લખનારે એની ભરતી 'આઉટફીટ-એક્ષ' નામના આતંકી ઓર્ગેનાઈઝેશનના હેડ તરીકે કરેલી. એને અડ્ડાના નામે રશિયાના સાઈબિરિયામાં એક લેબ હતી જેમાં એણે શીતળાના વાઈરસનું સંવર્ધન કરેલું જેનાથી એ ભારત પર હુમલો કરવા ધારતો હતો. આખી ફિલ્મમાં જીમ અને પઠાણ ભ'ઈ બેઉ જણા માખીની જેમ દુબઈ, મોસ્કો, પેરીસ, સાઈબિરિયા, સ્પેન, આફ્રિકા એમ ઉડ ઉડ કરે છે. છેવટે ઉડતા વિમાનમાં પઠાણ ભ'ઈ જીમનું કાટલું કાઢીને દેશને વાઈરસના હુમલાથી બચાવે છે. પઠાણ ભ'ઈ ન હોત તો આપણે કોરોનાની જેમ ફરી બેડ, બાટલા અને વેક્સિન શોધતા હોત.

**કાલી ગાયકવાડઃ** આ વિલન પણ યાદ નથી ને? મલ્ટિપ્લેક્સની મોંઘા ભાવની ટિકિટ ખરીદીને સત્તાવન વર્ષના જમરૂખની 'જવાન' જોઈ આવો છો પણ વિલન યાદ નથી રહેતો! વિજય સેતુપતિ એનો વિલન હતો એ તમારી જાણ સારું. એ કાબરચીતરી દાઢી રાખતો. આજકાલ સાઉથના વિલનો મધપૂડા જેવી દાઢી રાખતા હોઈ એ લોકો દાઢીમાંથી બહાર નીકળીને મળે તો ઓળખી ન શકીએ એવું બને. સ્ટોરી તો ફિલ્મમાં અમદાવાદની રિક્ષાની જેમ ફરે છે પણ છેલ્લે ચૂંટણી જીતવા માટેના કાલીભાઈના પૈસા ભરેલી ટ્રકો બેટો જમરૂખ અને અને એના બાપા જમરૂખ (ડબલ રોલ) કબજે કરે છે. આમ તો એક જ જમરૂખ કાફી હતો પણ એઝ યુઝવલ છેલ્લી ફાઈટમાં બાપ દીકરો ભેગા મળીને કાલી ગાયકવાડને લટકાવી દે છે.


**શાકાલઃ** શોલેની સફળતા પછી સિપ્પીએ બનાવેલી 'શાન' ફિલ્મના આ વિલને ફિલ્મ રીલીઝ થાય એ પહેલાં ખૂબ ઉત્કંઠા જગાવેલી; પણ ફિલ્મમાં એને જોયા પછી પૈસા પડી ગયાની લાગણી થયેલી. કુલભૂષણ ખરબંદાએ આ રોલ કરેલો. માથે ટકલુ અને ફાઈવસ્ટાર હોટેલના દરવાનના પોશાકમાં સજ્જ શાકાલને ૧૯૮૦ની સાલમાં સીસીટીવીથી સજ્જ અડ્ડાના આલીશાન કંટ્રોલ રૂમમાં બેસીને ત્રણ ત્રણ હીરોની પદુડી કાઢતો બતાવ્યો હતો. એ કંટ્રોલરૂમમાં મગરો પણ રાખતો! અડ્ડામાં આટલો ચુસ્ત બંદોબસ્ત હોવા છતાં ત્રણ ત્રણ હીરો એમની હિરોઈનો સાથે અડ્ડામાં ઘૂસી - નાચી ગાઈને એની ધુલાઈ કરી જાય છે.

**ગબ્બરઃ** શોલેના આ વિલનમાં પ્રોડ્યુસરને વિલનના કપડાં, અડ્ડા કે શસ્ત્રો પાછળ ઝાઝો ખર્ચો નહિ કરવો પડ્યો હોય. કદાચ શાકાલના ફોલ્ડરોના યુનિફોર્મ જેટલા ખર્ચામાં ગબ્બરની આખી ડાકુ ટોળીના ખમીસ ધોતિયા અને ફાળિયાનો જોગ થઈ ગયો હશે. એમાં ગબ્બર તો લશ્કરનો જૂનો યુનિફોર્મ જ પહેરતો. એ દેશી તમાકુ ખાતો એટલે દારૂનોય ખર્ચો નહિ! અડ્ડાના નામે ડુંગરાના ખડકો અને ભેખડો વચ્ચે સોસાયટીના ગરબા ગ્રાઉન્ડ જેટલું ચોગાન હતું અને એમાં ગબ્બર ખાટલો નાખીને પડ્યો રહેતો. છેલ્લા રીલમાં ઠાકુરે એ ચોગાનમાં જ એનો વારો કાઢેલો!


**મોગેમ્બોઃ** શાકાલ ગુજરી ગયો પછી સાત વર્ષે 'મોગેમ્બો' આવ્યો. શાકાલ જીવતો હોત તો ઝાકઝમાળના મામલે એના અને મોગેમ્બો વચ્ચે અંબાની-અદાણી જેવી હરીફાઈ હોત! બિજોન દાસગુપ્તાએ એનો અડ્ડોય જોરદાર ડિઝાઈન કરેલો! શાકાલ દરવાનનો પોષાક પહેરતો તો મોગેમ્બો સોનેરી સાંકળીયું અને જરકસી જામા પહેરેલા વાજાવાળાના પોશાકમાં સજ્જ રહેતો. જોકે એની પાસે ફૂંક મારીને વગાડવાના વાજાના બદલે આખા ભારતને ફૂંકી મારી શકે એવી મિસાઈલો હતી. 'મોગેમ્બો ખુશ હુઆ...' એ ડાયલોગ આજે પણ લોકો ખુશી થઈ હોય એવા પ્રસંગે છૂટથી વાપરે છે. છેલ્લી રીલમાં અદ્રશ્ય મિ. ઈન્ડિયા એની ધુલાઈ કરે છે ત્યારે બાળકો સીટ પર ઉભા થઈને કિકિયારીઓ કરતા.

લોકમાનસ પર પોતાની અદાકારી દ્વારા અમીટ છાપ છોડી જનારા બીજા પણ ઘણા ફિલ્મી વિલનો છે જેમના વિષે ફરી કોઈ વાર વાત કરીશું.

## સુનભાઇ સાધો...




**ભૂરોઃ કમલા પસંદ છે?**
**પાનવાળોઃ ના. મને એની બેન પસંદ છે.**




વિષ્ણુરામ ચેવડાવાળા
જુના અને જાણીતા... દેશ-વિદેશમાં નામાંકિત...
SINCE 1932
VISHNURAM
CHEVEDAWALA
અસલ સોલાપુરી ચેવડો
લીલો સુકો ચેવડો
લીલો (નરમ) ચેવડો
મકાઈનો ચેવડો
ફરાળી ચેવડો
લસણ ચેવડો
સ્પે. નડીયાદી મીક્ષ
ઘઉંનો ચેવડો
ભાખરવડી
દરેક જાતના સ્વાદિષ્ટ ચેવડા અને ફરસાણ મળશે
Vishnuram F. & Co.
Near Amdavadi Pole, Raopura, Vadodara -1.
M. +91 9824796796 / 9499778778
Home Delivery Any Where (By Courier)




CHIPS
INTERNATIONAL
પરદેશ
પાર્સલ સેવા
WE
MOVE IT
FAST
GUARANTEED
આપણા સગા સંબંધીઓને કપડા, વાસણ, નાસ્તા,
મિઠાઇ, અથાણા,મુખવાસ, મરી-મસાલા ઘરવખરી હાન્ડીક્રાફ્ટ
મંદિર, મુર્તિ વગેરે આઇટમ ડોર ટુ ડોર મોકલાવી આપીશું.
SELF
COMMITED
RESPONSIVE
ECONOMICAL
RELIABLE
TRUSTED
Contact Us
98980 95632, 85111 95632
B-2, GALAXY COMPLEX, B/H NATIONAL PLAZA, R.C.DUTT ROAD,ALKAPURI, VADODARA.

NUMEROLOGY
CONSULTATION
" Numerology can change your destiny "
SS Numerologistt
Numerologists claim to divine the future through ancient practices related to the numbers associated with a person's name, birth date, and other basic aspects of life.
They also profess to interpret the past, discern a person's character, and measure the amount of luck a person has.
Fix your Career, Health, Wealth & Relationship by fixing the numbers in your life.
Fourtune Teller Sangeeta Shukla
Call For Appointment
+91- 7678427245
HOW DO WE GUIDE?
Analysis of date of birth
Lucky Colour & Numbers
Name spelling correction
Signature Correction
Relationship & Health
Business Guidence
Mobile Numerology
Vastu Guidence

વડોદરામાં પ્રથમવાર સિમ્યુલેટર દ્વારા
મોટર કાર - ફોર વ્હીલર ચલાવતા શીખો
ફાલ્ગુનીબેન : (O) ૮૨૩૮૦૯૮૮૫૦
શ્રી આસ્થા મોટર ટ્રેનીંગ સ્કૂલ
DRIVING SCHOOL
lessons and practice
STOP
ફોરેન ટાઈપ સિમ્યુલેટર દ્વારા
આપવામાં આવતુ શિક્ષણ
FF- 6, આદિત્ય એવન્યું, કોટક મહિન્દ્રા બેંક સામે,
મહાવીર હોલ ચાર રસ્તા, આજવા રોડ, વડોદરા.

# એપ્રિલ ૨૦૨૬નું માસિક ફળકથન

**મેષ (અ.લ.ઈ.)**

આ મહિનો તમારા માટે ખૂબ જ સારો રહેવાનો છે, પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોને આ મહિને વધુ સમસ્યાઓ થઈ શકે છે. વિદ્યાર્થીઓ આ મહિને વધુ સારું કરવાનો પ્રયાસ કરી શકે છે, તમે સારી દિનચર્યા જાળવી રાખશો અને યોગાભ્યાસથી તમને સારા સ્વાસ્થ્યનો લાભ પ્રાપ્ત થશે. નોકરિયાતવર્ગે આ મહિને થોડું ધ્યાન રાખવું જોઈએ. તમારી સમસ્યાઓમાં વધારો થઈ શકે છે.

**વૃષભ (બ.વ.ઉ.)**

આ મહિનો તમારા માટે સામાન્ય રહેવાનો છે. આ મહિનો તમારા સ્વાસ્થ્ય માટે કેટલીક સમસ્યાઓ લાવનારો રહેશે. આ સમય દરમિયાન નાની બાબતો પર સંપૂર્ણ ધ્યાન આપવું પડશે. વ્યવસાય કરતા લોકોએ રોકાણ કરતા પહેલા થોડું વિચારવું પડશે. નોકરી કરતા લોકોને પ્રમોશન મળી શકે છે. આ મહિને તમને પૈસા સંબંધિત વધુ સમસ્યાઓ થઈ શકે છે. પૈતૃક સંપત્તિને લગતો કોઈ કાનૂની વિવાદ પણ વધી શકે છે.

**મિથુન (ક.છ.ઘ.)**

આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. આ મહિને જીવનસાથી સાથે સંકલન સારું રહેશે. નોકરી કરતા લોકોને તેમના કામથી નવી ઓળખ પ્રાપ્ત થશે. આ મહિને, તમારે વ્યવસાયમાં સાવધાની સાથે આગળ વધવું જોઈએ. વિદ્યાર્થીઓ માટે તેમનું ધ્યાન અભ્યાસ કરતાં અન્ય બાબતો પર વધુ રહેશે. જે તેમના અભ્યાસમાં અવરોધો ઉભા કરી શકે છે. તમારે તમારી દિનચર્યા પર થોડું ધ્યાન આપવાની જરૂર છે.

**કર્ક (ડ.હ)**

આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોને આ મહિને સારા પરિણામો પ્રાપ્ત થશે. જો તમે આ મહિને સમજદારીપૂર્વક પૈસા ખર્ચશો, તો તમે સારા પ્રમાણમાં પૈસા બચાવી શકશો. વ્યવસાય કરતા લોકોને નુકસાન થવાની શક્યતા છે, નોકરી કરતા લોકો આ મહિને ખુશ રહેશે. વિદ્યાર્થીવર્ગ સંપૂર્ણ મહેનત અને પ્રામાણિકતા સાથે તેમના અભ્યાસમાં વ્યસ્ત રહેશે. આ સમયે તમારું સ્વાસ્થ્ય ખૂબ સારું રહેશે.

**સિંહ (મ.ટ.)**

આ મહિનો તમારા માટે ખૂબ સારો રહેશે, તમારું સ્વાસ્થ્ય પણ સારું રહેશે. નોકરી કરતા લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. અજાણ્યા લોકોથી અંતર રાખવું. લગ્ન જીવનમાં કેટલીક સમસ્યાઓમાં વધારો થઈ શકે છે, પ્રેમ જીવન જીવતા લોકો તેમના સંબંધોને સુધારવા માટે તેમના પ્રિયની વાતને મહત્વ આપશે. આવકને ધ્યાનમાં રાખીને પૈસા ખર્ચવા વધુ સારું રહેશે.

**કન્યા (પ.ઠ.ણ.)**

આ મહિનો તમારા માટે મધ્યમ ફળદાયી રહેવાનો છે. વિદ્યાર્થીઓ આ મહિને પોતાની મહેનતમાં ધીમા પડી શકે છે. આ સમયનો પૂરો લાભ લેવાનો પ્રયાસ કરવો, તમારું સ્વાસ્થ્ય સારું રહેશે. રોકાણ કરનારા લોકોના ખર્ચમાં વધારો થઈ શકે છે, આ મહિનો વિવાહિત જીવન જીવતા લોકો માટે ખુશીઓ લાવશે, તમે બંને કોઈપણ કામ કરવા માટે નિષ્ઠાપૂર્વક પ્રયાસ કરી શકશો.

**તુલા (ર.ત.)**

આ મહિનો તમારા માટે સારો રહેવાનો છે. તમે તમારા પરિવારના સભ્યો સાથે ધાર્મિક મુસાફરી પર જવાનું પણ આયોજન કરી શકો છો. નોકરી કરતા લોકોએ તેમના કામ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. તમારા પિતાના સ્વાસ્થ્યને લગતી કોઈ સમસ્યા ઊભી થઈ શકે છે, ખાવા-પીવામાં બેદરકારીને કારણે તમને લીવર સંબંધિત કોઈ સમસ્યા થવાની પણ શક્યતા છે.

**વૃશ્ચિક (ન.ય.)**

આ મહિનો તમને તમારી ઘણી સમસ્યાઓમાંથી રાહત આપશે પરિવારમાં ખુશી રહેશે. તમારે તમારા સ્વાસ્થ્ય પ્રત્યે થોડું ધ્યાન રાખવું પડશે. વેપારીવર્ગે પૈસા અને વ્યવસાયની ચિંતા કરવાની જરૂર રહેશે નહીં, તમે જે પણ કાર્ય કરી શકો છો તેમાં તમને ચોક્કસપણે સફળતા પ્રાપ્ત થઈ શકે છે. નોકરિયાતવર્ગને નોકરીમાં રાજકારણનો ભાગ બનવું જોઈએ નહીં અન્યથા તે તમારા કામને અસર કરી શકે છે.

**ધન (ભ.ધ.ફ.)**

આ મહિનો તમારા માટે સકારાત્મક પરિણામો લાવનારો રહેશે. તમારા જીવનમાં વધુ ખુશીઓ આવશે, પ્રેમ જીવન જીવતા લોકો તેમના સંબંધો પ્રત્યે ખૂબ ઉત્સાહી રહેશે. લગ્નજીવનમાં તમારી સમસ્યાઓથી છૂટકારો મેળવશો. આ મહિને નાણા પ્રત્યે થોડું ધ્યાન રાખવું, તમને અભ્યાસ કરવાનું મન થશે, પરંતુ ધ્યાન ભટકવાથી અભ્યાસથી દૂર જશો.

**મકર (ખ.જ)**

આ મહિનો તમારા માટે સામાન્ય રહેવાનો છે. દામ્પત્ય જીવનમાં મતભેદ થઈ શકે, વાતચીત રાખવી જરૂરી છે. તમે તમારી કૌટુંબિક જવાબદારીઓ પૂર્ણ કરવામાં પણ ઘણા પૈસા ખર્ચ કરી શકો છો. તમે પરિવારના સભ્યો સાથે પિકનિક વગેરેનું આયોજન કરી શકો છો. તમારે તમારા સ્વાસ્થ્યનું ખાસ ધ્યાન રાખવું પડશે, કોઈની સાથે ભાગીદારીમાં કામ કરવાનું તમારે ટાળવું જોઈએ.

**કુંભ (ગ.શ.સ.)**

આ મહિનો પ્રગતિ લાવનારો રહેશે. પારિવારિક જીવનમાં કેટલીક સમસ્યાઓ ઉકેલવાની જરૂર પડશે. પ્રેમ જીવનમાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. વિદ્યાર્થીઓ પણ અભ્યાસમાં સારું પ્રદર્શન કરવાનો પ્રયાસ કરતા રહેશે, તમારી સંપત્તિમાં વધારો થશે. શેરબજારમાંથી તમને સારો લાભ મળતો જોવા મળી રહ્યો છે. નોકરિયાતવર્ગને નોકરીમાં પ્રમોશન મળવાથી ખુશ થશે.

**મીન (દ.ચ.ઝ.)**

આ મહિનો તમારા માટે ખૂબ જ સારો રહેવાનો છે. પ્રેમ જીવન વિતાવી રહેલા લોકોને ઇચ્છિત પ્રિય સાથે પ્રેમમાં આગળ વધવાની તક મળશે. તમને કારકિર્દીમાં પણ સારી સફળતા પ્રાપ્ત થશે. આ સમય નોકરી કરતા લોકો માટે ખૂબ જ સારો રહેશે. તમે તમારા વ્યવસાયમાં કંઈક નવું કરવાનું વિચારી રહ્યા છો તો હમણાં રોકાઈ જાઓ. તમારી કેટલીક સમસ્યાઓ વધી શકે છે.

GaneshaSpeaks®.com
Your friend, astrologer & guide

**કેવું રહેશે ૨૦૨૬!**

જાણો, **ગણેશાસ્પીક્સ** ના વિદ્વાન જ્યોતિષિયો પાસેથી

ગણેશાસ્પીક્સ એપ ડાઉનલોડ કરો, અને મેળવો
**₹100/- ના રિચાર્જ પર ₹200/- નું બેલેન્સ**

QR સ્કેન કરો **ગણેશાસ્પીક્સ** એપ ડાઉનલોડ કરો

આ સેવામાં જ્યોતિષીઓ 24 કલાક 365 દિવસ ઉપલબ્ધ હોય છે જેથી તમે તમારી સગવડ પ્રમાણે કોલ કરી શકો છો.

જ્યોતિષીને આપેલી તમારી માહિતી અને તેમની સાથે કરેલી ચર્ચા સંપૂર્ણ ખાનગી રહેશે.

### સામાજિક-આર્થિક અને માનસિક સમસ્યાઓથી ઘેરાયેલા વ્યક્તિઓને સધિયારો પૂરું પાડતું

# 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'

**'ફીલિંગ્સ' ફાઉન્ડેશન ચક્ષુદાન, અન્નદાન, ઓર્ગન ડોનેશન તેમજ શાકાહારી ભોજનના પ્રચાર-પ્રસાર માટે અવિરતપણે અનેક લોકોના જીવનમાં અજવાળું પાથરવાનું કાર્ય કરે છે.**



SPIRIT OF LIFE
Feelings
Foundation

તાજેતરમાં વિશ્વના અનેક દેશો મોંઘવારીનો સામનો કરી રહ્યાં છે. ભારતમાં પણ મોંઘવારી અને બેરોજગારીના કારણે અનેક પરિવારોની સ્થિતિ ખરાબ થઈ છે. તેઓ તેમની આર્થિક સમસ્યાનો કોઈ ઉકેલ નજરે ન પડતાં, હતાશ થઈ, જીવલેણ પગલું ભરી બેસે છે.

આવી સમસ્યાના ઉકેલ માટે તથા મદદ પૂરી પાડવાનું કામ 'ફીલિંગ્સ' પબ્લિકેશન દ્વારા પ્રેરિત 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'ના સ્થાપક પ્રમુખ શ્રી અતુલભાઈ શાહના નેતૃત્ત્વ અને માર્ગદર્શન હેઠળ તેમની ટીમ ડિપ્રેશનમાં આવેલ લોકોને જરૂરી માર્ગદર્શન અને હૂંફ આપી ડિપ્રેશનમાંથી બહાર લાવી તેઓનું જીવન બચાવે છે.

'ફીલિંગ્સ' મેગેઝિનનું વિશ્વમાં ૫૫થી વધુ દેશોમાં નેટવર્ક હોવાથી 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'ના બેનર હેઠળ નોકરીની જરૂરિયાત હોય તેવા કોઈપણ ક્ષેત્રમાં નોકરી કરવા ઈચ્છતા યુવક-યુવતીઓને તેમના ક્વોલિફિકેશનને અનુરૂપ નોકરી શોધી આપવામાં સહાય કરે છે.

'ફીલિંગ્સ ફાઉન્ડેશન' ચક્ષુદાન તેમજ શાકાહારી ભોજનનો પ્રચાર-પ્રસાર કરી પોતાનું સામાજિક ઉત્તરદાયીત્વ નિભાવી રહ્યું છે. એક અંદાજ પ્રમાણે દેશમાં ૫૦ લાખથી વધારે અંધજનો તેમના જીવનમાં પ્રકાશ રેલાય તેની રાહ જોઈ રહ્યાં છે. આ ફાઉન્ડેશન વિવિધ માધ્યમો દ્વારા સમાજમાં ચક્ષુદાન માટે લોકોને જાગૃત કરે છે. કૃત્રિમ રીતે ન બનાવી શકાતી આંખો, મૃત્યુબાદ શરીર સાથે બળી જાય છે કે દટાઈ જાય છે. તેના બદલે જો તેનું દાન કરવામાં આવે તો બીજી નેત્રહીન વ્યક્તિના જીવનમાં પ્રકાશ પાથરી શકાય છે! નેત્રદાન માટેના આ પ્રયાસોને સદીના મહાન અભિનેતા અમિતાભ બચ્ચને પણ બિરદાવ્યા છે.

માર્કેટિંગની આ દુનિયામાં માંસાહારના પોષણ યુક્ત ભ્રામક પ્રચારના કારણે જીવહત્યાનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે. ત્યારે લોકોને શાકાહાર અને પ્રકૃતિ તરફ વાળવા માટે 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' શાકાહારની હિમાયત કરનારા, વિશ્વના અગ્રણીઓના વિચારોને 'રત્નકણિકા' પુસ્તિકા દ્વારા લોકો સુધી પહોંચાડે છે.

મનોદિવ્યાંગ બાળકો તેમજ વૃદ્ધો માટે વડોદરા નજીક આધુનિક સુવિધાઓથી સજ્જ એક વિશાળ રેસિડેન્શિયલ કેમ્પસનું પ્લાનિંગ ચાલી રહ્યું છે જેમાં ગૌશાળા સાથે વર્લ્ડબેસ્ટ સુવિધા ધરાવતું નેચરોપેથી સેન્ટર પણ નિર્માણ પામશે.

દેશ-વિદેશમાં લગ્ન માટે યોગ્યપાત્રની પસંદગી કરવામાં પણ ફીલિંગ્સ આપને સહાયરૂપ બનશે. આપનો બાયોડેટા ફીલિંગ્સ કાર્યાલય પર મોકલી શકો છો.

મિત્રો, શુભેચ્છકો અને માનવ માત્રને ઉપયોગી થવાની ભાવનાવાળા એવમ્ સંબંધીઓનો પ્રોત્સાહક સહયોગ મેળવતા ખુશનસીબ શ્રી અતુલભાઈ શાહ આ કાર્યને પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવાના બદલે સેવાભાવે સહજ પરમાર્થરૂપે કરે છે. તેઓ માને છે કે, જે સમાજે આપણને ઘણું આપ્યું છે તે સમાજને આપણે કંઈક ઉપયોગી બનીએ. આવી ભાવનાથી 'ફીલિંગ્સ ફાઉન્ડેશન' આપને મદદરૂપ થઈ શકે છે. વધુ માહિતી માટે આપ 'ફીલિંગ્સ ફાઉન્ડેશન'નો નીચેના નંબર પર સંપર્ક કરી શકો છો.

**Whatsapp No : +91-98253 28488**
**feelingsfoundation2010@gmail.com**

## ૨૮ વર્ષ, ૫૫ દેશો, ૪૦ લાખથી વધુ વાચકોનું ગ્લોબલ નેટવર્ક



'Feelings'-International Gujarati Family Magazine

ફીલિંગ્સ

વિશ્વભરના ગુજરાતીઓનું માનીતું પારિવારિક મેગેઝિન

**Subscription Offer**

1 Year Subscription INDIA ₹ 1100

1 Year Subscription ABROAD US $100

## Subscription Form

Name : Mr/Ms.................................................. Period :..............................
Address : ..................................................................................
.................................................................................. City :..............................
Pin :.............................. Ph (Off):.............................. (Resi)..............................
Mobile:.............................. E-mail :..................................................
Please find enclosed Cheque/DD no:.............................. Dated.................. for Rs.............................. favoring
FEELINGS MULTIMEDIA LTD.
Date :...../...../.............................. Receipt No.:.............................. Signature :..............................

Website: www.feelingsmultimedia.com

**FEELINGS MULTIMEDIA LIMITED**

**Corporate Office:** 102-03-04, Pacific Plaza, VIP Road, Karelibaug, Vadodara-390 018, Gujarat (India).
Cell: 088663 99530, **E-mail:** info@feelingsmultimedia.com, atulshah496@gmail.com

**USA (NEW JERSEY) :** 266 MIDDLESEX ESSEX TPK., SUITE 207 ISELIN, NJ 08830 E-mail : infousa@feelingsmultimedia.com

**INTERNATIONAL ASSOCIATES :** USA | UK | CANADA | AUSTRALIA | KENYA | MUSCAT | DUBAI | MALAYSIA




## ઉત્કૃષ્ટ સામાજિક યોગદાન માટે નીતા અંબાણીને હ્યુમેનિટેરિયન એવોર્ડ મળ્યો

રિલાયન્સ ફાઉન્ડેશનના સ્થાપક અને અધ્યક્ષા નીતા અંબાણીને પ્રતિષ્ઠિત કલિંગા ઈન્સ્ટિટ્યૂટ ઓફ સોશિયલ સાયન્સિસ (કેઆઈએસએસ) તરફથી હ્યુમેનિટેરિયન એવોર્ડ (માનવતાવાદી પુરસ્કાર) ૨૦૨૫થી સન્માનિત કરવામાં આવ્યા છે. શ્રીલંકાના નોબેલ પુરસ્કાર વિજેતા મોહન મુનાસિંઘે અને સંસ્થાના ડૉ. અચ્યુત સામંતના વરદ્ હસ્તે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો.

રિલાયન્સ ફાઉન્ડેશન દ્વારા શિક્ષણ, આરોગ્ય, મહિલા સશક્તિકરણ અને રમતગમતમાં ઉત્કૃષ્ટ સામાજિક યોગદાન બદલ નીતા અંબાણીનું આ એવોર્ડથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે હજારો આદિવાસી વિદ્યાર્થીઓને સંબોધતા નીતા અંબાણીએ મહિલા સમાનતા અને હિંમત પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું 'આપણા પુત્રો જે કરી શકે છે, તે આપણી પુત્રીઓ પણ કરી શકે છે. બંને વચ્ચે કોઈ ફરક નથી.'

તેમણે કહ્યું કે 'મને ભરોસો છે કે ભારતનું ભવિષ્ય અત્યંત ઉજ્જવળ છે'. ૨૦૦૮માં સ્થાપિત, આ એવોર્ડ માનવતાવાદી સેવાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ વ્યક્તિઓને આપવામાં આવે છે. અગાઉ, આ સન્માન રતન તાતા, દલાઈ લામા અને અનિરુદ્ધ જગન્નાથ જેવી હસ્તિઓને આપવામાં આવ્યું છે. કેઆઈએસએસ વિશ્વની સૌથી મોટી આદિવાસી યુનિવર્સિટી છે. અહીં ૮૦ હજાર બાળકોને કિન્ડરગાર્ટનથી લઈને પીજી સુધીનું મફત શિક્ષણ અને રહેવાની સુવિધા મળે છે.



## માતા-પિતા જીવંત હોય ત્યાં સુધી સંતાન તેમની મિલકતમાં હક્ક માંગી શકે નહી : હાઈકોર્ટ

પારિવારિક સંપત્તિના વિવાદમાં હાઈકોર્ટે એક મહત્ત્વનો ચુકાદો આપ્યો છે. જ્યાં સુધી માતા-પિતા જીવંત હોય ત્યાં સુધી બાળકો તેમની સંપત્તિ પર કોઈ હક્ક જતાવી શકે નહીં. એક પુત્રએ તેની માતા વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરી હતી. પિતા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ હોવાથી માતાએ તબીબી ખર્ચ માટે બે ફ્લેટ વેચવાનો નિર્ણય લીધો હતો. પિતા કોમામાં છે. પિતા બાદ માતાને પરિવાર ચલાવવાનો કાયદેસર અધિકાર છે. આથી પતિના ઈલાજ માટે કોઈ પણ સંપત્તિ વેચવાનો તેને અધિકાર છે, એવો ચુકાદો કોર્ટે આપ્યો હતો.



## જવાહર બક્ષીને પ્રતિષ્ઠિત પ્રિયદર્શીની એકેડેમી તરફથી સાહિત્ય પુરસ્કાર અર્પણ કરાયો

પ્રખ્યાત ગુજરાતી ગઝલકાર શ્રી જવાહર બક્ષીને ભારતની જાણીતી સંસ્થા પ્રિયદર્શીની એકેડેમી દ્વારા ગુજરાતી સાહિત્યનો ચંદાબેન મોહનભાઈ પટેલ 'ગુજરાતી લીટરરી' એવોર્ડ (૨૦૨૬) તાજેતરમાં મુંબઈ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં એનાયત કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતી ઉપરાંત હિન્દી, મરાઠી અને સિંધી ભાષામાં પણ પ્રિયદર્શીની સંસ્થા દ્વારા લીટરરી એવોર્ડ આપવામાં આવશે.




## પેન એન્ડ સ્ટેશનરી એસોસિએશન ઓફ ઈન્ડિયાનો વાર્ષિક એવોર્ડ સમારંભ ઉજવાયો

ભારતના પ્રતિષ્ઠિત પેન એન્ડ સ્ટેશનરી એસોસિએશન ઓફ ઈન્ડિયાનો વાર્ષિક એવોર્ડ સમારંભ તાજેતરમાં મુંબઈમાં ભવ્યતાથી સંપન્ન થયો. સમારંભમાં એસોસિએશનના પ્રમુખ રાજેશ બોહરા, રાહુલ સોની, ઈન્ડિયન ચેમ્બર ઓફ ઈન્ટરનેશનલ બિઝનેશના પ્રમુખ મનપ્રીતસિંહ, ધી ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુ. એસોસિએશનના પ્રમુખ સુનિલ શાહ, સોની પોલિમર્સ પ્રા. લિ.ના માર્કેટીંગ હેડ શરદ થોમ્બે, ડોમ્સ ઈન્ડ. લિ.ના ઉપપ્રમુખ સુરજ રવેશિયા, ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક મેન્યુ. એસો.ની રિસાઈકલીંગ કમિટીના અધ્યક્ષ સિદ્ધાર્થ શાહ તથા ફ્લેર રાઈટીંગ ઈન્ડ. લિ.ના એમ.ડી. વિમલચંદ રાઠોડ સહિત અનેક ગણમાન્ય મહાનુભાવોની ઉપસ્થિતમાં સભ્યો અને કન્સલટન્ટોને વર્ષ ૨૦૨૫ માટે એપ્રિસિએશન એવોર્ડ, તથા નિકાસકારોને વર્ષ ૨૦૨૪-૨૫ના એક્ષપોર્ટર્સ એવોર્ડ એનાયત કરી સન્માનિત કરાયા હતા. આ સંગીતમય સમારંભમાં ભૂતકાળની સિદ્ધિઓ, વર્તમાન પડકારો અને ભવિષ્યની ઉજ્જવળ તકો અંગેની વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી.

– ધર્મેશ વકીલ



## મુંબઈમાં ભારતીય જનતા પાર્ટી જૈન સેલના પ્રેસિડેન્ટ તરીકે શ્રી સી.વી. શાહની વરણી

મુંબઈમાં ભારતીય જનતા પાર્ટી જૈન સેલના પ્રેસિડેન્ટ તરીકે શ્રી સી.વી. શાહની વરણી થતાં જૈન સમાજ ખૂબ જ આનંદની લાગણી અનુભવે છે ફીલિંગ્સ મલ્ટિમીડિયા લિમિટેડ પરિવાર તેઓને આ સિદ્ધિ બદલ હાર્દિક અભિનંદન પાઠવી તેઓના ઉજ્જવળ ભવિષ્યની કામના કરે છે.




# 'મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમી' દ્વારા મુંબઈમાં બૃહદ્ ગુજરાતી સમાજના સહયોગથી યોજાયો ગુજરાતી-મરાઠી નાટ્યસંગીત કાર્યક્રમ

શ્રી બૃહદ્ ગુજરાતી સમાજ મુંબઈના સહયોગથી ગુજરાતી-મરાઠી નાટ્ય સંગીતનો અદ્ભૂત કાર્યક્રમ તાજેતરમાં મુંબઈના આંગણે યોજાઈ ગયો. દીપ પ્રાગટ્ય બાદ મરાઠીનાટ્ય સંગીતની શ્રી સુદર્શન પાટીલ એન્ડ ગ્રુપ દ્વારા મનમોહક પોવાડા નૃત્ય દ્વારા સુંદર રજૂઆત કરાઈ હતી ત્યારબાદ એકપાત્રી અભિનયનો આનંદ દર્શકોએ માણ્યો હતો. મરાઠી માતૃભાષા વિશેનું એક નાનકડું પ્રહસન પણ પ્રસ્તુત કરાયું હતું ત્યારબાદ ગુજરાતી રંગભૂમિના પ્રસિદ્ધ કલાકારો ઉત્કર્ષ મજુમદાર તથા ડૉ. મંજરી મજુમદારે જૂની રંગભૂમિના કર્ણપ્રિય ગીતો સુંદર અભિનય સાથે રજૂ કરી દર્શકોની દાદ મેળવી હતી. મહારાષ્ટ્ર રાજય ગુજરાતી સાહિત્ય અકાદમીના પૂર્વ અધ્યક્ષ શ્રી સ્નેહલ મજુમદારે પગ પેટી (હાર્મોનિયમ)ના માધ્યમથી મધુર ગીતોની સંગીતમય પ્રસ્તુતિ કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા.

આ ત્રણેય કલાકારોનું અન્વેશ જોષી, અશ્વિન દેરાસરી અને દિનેશ સંઘવી દ્વારા સન્માન કરાયું હતું. મરાઠી કલાકાર સુદર્શન પાટીલ અને ગ્રુપનું સન્માન શ્રી નિલેશભાઈ વ્યાસે કર્યું હતું. ઉપરાંત આ કાર્યક્રમના સંયોજક નિરંજનભાઈ પંડયાનું સન્માન પૂર્વાબેન કુલકર્ણી અને અશ્વિન દેરાસરી દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું મરાઠીમાં સંચાલન પૂર્વાબેન કુલકર્ણી તથા ગુજરાતીમાં સંચાલન અશ્વિન દેરાસરી દ્વારા સુચારૂ રીતે કરવામાં આવેલ હતું.



આ કાર્યક્રમના સ્પોન્સરર શ્રી ચિંતનભાઈ દરૂ, રાહુલભાઈ મજીઠીયા તથા શ્રી હિતેશભાઇ કારેલીયા બન્યા હતાં.







# વડોદરામાં યોજાયું પત્રકાર એકતા પરિષદ ૨૦૨૬નું ભવ્ય અધિવેશન

વડોદરા શહેર ફરી એક વખત પત્રકારત્વના ઈતિહાસમાં મહત્ત્વનું પાનું ઉમેરી રહ્યું છે. પત્રકાર એકતા પરિષદ કે જેની સ્થાપના વર્ષ ૨૦૧૮માં કરવામાં આવી હતી. આ સંસ્થા પત્રકારોના હિત અને કલ્યાણ માટે સતત કાર્યરત છે. તાજેતરમાં વડોદરામાં ભવ્યતાથી યોજાયેલ આ અધિવેશનમાં પ્રદેશ અધ્યક્ષ લાભુભાઈ કાત્રોડીયા સહિત અનેક હોદ્દેદારો ઉપસ્થિત રહ્યાં હતા. આ અધિવેશનનું આયોજન આઇટી સેલના પ્રમુખ નીતિન ગેલાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. જેમાં વડોદરા જિલ્લા પ્રમુખ ઘનશ્યામ પટેલ, ઉપપ્રમુખ હુસૈન મન્સુરી, ઉપપ્રમુખ ભાવેશ ઠક્કર, હિરેન સિરકે, મંત્રી રિતેશ શાહ, પ્રદેશ મહામંત્રી નિલેશ પાઠક, પ્રદેશમંત્રી પ્રદિપસિંહ સરવૈયા, મહિલા વિંગના મનીષાબેન પરીખ તથા સેજલબેન ઉપાધ્યાયની ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમમાં અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતા જેમાં ક્રાંતિકારી સ્વામી માર્ગીય સ્મિત, મેડીકલ એસો. પ્રમુખ મીતેષ શાહ, આસ્થા ફાઉન્ડેશન અગ્રણી યોગેશ પટેલ તથા ફીલિંગ્સના સીએમડી એડિટર અતુલ શાહનો સમાવેશ થાય છે.

આ અધિવેશનમાં પત્રકારો માટે રૂપિયા ૧૦ લાખના વીમા કવચની ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી હતી. આ સમારંભમાં સમગ્ર ગુજરાતમાંથી મોટી સંખ્યામાં પત્રકારો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં પત્રકારોની ભૂમિકા, પડકારો અને તેમની સુરક્ષા અંગે વિવિધ વકતાઓએ ચર્ચા કરી હતી. પ્રદેશ પ્રમુખ મનોજ સોનીએ કાર્યક્રમનું સુંદર સંચાલન કર્યું હતું તથા પ્લેબેક સિંગર વામન જોગરાણાએ મનભાવન ગીતોથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતાં.



# Feelings મિર્ચી

## ગઝલ

બારી ઊઘડવાની પ્રથા જેવું હતું કે નહિ!
ગમતી હવાની આવજા જેવું હતું કે નહિ!

ક્યાં કોઈ બાબત કંઈ પૂછયું ક્યારેય પણ તમને
પણ થોડું ખુદને ચાહવા જેવું હતું કે નહિ!

ઈર્ષ્યા, અહમ કોઈ બાળે છે ત્યારે જુઓ છો પણ
ભેગા મળીને તાપવા જેવું હતું કે નહિ!

એકાદ ચહેરાને નિહાળી આંખ ભીની થઈ
થોડું ઘણું ત્યાં આસ્થા જેવું હતું કે નહિ!

આકાશ, પર્વતની જૂની થઈ ગઈ છે વાતો સૌ
પણ કોઈનું મન આંબવા જેવું હતું કે નહિ!

જોઈ તને દુનિયા મનોમન ખુશ થતી, કિંતુ
તારામાં થોડું ડૂબવા જેવું હતું કે નહિ!

હર કોઈને અજમાવે છે કાયમ 'પથિક' તું, પણ
ખુદને જરા અજમાવવા જેવું હતું કે નહિ!

**જૈમિન ઠક્કર 'પથિક'**



**મમ્મીઃ બેટા, તું આખો દિવસ મોબાઈલમાં શું કરે છે?**
**બેટોઃ મમ્મી, હું લોકો સાથે વાત કરું છું.**
**મમ્મીઃ કોના સાથે?**
**બેટોઃ જેઓને તમે કહેતા હતા – આ છોકરાઓ સાથે ન ફરતા!**

## ઉંચા વેરાના કારણે ગયા વર્ષે વિશ્વભરમાંથી શ્રીમંતોએ કરેલું સ્થળાંતર

ઉચ્ચ કર દર ધરાવતા દેશોમાંથી મોટી સંખ્યામાં શ્રીમંત વ્યક્તિઓ સ્થળાંતર કરી રહ્યા છે. એક અંદાજ મુજબ, ગયા વર્ષે વિશ્વભરમાંથી ૧,૪૨,૦૦૦ શ્રીમંત વ્યક્તિઓએ સ્થળાંતર કર્યું હતું. સૌથી વધુ સ્થળાંતર યુકે, ચીન અને ભારતમાંથી જોવા મળ્યું છે.

ભારત ટોચના ત્રણ દેશોમાં સામેલ છે. જયાંથી શ્રીમંત વ્યક્તિઓ સ્થળાંતર કરે છે. બ્રિટન આ યાદીમાં ટોચ પર છે. ગયા વર્ષે કુલ ૧૬,૫૦૦ શ્રીમંત વ્યક્તિઓએ દેશ છોડી દીધો હતો. તે પહેલાં ૨૦૨૪માં ૧૦,૮૦૦ શ્રીમંત વ્યક્તિઓએ પણ બ્રિટન છોડી દીધું હતું.

યુકેની અર્થવ્યવસ્થા લગભગ એક દાયકાથી નબળા પ્રદર્શન સામે સંઘર્ષ કરી રહી છે. આ સમયગાળા દરમિયાન સરકાર દ્વારા અમલમાં મૂકાયેલા કર સુધારાઓએ ધનિકો પર કરનો બોજ વધાર્યો છે, જેના કારણે તેઓ યુએઈ, મોનાકો, માલ્ટા જેવા દેશોમાં સ્થળાંતર કરવા લાગ્યા છે.

ન્યૂ વર્લ્ડ વેલ્થ અનુસાર, યુકે પછી, ચીનમાં ધનિક વ્યક્તિઓનું સૌથી વધુ સ્થળાંતર જોવા મળ્યું છે. ગયા વર્ષે વિશ્વની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા સમાન આ દેશમાંથી ૭,૮૦૦ ધનિક વ્યક્તિઓ સ્થળાંતરિત થઈ હતી.

ભારત આ યાદીમાં ત્રીજા ક્રમે છે, ગયા વર્ષે ભારતમાંથી ૩,૫૦૦ ધનિક વ્યક્તિઓ સ્થળાંતરિત થયા હતા. તેવી જ રીતે, દક્ષિણ કોરિયાથી ૨,૪૦૦, રશિયાથી ૧,૫૦૦, બ્રાઝિલથી ૧,૨૦૦, ફ્રાન્સથી ૮૦૦, સ્પેનથી ૫૦૦, જર્મનીથી ૪૦૦ અને ઈઝરાયલથી ૩૫૦ ધનિક વ્યક્તિઓ સ્થળાંતરિત થયા હતા. શૂન્ય કરવેરા ધરાવતા યુએઈને સૌથી વધુ ફાયદો થયો છે. ગયા વર્ષે વિશ્વભરમાંથી ૯,૮૦૦ ધનિક વ્યક્તિઓ યુએઈમાં સ્થળાંતરિત થયા હતા. યુનાઈટેડ સ્ટેટ્સ બીજા ક્રમે હતું. જેમાં ૭,૫૦૦ ધનિક વ્યક્તિઓએ પોતાનું નવું ઘર બનાવ્યું હતું. ઈટાલીમાં ૩,૬૦૦, સ્વિટ્ઝર્લેન્ડમાં ૩,૦૦૦, સાઉદી અરેબિયામાં ૨,૪૦૦, સિંગાપોરમાં ૧,૬૦૦, પોર્ટુગલમાં ૧,૪૦૦, ગ્રીસમાં ૧,૨૦૦, કેનેડામાં ૧,૦૦૦ અને ઓસ્ટ્રેલિયામાં ૧,૦૦૦ ધનિક વ્યક્તિઓએ પોતાનું નવું ઘર બનાવ્યું હતું.

## ૧૭ પ્રકારના કેન્સરનું જોખમ શાકાહારથી ૨૧ ટકા સુધી ઘટતું હોવાનું તુલનાત્મક તારણ

વર્લ્ડ કેન્સર રિસર્ચ સંસ્થાએ પ્રસિદ્ધ કરેલ અહેવાલ થોડા સમય પહેલાં જ બ્રિટિશ કેન્સર જર્નલમાં પ્રસિદ્ધ થયો છે. આ અહેવાલમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે આપણી ભોજનની આદતને કેન્સર સાથે સંબંધ છે. આ બાબતની પુષ્ટિ કરતાં સંશોધનોમાં જાણવા મળ્યું છે કે અલગ-અલગ પ્રકારના કેન્સર શાકાહારીઓની તુલનામાં માંસાહારીઓમાં વધારે પ્રમાણમાં જોવા મળ્યું હતું.

આના અભ્યાસ માટે સંશોધકોએ ૧૮ લાખ શાકાહારીઓ અને ૧૮ લાખ માંસાહારીઓ પર તુલનાત્મક અભ્યાસ કર્યો હતો. આ અભ્યાસમાં જણાયું હતું કે શાકાહારથી ૧૭ પ્રકારના કેન્સર જેમાં ખાસ કરીને પ્રોસ્ટેટ કેન્સર, બ્રેસ્ટકેન્સર અને સ્વાદુપિંડના કેન્સરનું જોખમ લગભગ ૨૧ ટકા સુધી ઘટી જાય છે. શાકાહારી મહિલાઓને બ્રેસ્ટ કેન્સરનું જોખમ માંસાહાર કરતી મહિલાઓની સરખામણીમાં ૯ ટકા જેટલું ઓછું જણાયું છે. કિડનીના કેન્સરમાં તો આ તફાવત બહુ મોટા પ્રમાણમાં જોવા મળ્યો છે. શાકાહારીઓની સરખામણીમાં માંસાહારીઓ પર કિડનીના કેન્સરનું જોખમ ૨૮ ટકા વધારે હોય છે.

વધુમાં આ વૈશ્વિક સ્ટડીમાં જણાયું હતું તે મુજબ વેજિટેરિયન અને વીગન ખોરાકથી ૧૭ પ્રકારના કેન્સરનું જોખમ લગભગ ૨૧ ટકા જેટલું ઘટે છે.

Owned & Published by Atul J. Shah
(Hi-Tech Vision) Feelings Multimedia Ltd., 102-104, Pacific Plaza, V.I.P. Road,
Karelibaug, Vadodara - 390018. (M) 98253 28488 Editor : Atul Shah

*Best wishes from*

**S.S. WHITE Technologies Inc.** & **SHUKLA MEDICAL®**

Universal Orthopedic Extraction Technologies

***175 years of rich history in manufacturing innovations***

S.S. White products are used in 98% of aircrafts flying today, in millions of automobiles, on the International Space Station, and have even gone to the moon.

SHUKLA Medical manufactures orthopedic surgical instruments such as hip and knee implant-extraction systems, used at all major U.S. hospitals.




**S.S. White Technologies** Milton Keynes, UK



**S.S. White Technologies** Wadhwan, Gujarat, India




**S.S. White Technologies Inc. Headquarters:** St. Petersburg, FL USA

**Rahul Shukla**
President & CEO

8300 Sheen Drive, St. Petersburg, FL 33709
**Phone: (727) 626-2800**

www.sswhite.net www.sswhiteaerospace.com www.shuklamedical.com

NSE
IPFT

SEBI
भारतीय प्रतिभूति और विनिमय बोर्ड
Securities and Exchange Board of India

# સેબી રજિસ્ટર્ડ
# કોઈ પણ ઈન્ટરમીડિયરીને
# સુરક્ષિત ચુકવણીઓની ખાતરી અર્થે સેબીએ
# "માન્યતા પ્રાપ્ત યુપીઆઈ હેન્ડલ્સ" રજૂ કર્યાં




**સારથી એપ ડાઉનલોડ કરો**
**સેબી અને એનએસઈની રોકાણકાર જાગૃતિ પહેલ**